કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

કારતક · ઓગણીસ સો અઠ્યાશી

તંત્રી · રવિશંકર રાવળ

૯૫ મો અંક




સૃષ્ટિસૌંદર્ય : ફોટો · જયંત ખાંડવાળા · ગઈ ઉચ્ચ શ્રેણી હરીફાઈમાં પ્રશંસાપાત્ર ગણાએલો ફોટો





તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨ **જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ** મેસર્સ રાવલ બ્રધર્સ મૂળજી જેઠા બિલ્ડિંગ પ્રિન્સેસ સ્ટ્રીટ



વૈષ્ણવજન

ચિત્રકાર : કનુ દેસાઈ

કુમાર

કારતક
૧૯૮૮



આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

મને

• પૃથ્વી •

મને કવણ ચાહશે ? સકળનાં દિલોને વિષે
રહેલ પ્રણયાગ્નિને જગવવા મથંતો કદિ
જઉં સળગી હું જ, ને હૃદય રાખ મારું બને:
તદા દિલવિહીન હું વિરસને શું કો ચાહશે?

મને કવણ બાળશે ? સમરમાં ખપ્યા જોધની
ચિતા સળગતી કરી, બચલ હું લડી એકલો
મરું, અરિગણો કરી વિજય લૂંટ નાસી જતાં,
પડેલ સમરે મને કવણ આવી ત્યાં બાળશે ?

મને કવણ સૂંઘશે ? શિવતણા શિરે પુષ્પ થૈ
ચડું; સકળ લોક 'મિષ્ટ સુરભિ કશી આ?' વદી
પ્રતૃપ્ત બનશે; નિશાસમય પુષ્પ પૂજારી તે
લઇ ફગવશે: મને વિરસને તદા કો સૂંઘે ?

મને હૃદયહીનને, વિગતપ્રાણને, ઊતર્યા
સૂકા કુસુમને જ શું ? કવણ પ્રશ્ન પૂછું હવે ?

સુન્દરમ



વાતાવરણમાં વિષમતા, નિરાશા અને અંધકારના ઓળા પડવા માંડે છે ત્યારે ઘણા માણસો દિશાભાન ભૂલી ગભરાટ મચાવે છે, અથવા નિષ્ક્રિય થઇ ટૂંટિયાં વાળી બેસી જાય છે; અને હવે કોઇ જ આરો રહ્યો નથી એવી નાસિપાસી અનુભવતા, જેવી મળે તેવી જિંદગી ભોગવવાનું ગુલામી ખત પોતાને હાથે જ તૈયાર કરી સ્વીકારી લે છે. આ સ્થિતિનો વારસો આપણા દેશના વિદ્યાર્થીઓમાં બહુ જ ઊતર્યો છે. ઘર, નિશાળ અને અંધિયાર સમાજે તેમના આદર્શોને ઘેરી તેમને કૂપમંડુક બનાવી દીધા છે. નીરસ પ્રાણહીન ધર્મચેષ્ટાઓ તથા સ્વાર્થ અને દંભ પૂરતા સમાજ-વ્યવહારોમાં પલોટાઈ તેઓ પાખંડી રીત-રિવાજના ગુલામ બની રહ્યા છે અને માબાપો યે ખ્યાલ ન કરી શકે એવી જડ કેળવણીનાં ચોકડાં ખમી રહ્યા છે.

એક દિવસે એ ઘર અને કેળવણી બંનેથી તે છૂટો પડે છે ત્યારે જ તેને સમજાય છે કે અત્યાર સુધીના પ્રયોગોમાં તે એક લાચાર પ્રાણી બની રહ્યો છે. તે સમાજ સામે બળાપો માત્ર કરે છે, બંડ કરી શકતો નથી—જંગ માંડી શકતો નથી. કેળવણીને તે શાપે છે, પણ સામું તડ બાંધી શકતો નથી. વ્યવહારની સાંકળો તેને અકળાવે છે, પણ તે ફંગોળી દઇને સ્વતંત્ર આપધારી દિશામાં ગતિ કરી શકતો નથી.

વિદ્યાર્થીને જીવવા પૂરતી યે હવા ન મળે એવી સમાજરચના અને રાજશાસનના ક્રૂર પંજામાંથી તેને કોણ મુક્ત કરે, કોણ તેને પ્રેરણા અને ઉત્સાહની ઊર્મિઓ પાઈ દેશના જંગનો અગ્રણી બનાવે? માબાપો, વેપારીઓ, અધિકારીઓ અને છેવટે સરકારી કેળવણીના જાસુસો તરફ નજર ફરીને પાછી આવે છે. વિદ્યાર્થીઓની લાખોની સંખ્યા માટે એમાંના કોઇને વિચાર, માન કે લાગણી નથી, તેમના ભવિષ્યની ચિંતા નથી. કેળવણીખાતાની નોકરી કરતો કોઇ પણ વિદ્વાન એવો નથી દેખાતો કે જે એ વાઘના મોંમાં હાથ ઘાલી કહે કે આ કેળવણી જૂઠી છે; લાખો જીવનની તે બરબાદી કરી રહી છે. સરકારની કેળવણીથી મળતા અધિકારો એક પાખંડી રમત છે; એની પાછળ રાજતંત્ર મજબૂત કરવાનો છુપો મંત્ર છે. એ કેળવણીની બધી યે આંટીઓ વટાવી ઉચ્ચ પદે પહોંચેલા સમર્થ વિદ્યાર્થીઓનો અનુભવ છે કે છેવટની હરીફાઇમાં યે હિંદી વિદ્યાર્થીને વર્ણભેદનો દંડ ભોગવવો પડે છે. રાજ્યની ગુપ્ત મંત્રણાઓમાં તેને અધિકાર મળતો નથી. પ્રજા સ્વતંત્ર બને એવો મંત્ર આ કેળવણીની કોઇ રગમાં યે નથી.

વિદ્યાર્થીઓ માટે તો હવે ઝૂઝવાનો જ રસ્તો રહ્યો છે. શાળા અને કૉલેજમાં જેમ થોડાં વર્ષો બગાડ્યાં તેમ જીવનના માર્ગ શોધવાને પણ તેણે ઝૂઝવું પડશે. આજે સ્થિતિ એવી છે કે વિદ્યાર્થી જ વિદ્યાર્થીને મદદ કરી શકશે. કુટુંબ, શાળા કે સમાજ તેને હાથ આપવા અસમર્થ દેખાય છે.

જર્મનની આપખુદ સત્તાએ રાજ્યસ્વાર્થ માટે દેશનાં બાળકોને વેર અને યુદ્ધના નાદે ચડાવી બલિદાન બનાવ્યા. છેવટે દેશને મહા પરાભવ પછી ભાન આવ્યું કે જેમને યુદ્ધના પરિણામથી જરા યે લાભ કે સ્વાર્થ નહોતો એવી પ્રજા નાહક ભોગ બની ગઈ છે, પરદેશોની અસહ્ય ખંડણી અને ગુલામી શરતોમાં કચરાઇ રહી છે. એટલી નિરાશાભરી હાલતમાં યે ત્યાંનો યુવાન અને વિદ્યાર્થી વર્ગ ધખી ઊઠ્યો છે અને ન શાળા કે ન કુટુંબની પરવા રાખી દેશની હાલત સુધારવા મથી રહ્યો છે. તેમાં તેમના મુખ્ય સિદ્ધાંતો સ્વાશ્રય અને સ્વાનુભવ. તેમણે બતાવ્યું કે બાર કે ચૌદ વર્ષના વિદ્યાર્થીઓ ઘર છોડી સ્વાશ્રયથી વિદ્યા, ધંધો અને પદવી મેળવી શકે છે અને માત્ર એક કુટુંબ કે ગામનો જ નહિ પણ સારી યે પૃથ્વીનો સંબંધ પામી શકે છે. કુમારો અને કન્યાઓ વર્તનને ડાઘ લાગવા દીધા સિવાય અનેક આનંદ-સમાગમો અને ઉત્સવો માણી શકે છે. પૈસા

સામે પાને

આપેલા 'કુમાર'ના શતાંકને લગતા વિજ્ઞાપન તરફ 'કુમાર'ના સૌ પ્રશંસકો અને ગ્રાહકોનું અમે ધ્યાન ખેંચીએ છીએ. એ અંક કદ અને ગુણ બંનેમાં ખૂબ સમૃદ્ધ કરવાની અમારી અભિલાષા છે. 'કુમાર'ના સામાન્ય અંકો પણ જ્યારે બીજા કરતાં સદા વિશિષ્ટ હોય છે ત્યારે એના ૧૦૦મા અંકના ઉત્સવનો વિશેષાંક કેટલો વિશિષ્ટ હશે તે સહેજે કલ્પી શકાશે. એની છૂટક નકલની કિંમત ગ્રાહક નહિ હોય તેમને આશરે રૂ. ૨-૦-૦ પડશે. ગ્રાહકોને તો તે અલબત્ત ચાલુ લવાજમમાં જ મળશે. પોતાના ભેરૂ 'કુમાર'ના અંકોની હારમાળા અખંડ સાંધી રાખીને એ માળાના મેર જેવા ઉજ્જવલ એ ઉત્સવ-અંકે પહોંચવા કયો ગ્રાહક ઉત્સુક નહિં હોય? એ સૌ ઉત્સુકોને માટે લવાજમનું કાર્ડ આ અંક સાથે સામેલ છે. —વ્યવસ્થાપક

અને સુખસગવડમાં જે સ્ફુરણા, જે આનંદ નહોતાં મળતાં તે ગામડેગામડે રખડવામાં અનેક નવાનવા સમવયસ્કોની સોબતમાં ગાન, ઉદ્યોગ અને ઉત્સવો દ્વારા મેળવે છે. કુદરતનાં ભવ્ય દૃશ્યો અને તંદુરસ્તીની લિજ્જતમાં ગરીબીની ઊણપો, ભૂલાઈ જાય છે.

બાવાઓ અને સાધુઓને જો આ દેશમાં મઠો અને જગ્યાઓ મળતાં મુશ્કેલી નડતી નથી તો દેશમાં પ્રાણસંચાર કરતા વિદ્યાર્થીઓનાં જૂથને કોઈ વાત મુશ્કેલ નહિ જ પડે. ગામેગામની યાત્રાઓ કરતાં દેશની ખરી જનતાના પરિચયમાંથી જે પાઠો અને જ્ઞાન મળી શકે, જીવનકલહ દૂર કરવાના વિચારો સૂઝે તે કોઈ પણ કેળવણીની સંસ્થા ન જ આપી શકે. તેઓ પડી ભાંગતા ખેડુતોના સાથમાં જોડાઇ તેને અજ્ઞાન અને સત્તાના ત્રાસાથી બચાવી ખેતી મારફતે પણ ઉદ્ધાર સાધી શકે. એકસંપ કરી વિદ્યાર્થીઓની ટોળીઓ નાનાં કારખાનાં, રમકડાં અથવા એકાદ જનોપયોગી બનાવટ માત્ર નિર્વાહ પૂરતા બદલાથી ચલાવવા તૈયાર થઇ જાય તો તેને નભી રહેવાને મુશ્કેલી ન જ પડવી જોઇએ. સ્વરાજ આવશે ત્યારે જ બધું થશે એમ માની રહેલા વિદ્વાનો અને યુવાનો આજથી આ દેશના વિદ્યાર્થીસમુદાયને હાથમાં લઇ સાધન અને સહાય આપશે તો ખરે વખતે તૈયાર માણસો મળી રહેશે. ધર્મ, તીર્થ અને સમાજની ખોટી પ્રતિષ્ઠા માટે દાનવ્યય કરનારા ગૃહસ્થો વિદ્યાર્થીઓ માટેનાં સ્વાશ્રયગૃહો અને ઉદ્યોગભવનો સ્થાપવામાં હાથ લંબાવશે તો થોડા જ વખતમાં તેઓ તેમનો ભાર ઉઠાવી સમાજને અને કુટુંબોને તેમના ભરણપોષણની ચિંતાથી બચાવી નવી સંસ્થાઓ જીવતી કરશે.

આ અંકના છેલ્લે પાને શ્રી રામનને અપાએલો ચંદ્રક છપાયો છે તે નોબેલ પ્રાઇઝનો નહિં પણ બૅંગલોરના સાયન્સ એસોસીએશને એમને અર્પણ કરેલો તે.

'કુમાર'નો શતાંક

ચૈત્ર '૮૮


'કુમાર'ના વાચકો, મિત્રો અને પ્રશંસકોને જાણીને આનંદ થશે કે 'કુમાર' થોડા જ વખતમાં ૧૦૦ અંકની અવધે પહોંચશે. પૂરાં આઠ વર્ષ અને ઉપર ચાર માસની કારકિર્દીનો સરવાળો આપતો એ અંક સર્વને આકર્ષણરૂપ બને અને સાહિત્ય, કલા તથા જીવનનો એક અનુપમ સંગ્રહ બને તેમ કરવાને અમે આજથી અતિશય ચીવટ અને ઇંતેજારી ધરાવીએ છીએ. આ ઉમેદ પાર પાડવાને અમે 'કુમાર'ના સર્વ શુભચિંતકોનો સહકાર માગીએ છીએ. સાક્ષરો અને વિદ્વાનો, કવિઓ ને કલાકારો, અનુભવીઓ અને રસિક વાચકો સૌને અમારી આગ્રહભરી વીનવણી છે કે તેમની શક્તિનો જે બને તે ફાળો એ અંકનાં પૃષ્ઠો માટે મોકલી આપશો.

કુમારમાં જેમણે જેમણે લેખો લખ્યા છે તે બધાની છબીઓ અને ટૂંકાં જીવનવૃત્ત આપવાની પણ અમારી અભિલાષા છે. તો જેમને આ સંદેશ પહોંચે તેમને સૌને સવેળા પોતાના ફોટોગ્રાફો અને જીવનકથા મોકલવાની વિજ્ઞપ્તિ છે.

'કુમાર' અને કુમાર કાર્યાલયના સીધા કે આડકતરા પરિચયમાં આવેલાં સર્વ કુમાર–કુમારીઓ ને મિત્રોને ખાસ વિજ્ઞપ્તિ છે કે 'કુમાર'ની પ્રવૃત્તિ મારફત તેમને જે કંઈ લાભ, અનુભવ કે સંસ્મરણ મળ્યાં હોય તે લખી મોકલે ને એ રીતે 'કુમાર'ના વ્યાપક જીવનની નોંધ કરવામાં મદદગાર બને. 'કુમાર' જેમને આનંદ કે પ્રેરણા આપનાર થયું હોય તે બધાંને પોતાના ઉદ્ગારો પ્રકાશિત કરવાની આ ઉત્તમ તક છે; એટલે રસિક વાંચનારાઓ વધુ નહિ તો એક પોસ્ટકાર્ડ અવશ્ય લખી મોકલે.

'કુમાર'નાં પ્રેમી ને ભાવુક ગ્રાહકોને તો અમારે કશું કહેવાપણું રહેતું નથી. આજ લાગટ આઠ વર્ષથી જેમણે તેની ગ્રાહકસંખ્યામાં વર્ષોવર્ષ ઉત્તરોત્તર અભિવૃદ્ધિ જ કર્યા કરી છે તેમનો પ્રેમ ને ભાવ સદા અમારી સાથે છે એ શ્રદ્ધાથી જ અમે આગળ ધપીએ છીએ. અમારી ખાતરી છે કે આ શતાંકના ઉત્સવ–વર્ષમાં પણ અમને એમનો સહકાર હશે જ.

૧૦૦



પુરુષાર્થની
પ્રતિમૂર્તિ જે ગ્સ

માર્ગરેટ અને મૅકડોનલ્ડનું ગૃહજીવન અત્યંત સુખી અને સાદું હતું. Plain living and high thinkingનું સૂત્ર બંને જણે જીવનમાં વણી દીધું હતું. એક લેખક મૅકડોનલ્ડના એ જીવનનું રસિક ચિત્ર આપતાં કહે છે કે એ વખતનું મૅકડોનલ્ડનું ઘર એટલે 'ચોપડીઓ ને છોકરાંઓનો ખીચડો' 'a medley of Blue Books and Children'. એ પતિપત્ની બંનેનો લગભગ બધો જ વખત જાહેર પ્રવૃત્તિઓમાં જ જતો, અને ઘેર પણ કામના વિચારને અંગે મસલતો કરવામાં અને ગોઠવણો કરવામાં જ સમય વ્યતીત થતો. માર્ગરેટ મજૂર બાળકોને ભણાવવામાં અને દર્દીઓની માવજત કરવામાં વખત ગાળતી અને બાકીનો સમય મૅકડોનલ્ડની પ્રવૃત્તિઓમાં યત્કિંચિત સહાયભૂત થવામાં જતો. મૅકડોનલ્ડને તો ઘડીભરનો આરામ નહોતો. એક બાજુ સ્વતંત્ર મજૂર પક્ષનું સંગઠન કરવાનું હતું અને બીજી બાજુ મજૂર મહાસભાને પોતાને પક્ષે લેવા જબ્બર પ્રચારકાર્ય કરવાનું હતું. મૅકડોનલ્ડ અને કેર હાર્ડી બંનેનો દૃઢ વિશ્વાસ હતો કે વિલાયતના Trade Unions—મજૂર મહાજનો 'સ્વતંત્ર મજૂર પક્ષ'ની રાજકીય નીતિને અનુસરે અને તેને ટેકો આપે તો જ સમાજવાદની પ્રગતિ થાય. મૅકડોનલ્ડ અને એના મિત્રો વિલાયતનો ખૂણેખૂણો ફરી વળ્યા, મજૂરો અને મજૂર નેતાઓ સાથે વાટાઘાટ કરીકરીને એમને પોતાની વાત સમજાવી અને વર્ષોની મહેનત પછી સને ૧૮૯૯માં મજૂર મહાસભાએ (Trade Union Congress) એ

રામ્સે મેકડૉનલ્ડ

'સ્વતંત્ર મજૂર પક્ષ'ની ભલામણ સ્વીકારી અને પાર્લમેન્ટમાં વધારે મજૂર સભ્યો કેવી રીતે મોકલી શકાય તેની વ્યવહારૂ યોજના ઘડી કાઢવા એક સમિતિની નિમણૂક થઈ. આ સમિતિના મંત્રી તરીકે કોની વરણી કરવી તે મોટી ચિંતાનો વિષય થઇ પડ્યો. કેર હાર્ડી અને બર્નાર્ડ શૉ તથા બીજા સભ્યોની નજર મૅકડોનલ્ડ પર ઠરી. એને સાતઆઠ વર્ષનો મજૂર કાર્યકર્તા તરીકેનો બહોળો અનુભવ હતો; એનામાં વ્યવસ્થા અને સંગઠનની અદ્‌ભુત શક્તિ હતી; આદર્શ માટે તનતોડ મહેનત ઉઠાવવાની હોંશ હતી; ભવિષ્યનો માર્ગ સૂચવવા જેટલી કલ્પના પણ એનામાં હતી.

મૅકડોનલ્ડની એ યોગ્ય પસંદગીથી વિલાયતની મજૂર ચળવળને જે અપૂર્વ વેગ મળ્યો તેની સાક્ષી તો મજૂર પક્ષનો ઇતિહાસ જ પૂરી શકે. દસ વર્ષ પહેલાં જે યુવાન બેકાર દશામાં લંડનના વિશાળ રસ્તાઓ ઉપર ભટકતો હતો તે ત્યાંની મજૂર પ્રવૃત્તિનો સૂત્રધાર થઇ પડે એ આશ્ચર્યજનક લાગશે; પરંતુ એમાં નવાઇ પામવા જેવું કશું નથી. આજે મજૂર ચળવળે જે વ્યાપક સ્વરૂપ પકડયું છે તેની આછીસરખી છાયા ક્ષિતિજમાં પણ દૃશ્યગોચર નહોતી તે સમયની આ વાત છે.

મૅકડોનલ્ડ અનેક પ્રવૃત્તિઓમાં ગુંથાએલો હતો, ઉદર પોષણની ચિંતા તો હતી જ; તેમાં વળી આ નવું કામ ઉમેરાયું. દરરોજ એને કલાકો સુધી એકધારૂં કામ કરવાનું હતું, અને પક્ષ બળવાન બનાવવા માટે બને તેટલો વધુ સમય આપવાની જરૂર હતી. આ કામ સેવાનું હતું. એમાં એક પાઇની પણ કમાણી નહોતી. જે ચળવળના નેતાઓ પોતે જ ગરીબ હોય તેમને પગારદાર માણસો રોકી પ્રચાર કરવો કેમ પાલવે? મૅકડોનલ્ડે પોતે તો આ તક વધાવી લીધી, કારણકે એને તો ખાતરી હતી કે વહેલા મોડા પણ વિલાયતના શ્રમજીવીઓનો વિજય થવાનો એ નિઃસંશય હતું.

મૅકડોનલ્ડ, કેર હાર્ડી, બર્નાર્ડ શૉ ને બીજા ઉત્સાહી મજૂર નેતાઓએ મળી નવા પક્ષની નીતિ તથા કાર્યક્રમ ઘડી કાઢ્યાં અને ઇ.સ. ૧૯૦૦ના ફેબ્રુઆરી માસની ૨૭મી તારીખે લંડનમાં એક નાનકડી સભા સમક્ષ આ કાર્યક્રમ રજુ થયો અને મૂડીવાદના ભેદી કિલ્લા ઉપર હલ્લો કરવાની યોજના નક્કી થઇ. કોઈ પત્રે આ સભાની નોંધ સરખી પણ ન લીધી, કોઇના કાનમાં દૂર-દૂર ગાજતા વિજયી શ્રમજીવીઓની કૂચના પડઘા પણ ન પડ્યા. ફક્ત એક પુરુષ—એક સ્વપ્નદ્રષ્ટા આ જોઇ શક્યો. એ પુરુષ આજે બ્રિટિશ સામ્રાજ્યનો મહામંત્રી છે—ગઇ કાલ સુધી જે મજૂર પક્ષનો નેતા હતો.

પણ એ સમય આવવાને તો હજી ઘણો વખત હતો. એ વખતે તો પાર્લમેન્ટમાં પૂરા પાંચ સભ્યો પણ મજૂરો તરફથી નહોતા. પણ હવે એક મુશ્કેલી દૂર થઇ હતી. અત્યાર સુધી ઉદાસીન રહેલાં મજૂર મહાજનોની આંખો હવે ઉઘડી હતી. એમને સૌને ગળે મૅકડોનલ્ડની વાત ઊતરી હતી.

ધર્મસંકટ

પણ ઓગણીસમી સદીના શેષભાગમાં એક એવો બનાવ બન્યો કે જેને લીધે મૅકડોનલ્ડના સિદ્ધાંતોની કસોટી થઈ. ચેમ્બરલેન અને મિલ્નરની રાજનીતિથી દોરાઈ ઈંગ્લંડે દક્ષિણ આફ્રિકામાં વસતા બોઅરો સાથે યુદ્ધ જગાવ્યું. સમાજવાદી તરીકે મૅકડોનલ્ડ આ નીતિને ટેકો આપે એ અશક્ય હતું. માનવપ્રેમ અને કારુણ્યની પ્રબળ ભાવના સ્વદેશના સીમાડામાં જ પૂરાઈ રહે એટલી સંકુચિત નથી. મૅકડોનલ્ડે જાહેર કર્યું કે સમાજવાદીઓ અને મજૂરોએ વિલાયતની રાજનીતિનો ખુલ્લો વિરોધ કરવો જાઇએ. તેના કેટલાક સાથીઓને આ ન રૂચ્યું. આ પ્રશ્ન ઉપર ગરમાગરમ ચર્ચાઓ થઈ. પરિણામે મૅકડોનલ્ડને Fabian Society (ફૅબીઅન સોસાએટી)માંથી રાજીનામું આપવું પડ્યું. આ દુઃખદ પ્રસંગને લીધે મૅકડોનલ્ડને સમાજમાં પણ ખૂબ સહન કરવું પડ્યું. પરંતુ સિદ્ધાંતવાદી તરીકે એની ફરજ સ્પષ્ટ હતી. કર્તવ્યપથ વિષમ જાણી પાછો હઠે એવો ભીરૂ એ નહોતો.

પાર્લમેન્ટમાં મજૂર પક્ષની સ્થાપના થયે થોડો જ સમય વીત્યો હશે ત્યાં ચૂંટણી આવી પહોંચી. મજૂર પક્ષ તરફથી પંદર સભ્યો બહાર પડ્યા તેમાંથી ફક્ત ત્રણ જ ચૂંટાયા. મૅકડોનલ્ડ પોતે નિષ્ફળ નીવડ્યો.

મૅકડોનલ્ડનું ખરું કાર્ય તો બહાર જ હતું, એટલે આ હારથી મજૂર પક્ષને કશું ખાસ નુકસાન ન ખમવું પડ્યું. ઊલટું ૧૯૦૦થી ૧૯૦૬ સુધીનો જે સમય તેને બહાર મળ્યો તે દરમ્યાન મૅકડોનલ્ડે મજૂર પક્ષનું સંગઠન મજબૂત બનાવવામાં, સ્થળે સ્થળે એની શાળાઓ સ્થાપી દેશભરમાં નવા વિચારો ફેલાવવામાં ગાળ્યો. ઉપેક્ષા, ઉદાસીનતા ને વિરોધ ગળી જઇ, ખટપટ અને પ્રપંચથી મુક્ત રહી મૅકડોનલ્ડે આ છ વર્ષ દરમ્યાન અવિશ્રાંત કાર્ય કરી ભવિષ્યની ચૂંટણી માટે ક્ષેત્ર તૈયાર કર્યું.

પાર્લમેન્ટમાં

૧૯૦૬ની ચૂંટણીનું પરિણામ મજૂર પક્ષની દૃષ્ટિએ સંતોષકારક ગણાય. ૫૦ ઉમેદવારોમાંથી ૨૯ ચુંટાયા, અને પહેલીજવાર દેશની ધારાસભામાં મજૂરોનો અવાજ રજુ કરનાર એક બળવાન પક્ષ અસ્તિત્વમાં આવ્યો. એ સમયે બહુ ઓછાને ખ્યાલ હતો કે વિલાયતના ભાવી ઇતિહાસમાં આ પક્ષનો ફાળો અત્યંત મહત્વપૂર્ણ થવાનો છે. પરંતુ મૅકડોનલ્ડ્‌ને પોતાને તો ભાવિ વિષે જરા યે શંકા નહોતી. જે સામાજિક ગેરવ્યવસ્થાને પરિણામે ઉચ્ચનીચના ભેદ ઉપસ્થિત થયા છે અને મૂઠીભર મૂડીવાદીઓના તરંગ પર લાખો ને કરોડો શ્રમજીવીઓના જીવનનો આધાર છે તે વ્યવસ્થા તોડવા માટે નવાં બળો સર્જાય એ અત્યંત સ્વાભાવિક હતું. સદાકાળ માટે આમ વર્ગ જડ દશામાં પડ્યો રહે એ અશક્ય હતું. આ સીધી સાદી વાત પણ ન માનનાર એ જમાનામાં અનેક હતા; અરે, અત્યારે પણ છે.

આટલાં વર્ષો સુધી અથાગ શ્રમ કરીને જે વિચારો મૅકડોનલ્ડે સેવ્યા હતા, તે અમલમાં મૂકવાનો હવે સમય આવ્યો. એણે નિશ્ચય કર્યો કે કાં તો પાર્લમેન્ટમાં જઇ કાંઇક અવનવું કરી બતાવવું યા તો રાજકીય ક્ષેત્રમાંથી બહાર ચાલ્યા જવું. મજૂરોને જો સત્તા પર આવવું હોય કે સામ્રાજ્યના સૂત્રધાર થવું હોય તો એમણે પણ રાજનીતિના અનેક અટપટા પ્રશ્નોનો અભ્યાસ કરવો જોઇએ. આ દૃષ્ટિએ મૅકડોનલ્ડે બ્રિટિશ સંસ્થાનોની મુલાકાત લઇ એ પ્રશ્નનો અભ્યાસ કર્યો. રાજ્યબંધારણ અને પરદેશ નીતિ એ બે પ્રશ્નો તો મૅકડોનલ્ડના ખાસ રસના વિષયો હતા, અને એ પાર્લમેન્ટમાં દાખલ થયો તે પહેલાં જ આ વિષયોનો સંપૂર્ણ અભ્યાસ એણે કરી લીધો હતો.

૧૯૦૬થી ૧૯૧૫નો કાળ એ મૅકડોનલ્ડના જીવનનો રચનાત્મક કાર્યનો કાળ—Creative period ગણી શકાય. પાર્લમેન્ટમાં આ વખતે લિબરલ પક્ષ જોરમાં હતો અને આ પક્ષની નીતિ ટોરી કરતાં કાંઇક અંશે વધુ ઉદાર હતી. વડા પ્રધાન મિ. કેમ્પબેલ બૅનરમેનને પણ લાગેલું કે જો મજૂરોને સંતોષવા કશું પણ નહિ કરવામાં આવે તો ભયંકર અસંતોષ જાગૃત થશે અને સામાજિક વ્યવસ્થામાં ભીષણ ઉથલપાથલ મચશે. સમયનો પ્રવાહ કઇ દિશામાં વળે છે એની કાંઇક ગંધ એને આવેલી; પણ એ વિચક્ષણ પુરુષે માની લીધું કે થોડી છૂટછાટો મૂકવાથી ચળવળ શાંત પડી જશે.

૧૯૦૬ની ચૂંટણીમાં એક પ્રશ્નને લીધે મજૂરો ખૂબ જ ઉશ્કેરાઇ ગયા હતા. Taff Valeના કેસમાં વડી અદાલતે મજૂર મહાજનના પ્રાથમિક અને નૈસર્ગિક હક્ક પર તરાપ મારતો એક ચુકાદો આપ્યો હતો. કાયદો મજૂર મહાજનોને કશું રક્ષણ ન આપે તો મજૂરો કાયદેસરની લડત પણ ન ચલાવી શકે અને એમનો વિકાસ અટકી પડે ! આ કાયદામાં યોગ્ય સુધારા કરાવવા હોય તો મજૂર હિત જેને હૈયે હોય તેવા સભ્યોને જ મોકલવા જોઇએ. આ હેતુથી મજૂર મહાજનોએ નવા પક્ષને પૂરો સાથ

મુક્ત નિર્ઝર

• ઉપજાતિ-વંશસ્થ •

પહાડનાં પથ્થર-બંધનોમાં,
અંધારનાં ભીષણ કૈં પડોમાં,
વિલાપનું એકલ ગાન ગાતું,
ને આંસુડાંએ મુજ ઉર વ્હેતું.

આમંત્રતો એક દિને સુણ્યો મેં
સિંધુ તણો સાદ સ્વતંત્રતાનો;
એ પ્હાડના વજ્જર બંધ તોડી
વિશાળ ઉર્વી ઉર આવવાનો.

કૂદી રહ્યો અંતરપ્રાણ મારો,
પહાડના વજ્જર બંધ તોડવા;
ને ઊર્મિઓ અંતર ઉછળી રહી
પૃથ્વીતણે ઉર વિશાળ દોડવા.

કરાડનાં બંધન સર્વ તોડયાં,
ધરી ઉરે જીવન-નીર દોડયાં;
નાચી રહું સર્વ નિસર્ગ ભેટી,
સિંધુ મહીં મુક્ત હું જાઉં લેટી.

પ્રહ્લાદ પારેખ

આપ્યો હતો.

મજૂર હિતના દરેકે-દરેક પ્રશ્નની ચર્ચામાં મૅકડોનલ્ડે પોતાની સબળ દલીલો, સર્વગ્રાહી બુદ્ધિ અને અસરકારક વક્તૃત્વથી સરકારના ખરડાઓમાં યોગ્ય સુધારાઓ કરાવ્યા. બેકારીના પ્રશ્ન ઉપર ભાર મૂકી તે માટે સરકારે કાંઇક માર્ગ કાઢ્યા વિના છૂટકો જ નથી એમ ઠસાવ્યું. આ બધાને પરિણામે ૧૯૦૯ના બજેટમાં લૉઈડ જ્યૉર્જે જાહેર કર્યુંકે દેશનો ભૂખમરો અને ગરીબી, દારિદ્ર્ય અને રોગ ટાળવાં હોય તો મોટું ખર્ચ કરવું જ પડશે. કૉન્ઝરવૅટિવો માટે આ વસ્તુ અગ્રાહ્ય અને અકલ્પનીય હતી; પરંતુ નવા પક્ષનું જોર દિનપ્રતિદિન વધતું જતું હતું ને એની અવગણના કરી પાલવે તેમ નહોતું.

અપૂર્વ ચેતન

જે પોતાના હક્ક અને અધિકાર વિષે જાગૃત થયો હોય તેને જગતમાં ક્યાંય પણ શાંતિ મળતી નથી. જ્યાં સુધી લક્ષ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી એ જંપીને બેસી શકતો નથી. વિલાયતના મજૂરોનું પણ એમ જ હતું. સમાજવાદના નૂતન વિચારોએ મૂડીવાદની જાળ તોડી નાખી હતી. એમની આસપાસ એમને રૂંધીને પડેલી માયાજાળ વિચિત્ર નાખી હતી. પોતાની આંતરશક્તિનું ભાન થતાં એમનામાં નવું ચેતન આવ્યું હતું. એ ચેતનનું પરિણામ ઔદ્યોગિક અશાંતિમાં આવ્યું. ૧૯૧૦, '૧૧ તથા '૧૨નાં વર્ષો દરમ્યાન નાની મોટી અનેક હડતાળો પડી. લગભગ દરેક ઉદ્યોગના મજૂરોએ બળવો જગાવ્યો. મૅકડોનલ્ડનું કામ આથી અનેકગણું વધ્યું. મજૂરોના સર્વમાન્ય નેતા તરીકે આ લડતો ઉપર એને દેખરેખ રાખવી પડતી, તથા માલિકો સાથે સમાધાનીની વાતચીતો કરવી પડતી. શ્રમ ને સ્વાસ્થ્યની જરા યે પરવા કર્યા વિના એ દેશના એક ખૂણેથી બીજે ખૂણે આથડતો. અંગત સુખ કે કૌટુંબિક સગવડને ખાતર મૅકડોનલ્ડે કદી પોતાનું કાર્ય અળગું કર્યું નથી. ૧૯૧૧ના ઑગસ્ટમાં રેલવે કામદારોની જબ્બર હડતાળ પડેલી અને બધો વ્યવહાર અટકી પડેલો. મૅકડોનલ્ડની પત્ની મરણશય્યા પર છેલ્લા દમ ઘૂંટતી હતી; હડતાળને

મૈયાને સમર્પણ

[અનુષ્ટુપ • ઉપજાતિ • મંદાક્રાંતા • વસંતતિલકા]

અંધારી રાત્રિને ઉરે વાદળી કો જતી ગળી,
અશ્રુની અંજલિઓ મા-પદે એવી હતી ઢળી.

ઢાળ્યાં હતાં જીવનનાં અમૂલાં
હૈયાં નીચોવી રવમૂક નીર;
ન્હોતું લહ્યું કે વહીઆં અટૂલાં
એ પૂરશે ધોધ રૂપે ખમીર.

લજ્જાથી, ચૂપકીથી એ દિલનું દર્દ નીતર્યું,
અંધારૂં આત્મગુહાનું રાત્રિઅંધારમાં ભળ્યું.

એવી વહી શાંત કંઇ નિશાઓ,
સૂની અગોતી રહી સૌ દિશાઓ;
વહી પરંતુ નહિ તેહ રાત,
જેનું ઊગ્યું મંગલ સુપ્રભાત.

જ્યારે વાગી સુભગ રણભેરી, સહુ વીર ચાલ્યા
ભેટી મૃત્યુ મરણ જીતવા, એ રણે કૈંક મ્હાલ્યા;
ફેલી ગાથા ઘરઘર વીરક્ષેત્ર ધારાસણાની,
ખારાઘોડા ઉપડી ટુકડી એક ત્યાં સૈનિકોની.

એમાં તો કૈં દૂધમલ હતા, કૈંક તો નૌજવાન,
મા ! તારાં બંધન છુડવવા, અર્પવા કાજ પ્રાણ;
માથાં ફૂટ્યાં, શરીર લથડ્યાં, ને વહી રક્તધારા,
બૂઝાવી'તી જીવનરુધિરે ચંડિકાની પિપાસા.

લલાટે હો ભલે સિંદુર, ને કપોલે ય લાલિમા,
ઊછરી ગુર્જરી દૂધે, એને શી રક્ત–રક્તિમા ?

રક્તથી કંપતા એવા ગુર્જરી બાળકો ભીરુ,
કુસુંબી રંગ સીંચેલા નંદતા સમરાંગણે.

ત્યાં એ દિને ચમક ઓર નિહાળી વ્યોમે,
દીઠાં અદીઠ નવ ભાનુ તણાં સુતેજ;
સ્વાતંત્ર્ય-ઉજ્જ્વલ દીઠું બલિદાન ભોમે,
તુંને ય શોણિતભીની નીરખી સતેજ.

વીતી રાત્રિ, વહ્યાં તેજ, નવા રંગે રવિ તણાં,
દીઠાં'તાં કિંતુ એ સર્વ, સીંચીને રક્તછાંટણાં.

જુન • ૧૯૩૦ ઉમાશંકર જોષી

લીધે આખો દેશ મુશ્કેલીમાં આવી પડેલો. જેટલો વિલંબ થાય તેટલું વધુ નુકસાન થાય તેમ હતું. કઠણ હૈયે પત્નીની મૃત્યુપથારી છોડી માલિકો સાથે થનાર મસલતમાં ભાગ લેવા એ દોડયો. . . . આવાં અનેકમાંનું આ તો એક જ દૃષ્ટાંત છે.

ઘરઆંગણે અનેક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત છતાં પરદેશના પ્રશ્નો પ્રત્યે એ ઉદાસીન નહોતો. હિંદુસ્તાનના પ્રશ્નનો એણે ખાસ અભ્યાસ કર્યો હતો અને હિંદની મુલાકાત લઇ એક અમર પુસ્તક ઉપજાવ્યું હતું. એ જમાનામાં હિંદના જે ગણ્યાગાંઠ્યા મિત્રો હતા તેમાં એ મુખ્ય હતો. વિલાયતની પરદેશનીતિ તરફ એની ચાણક્ય નજર હમેશ ફરતી. ભાવિ જગતયુદ્ધના ભણકાર એણે સાંભળ્યા હતા. જર્મની, રશિયા, ફ્રાન્સ અને ઇરાન સાથેનો ઇંગ્લંડનો વહેવાર શાંતિનો વિરોધી છે એવી ચેતવણી એણે અનેકવાર આપી હતી. યુદ્ધ પહેલાં ચાર વર્ષથી એણે યુદ્ધ વિરૂદ્ધ પ્રચારકાર્ય આદર્યું હતું. ૧૯૧૧ના જાન્યુઆરીમાં એના પ્રમુખપદે મળેલી ખાસ પરિષદમાં એણે જણાવ્યું હતું કે જો આવતા યુદ્ધને નિવારવું હોય તો જગતભરના મજૂરોએ પોતાના દેશની પરદેશનીતિ ઉપર અંકુશ મૂકયા વિના છૂટકો નથી. ફ્રેંચ, જર્મન અને ઇંગ્લંડના વાસીઓ જો સમસ્ત આલમના વતનીઓ સાથે એકસંપ કરે તો હમેશને માટે યુદ્ધનું નામ નાબૂદ થાય અને ચિરકાળની શાંતિ સ્થપાય. દેશદેશ વચ્ચેના વિગ્રહોનો પશુબળથી નહિ પરંતુ સમજૂત અને પંચદ્વારા નિકાલ થાય એવી ભલામણ એ પરિષદે કરી. પરંતુ યુરોપનાં અહંકારી રાજ્યોને આ સલાહ સાંભળવાની ફુરસદ કે પરવા નહોતી. વિલાયતની પરદેશનીતિને લીધે જર્મની વિરૂદ્ધ બીજાં રાજ્યોનું સંગઠન જામતું જતું હતું અને યુદ્ધની તૈયારી થઇ રહી હતી.


અગ્નિજ્વાલ

જર્મની, ફ્રાન્સ, ઈંગ્લંડ . . . . એમ યુરોપના ઘણા દેશોના ભીતરમાં લાંબા કાળથી અગ્નિ સળગતો હતો. દાવાનળ પલવારમાં ભભૂકી ઊઠયો. જે યુદ્ધમાં અર્ધો યુરોપ સળગીને ખાખ થયો, લાખો રણભૂમિમાં રગદોળાયા ને કરોડો લોહીચુતા થયા તેમાં ઝંપલાવવું કે કેમ એનો વિચાર કરવા જેટલી યે ઇંગ્લંડના મંત્રીઓને ફુરસદ નહોતી. મૅકડોનલ્ડે પાર્લમેન્ટમાં પોતાના પક્ષ તરફથી યુદ્ધનો વિરોધ કર્યો. પણ એને પોતાને ખ્યાલ પણ નહોતો કે એના સાથીઓ પણ યુદ્ધની ઘેલછામાં ઘસડાયા હતા. થોડા જ સમયમાં એને જાણ થઇ કે ફક્ત ચાર સિવાય બાકી બધા મજૂર સભ્યો યુદ્ધની તરફેણમાં હતા. માત્ર બે જ દિવસ પહેલાં પોતે જે પક્ષનો નેતા હતો તેમાંથી તજાઇને તે એકલો અને અટૂલો બની રહ્યો. સમાજમાં પણ એનો બહિષ્કાર થવા લાગ્યો. વર્તમાનપત્રોએ તો એની નિંદા કરવામાં પાછું વાળીને જોયું જ નહિ.

મૅકડોનલ્ડ જો મૂંગો રહ્યો હોત, પોતાના વિચારો જાહેરમાં ન મૂકયા હત તો એની ઓછી સતામણી થાત. પરંતુ એ તો શકય નહોતું. લોકનિંદાથી ડરી પોતાની ફરજથી ચૂકવું એ નામર્દાઇ છે, પ્રજાદ્રોહ છે. એણે સર એડવર્ડ ગ્રેની પરદેશનીતિની સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢી તથા વિલાયતના ભયંકર ભોગ માટે એને જવાબદાર ગણ્યો. લાખો માણસોના ભોગથી કે અસંખ્ય લડાયક જહાજોથી, શાશ્વત શાંતિ કદી પણ ન મળે એ વિચારમાં એને અડગ શ્રદ્ધા હતી. આજે તો જગતે એ વિચાર અપનાવ્યો છે, પણ યુદ્ધકાળમાં મૅકડોનલ્ડની શુભનિષ્ઠા વિષે શંકા કરનાર અનેક હતા. ૧૯૧૪થી૧૮સુધીમાં ઇંગ્લંડભરમાં સૌથી વધુ અપ્રિય પુરુષ જો કોઈ હોય તો તે મૅકડોનલ્ડ હતો. જો મન જરા યે ઢીલું હોત, હૃદય દુર્બળ હોત કે સ્વભાવ લાગણીપ્રધાન હોત તો યુદ્ધકાળના ઝંઝાવાતમાંથી એ કદી પણ સહીસલામત બહાર ન નીકળી શકત; પરંતુ એ બધા કડવા ઘૂંટડા ગળી ગયો, બધું વિષ પી ગયો. એણે વ્યક્તિગત કે જાહેર જીવનમાં કદી પણ ફરિયાદ કરી નહિ કે કોઇ પર આક્ષેપો કર્યા નહિ. જ્યારે બીજાઓ એની ટીકા કરતા ત્યારે એ મૌન સેવતો. પોતાના વિચારો વિષે જરા યે ગેરસમજૂત ન થાય તે માટે વારંવાર તે એની પુનરુક્તિ કરતો. યુદ્ધ જાહેર થઇ ગયા પછી એણે વિરોધાત્મક ટીકાઓ ઓછી કરી રચનાત્મક સૂચનાઓ કરવા માંડી, તથા યુરોપમાં શાશ્વત શાંતિ સ્થાપવાના ઉપાયો યોજવા માંડયા.

ઇંગ્લંડનાં અમુક પરગણાઓમાં અને ખાસ કરીને લંડનમાં તો મૅકડોનલ્ડ એટલો બધો અકારો થઇ પડયો


(અનુસંધાન આગળ પાન ૪૨૨મે)



થાકેલા

ફોટો • બલવંત ભટ્ટ

ઉચ્ચ શ્રેણીની ફોટોગ્રાફી હરીફાઈના ગયા માસમાં પ્રગટ થએલા પરિણામમાં પ્રથમ આવેલાં બે ચિત્રોમાંનું બીજું ચિત્ર.



યમુનાતીરે તાજ

ફોટો • કુંદન • જામનગર

મોહેં - જો - ડેરો*

પાંચ હજાર વર્ષ પહેલાંની પ્રાચીન ભારતીય સંસ્કૃતિની સમાધિ

-: ગયા અંકને અનુસંધાને પૂરું :-

* ગયા અંકમાં ઉપરના નામનો અર્થ (મોહન=આનંદજનક, જો=નો+ ડેરો=ટેકરો) શ્રી સી જી. વાસવાણીએ કરેલા અર્થ પરથી અમે આપેલો. પરંતુ તેમાં સમજફેર છે એમ મિત્રોએ ધ્યાન ખેંચ્યું છે. ખરી રીતે તે મોહન-જો-ડેરો નહિ પણ ઉપર મુજબ મોહેં-જો-ડેરો (મોએં અથવા મોહેં=મરેલા) મૃતજનનો ટેકરો એવું નામ હોવું જોઇએ. જે મિત્રોએ આ ભૂલ સુધારી છે તેમનો આભાર માનું છું. —ર.મ.રા.



મોહેં-જો-ડેરોનું સ્થાન બતાવતો નકશો

માનવ અવશેષો


એક મકાનમાંથી ચૌદ હાડપિંજરો મળી આવ્યાં છે. તેમાંના કોઈના હાથમાં શંખની ચૂડીઓ છે, ત્રાંબાની પહોંચીઓ છે, પગ તથા હાથનાં આંગળાંમાં ત્રાંબાની અંગૂઠીઓ છે. કોઇ અકસ્માત રોગ કે ધરતીકંપનો ભોગ થઈ ગએલા કોઇ અભાગી કુટુંબનું એ કરુણ દૃશ્ય છે. આ પછી એ સમયના મનુષ્યનાં એક બે ભાંગેલાં છાતી સમાં પૂતળાં મળી આવ્યાં છે. એમાંનું એક તો નરમ આરસનું છે અને બીજા ઉપર કોઇ સરસ પ્લાસ્ટર ચડાવ્યું છે અને એનાં કપડાં લાલ ગેરૂથી રંગ્યાં છે. તેની આંખની જગ્યાએ છીપ જડેલી છે. આ પૂતળાંના ચહેરા દાઢીવાળા, માથે ચોટલો અને તે પર એક પટ્ટી બાંધેલી છે. તેના હોઠ મોટા ને જાડા, નાકનું ટેરવું ઊંચું અને કપાળ ઢાળ પડતું લાગે છે. ઉપલા હોઠ પર જરા હજામત કરાવી તેઓ મૂછ પાતળી રાખતા હશે એમ જણાય છે.

ઉચ્ચ વર્ગના પુરુષના પોશાકમાં માત્ર બે જ વસ્ત્રો છે. કેડ પર મદ્રાસીઓની પેઠે વીંટેલી ચાદર અને એક ખભો ખુલ્લો રહે એવી રીતે બગલમાંથી ઓઢેલી શાલ. સ્ત્રીનું એક જ પૂતળું મળી આવ્યું છે. તેના વાળ પાછળથી છૂટા છે.

ગરીબ વર્ગમાં પુરુષો લગભગ લંગોટીભર ફરતા હશે ને સ્ત્રીઓ સાંકડા પનાનું લૂગડું વીંટતી હશે. એક નર્તકીનું ધાતુનું પૂતળું મળ્યું છે તેને તો એટલું યે વસ્ત્ર દેખાતું નથી. એમ છતાં અલંકારો અને આભૂષણો બધા ખૂબ પહેરતા. હાર, વીંટીઓ, કમરબંધો, કર્ણપૂરો, અંગૂઠિયાં વગેરેનો તો પાર ન રાખતાં.

મૃતદેહની વ્યવસ્થા

તામ્રયુગમાં મડદાંની વ્યવસ્થાના કેટલાક પ્રકાર દેખાય છે. એક તો પથ્થરની કબરમાં મડદું રાખી તે સાથે મરનારને પ્રિય વસ્તુઓ મૂકવામાં આવતી. આવી કબરો બલુચિસ્તાનમાં મળી આવી છે. તેમાંની બધી વસ્તુઓ તામ્રયુગની જ છે. કાચી ઇંટોની પણ કબર ચણી તેમાં મૃતદેહને દાટી દેતા. તે સાથે પણ તેનો રોજનો સામાન તો ખરો જ. પાષાણયુગથી આ રીત ચાલી આવે છે. બીજી રીત મરનારને બાળી તેનું એક હાડકું કુરડીમાં મૂકી તે કુરડી કેટલાક સિક્કા, અલંકારો વગેરે સાથે એક મોટા રંગીન માટલામાં મૂકી તેની સાથે ખાવાનું, ઘરેણાં વગેરે દાટવામાં આવતાં. એ ઉપરાંત એક રીત એવી હતી કે તેમાં મરનારની રાખ ને હાડકાં જ માત્ર પથ્થરના વાસણમાં મૂકી દાટી દેવામાં આવતાં. આ છેલ્લી રીત તામ્રયુગના છેલ્લા સુધારા રૂપ મનાય છે અને તે સૌથી ઉપરના થરમાં મળી આવે છે. લોકોમાં મડદું બાળવાનો રિવાજ દાખલ થયો છતાં જૂની રીતની અસર રૂપે આ અસ્થિ-સંગ્રહ તો ચાલુ રહ્યો જ હશે. કબરનો રિવાજ તો હજી પણ મુસલમાનો ને બૌદ્ધ ધર્મીઓમાં છે. મરનારની





ડાબી બાજુએ : મોહેં-જો-ડેરોમાંથી મળેલા પોચા આરસનું બનેલા આ શિલ્પ ઉપર અતિ સુંદર રાસાયણિક પ્લાસ્ટર કરેલું છે. નીચું કપાળ, આગળપડતું નાક અને ભરાવદાર હોઠવાળું આ શિલ્પ તે સમયના માનવીઓનો ખ્યાલ આપે છે. **જમણી તરફ:** પાકી માટીની આ નાનકડી સ્ત્રી-મૂર્તિ ધરિત્રી માતાની હોય એમ કલ્પના કરવામાં આવી છે. તે શરીરે નગ્ન છે; પરંતુ પુષ્કળ અલંકારોથી મંડિત છે. એ સમયમાં અલંકારો બહુ જ વપરાતા.

સાથે પદાર્થો આપવાની રીતનું એક રૂપાંતર હાલ પણ હિંદુઓમાં શ્રાદ્ધ પછી શય્યાદાન (સજ્જાદાન)માં પ્રત્યક્ષ થાય છે. આમ જનસમાજમાં પ્રચલિત આજના રિવાજોનાં ઊંડા મૂળ કોઇ અગોચર કાળમાં જતાં દેખાય છે.

લોકવ્યવહાર વ્યાપાર અને પ્રવાસ

આ ત્રણ બાબતો ઉપરથી કોઇ પણ પ્રજાના સંસ્કાર જાણવાની બહુ તક મળે છે, અને તામ્રયુગના હિંદીઓએ તેની પણ સરસ નિશાનીઓ મૂકી છે. મોહેં-જો-ડેરોમાંથી જોખવાનાં કાટલાં મળી આવ્યાં છે તે પરથી એ લોકો વસ્તુઓનું મૂલ્ય બરોબર આંકી શકતા હશે એમ લાગે છે. વાસણો ઉપર માછલી તથા સમુદ્રના તરંગોનાં ચિત્રો છે તે જળપ્રવાસનો તેમનો અનુભવ તાદૃશ કરે છે. મહા નદીને કાંઠે નગર વસવાનું કારણ જ એ કે હોડી કે વહાણ મારફત કિનારા પરનાં સ્થળો સાથે વ્યાપાર કે વ્યવહાર સુલભ કરી શકાય. યુફ્રેટિસ અને ટાઇગ્રિસ નદીઓનાં શંખોનાં વહાણો ન આવતાં હોત તો ભારતની તામ્રયુગની રમણીઓને સૌભાગ્ય-ચિહ્નો ક્યાંથી મળત ?

ઘરમાં અને ઘરોની નજીક દરિયાઇ માછલાંનાં હાડકાંના ઢગલા મળ્યા છે તે ઉપરથી દરિયા સુધી વારંવાર જતી માછીમારોની હોડીઓ કલ્પી શકાય છે. પાળેલાં જનાવરોમાં મોટાં શીંગવાળા બળદો, ભેંશો, ટૂંકાં શીંગડાંવાળા આખલા, ઘેટાં, ડુક્કર, કુતરા, ઘોડા અને હાથી હતાં. બળદોનાં હાડપીંજર તો બહુ મળે છે તે પરથી ખેતી માટે તેનો ઉછેર બહુ હશે એમ લાગે છે. ઘોડો લગભગ ટટ્ટુ જાતિનો નાના કદનો હશે. નવાઇની વાત એ છે કે બિલાડી કે ઊંટ વિશે કંઇ નિશાની મળતી નથી. કુતરા બે જાતના હોય તેમ દેખાય છે. એક તો શેરીઓમાં રખડતા કુતરાની જાત. બીજા મોટા માસ્ટીફના જેવા. સિકંદરે હિંદમાં એવો કુતરો જોયો હતો તેનું એવું વર્ણન છે કે એ કુતરો એક વાર સિંહને પણ ચોંટ્યો તો પછી તેને કાપી નાખો તો યે છૂટે નહિ એવો ભયંકર છે.

હાથી, વાઘ, ગેંડો વગેરેનાં ચિહ્નો માટીની મુદ્રાઓ ઉપર છે તેથી એમ માની શકાય કે એ કાળમાં ત્યાંની હવા જરા ભિનાશવાળી અને જમીન ઘાડાં જંગલોવાળી હશે. સિંહને ટેકરાવાળો ગરમ મુલક પસંદ હોય છે તેનું તો તે સ્થળમાં નામનિશાન પણ નથી.


ઘરેઘરમાંથી રેંટિયાની ત્રાકો મળી આવે છે તેથી કાંતવાવણવાનું ઘરેઘર ચાલતું હશે એમ લાગે છે. વળી

અહીંથી સુંદર વણાટનું કાપડ પણ મળી આવ્યું છે. ગ્રીકો કપાસને સિંધો અથવા સિંધન તરીકે નામ આપતા તેથી સૂચિત થાય છે કે સિંધુના પ્રદેશોમાં તે ખૂબ મળી આવતો હશે. કેટલાકને શંકા હતી કે એ વાત ખરા કપાસ માટે જ છે કે કેમ; પણ મોહેં-જો-ડેરોમાંથી મળી આવેલા સૂતરથી તે બાબતની ખાતરી થઇ છે.

આ બધું જોતાં પાંચ હજાર વર્ષ પૂર્વે મોહેં-જો-ડેરોના નાગરિકો ઋગવેદના આર્યો કરતાં અનેકગણી ચડિયાતી સંસ્કૃતિ જમાવી શકયા હતા એવી ખાતરી થાય છે. વેદોમાં જેમને અસુર કે દસ્યુ તરીકે ઓળખાવવામાં આવ્યા છે તે જ આ લોકો હોવા જોઇએ એમ વિદ્વાનોનું અનુમાન છે. એ સમજવાને એ યુગમાં સમૃદ્ધ થએલાં બીજાં સંસ્થાનોનું જ્ઞાન ઉપયોગી થશે.

જગતની પ્રાચીનતમ સંસ્કૃતિઓ

તુર્કસ્તાનના અગ્નિ ખૂણે આવેલા અને ઇરાનના અખાતમાં જેનો નીચલો છેડો ઊતરેલો છે તે સાંકડા પ્રાંતને હમણાંનું મેસોપોટેમિયા કહે છે. આ પ્રદેશ યુફ્રેટિસ અને ટાઇગ્રિસ નદીઓની વચ્ચે આવેલો છે. આ નદીઓનાં સૈકાઓથી વહેતાં સતત પાણીનો લાભ મળવાથી તે દોઆબ અત્યંત ફળદ્રુપ બની ગયો છે. ત્યાંની માટી બહુ ચીકણી હોવાથી ઇંટો બનાવવામાં ઉત્તમ ગણાય છે. નદીઓના પ્રવાહને લીધે ઘણી વાર એ માટીના થરના થર ધોવાઇ જતાં નીચેથી કેટલાક પ્રાચીન અવશેષો હાથ લાગ્યા છે. તેની શોધખોળ કરતાં ત્યાં હજારો વર્ષ પૂર્વે દટાઇ રહેલાં શહેરો મળી આવ્યાં.



પાંચ હજાર વર્ષ પૂર્વે તામ્રયુગમાં બૅબીલોન, સીરીયા, પ્રાચીન ભારત તથા ચીન વગેરેમાં જે સંસ્કૃતિઓ ખીલી હતી તેમનો સંબંધ દર્શાવતો નકશો.

તે શહેરોનાં ઘરો બાંધવામાં એક ખાસ બનાવટની ઇંટોનો ઉપયોગ થયો છે. વળી ઇંટો કાચી હોય ત્યારે





મોહેં-જો-ડેરોમાંથી મળી આવેલું પાંચ હજાર વર્ષ પૂર્વેનું શિલ્પ. દાઢીવાળા આ માનવના માથાના વાળની રચના ખાસ ધ્યાન ખેંચે એવી છે.

ખીલા જેવા અણીદાર સાધનથી તેના ઉપર અક્ષરો કોતરી તેમાં અપાર જ્ઞાનભંડાર પણ સંઘરી રાખેલો જણાયો છે. પછી તે ઇંટોની ભીંતો ચણી લેવામાં આવી હતી. ઇંટો પરની લિપિને સંશોધકોએ 'ફાલ લિપિ' એવું નામ આપ્યું છે. આ લિપિથી કોરેલી એકેકી ઇંટ એકેક પોથી છે. આવી લાખો ઇંટો હાથ લાગી છે, અને વિદ્વાનોએ તે ઉકેલી છે પણ ખરી. તે લિપિમાંના જૂનામાં જૂના લેખ ચિત્રસંકેતમાં લખાયા છે તેથી તેને ચિત્રલિપિ કહી છે. પણ પાછળના બધા લેખ અક્ષરલિપિમાં લખાયા છે. જગતમાં લિપિની શરૂઆત અહીંથી જ થઇ એમ મનાય છે

એ લેખો ઉકેલતાં સમજાયું છે કે એ બે નદીઓની વચ્ચે અતિ પ્રાચીન કાળમાં મહા પ્રબળ અને સંસ્કૃતિમાન રાજ્યો હતાં. તેમાંના સૌથી પ્રાચીન રાજ્યને સુમેરિયા નામ આપવામાં આવે છે. જે જાતિનું એ રાજ્ય હતું તે સુમેરિયન તરીકે ઓળખાય છે અને તેમનું સંસ્કારીજીવન સુમેરી સંસ્કૃતિ તરીકે રૂઢ થયું છે.

એ સુમેરિયાની રાજધાનીનું શહેર નિપુર હતું અને તેનો ઇતિહાસ ઇશુની પહેલાં સાતથી આઠ હજાર વર્ષનો જૂનો છે. કેટલેક કાળે સુમેરિયા ખાલ્ડિયા કહેવાવા લાગ્યું. તેનો કાળ પણ ૩૦૦૦ વર્ષનો ગણાયો છે. તેમના પર અકડિયન લોકોની ચડાઇ આવી. તેમણે ખાલ્ડિયાના ઉત્તર ભાગમાં રાજધાની સ્થાપી અને અક્ષર-





ડાબી બાજુએ : મેસોપોટેમિયામાંથી મળેલી સુમેરી કીલલિપિ કોરેલી ઇંટ. ઉપર : ચિત્રલિપિ સાથે ગોધો, હાથી, ગેંડો વગેરે પ્રાણીઓની છાપ કોરેલી મોહેં-જો-ડેરોમાંથી મળી આવેલી કેટલીક મુદ્રાઓ.

લિપિનો તેમણે જ પ્રચાર કર્યો. વખત જતાં એ આખા યે પ્રદેશ ઉપર એમોરાઇટ નામની જાતિ ચડી આવી ને તે દેશ તેણે જીતી લીધો અને બૅબીલોન નામના શહેરમાં રાજધાની સ્થાપી. ઇશુના જન્મ પહેલાં ૨૧૯૦ વર્ષ પૂર્વેનો એ બનાવ.

એ એમોરાઇટ જાતિની એક શાખાએ ઇજિપ્ત પર પણ ચડાઇ કરી. તે પછી તે અને મૂળના બૅબીલોનીઓએ મળી એક સંયુક્ત સામ્રાજ્ય રચ્યું અને તે લગભગ દોઢ હજાર વર્ષ ટક્યું.

ઈશુની પહેલાં ૧૧મા સૈકામાં આસીરિયન લોકો બૅબીલોન પર ચડી આવ્યા અને તેનો નાશ કર્યો. અસુરી લોકોનું પાટનગર નિનેવેહ હતું.

સુમેર કાળમાં અને તે પછી બૅબીલોનિયન કાળમાં ફલજ્યોતિષશાસ્ત્ર બહુ ઉચ્ચ કોટિએ પહોંચ્યું હતું. સુમેરિયન લોકોનું એક મહાપુરાણ છે. તેમાં તેઓએ દેવતા અને ધર્મ વગેરે વિષે ઘણાં કાવ્યો લખ્યાં છે. કળાકૌશલ્યની બાબતમાં પણ તેમનું જ્ઞાન ઘણું હતું. તેઓ સરસ ઇંટો પકવી જાણતા. ઇંટોના થાંભલા રચતા, ભીંતો રંગતા, સુંદર વાસણો બનાવતા અને કાચ પણ બનાવી શકતા. રત્નો મણકા વગેરેના અલંકારો તેઓ ઘડતા અને ધાતુના પતરાના સિક્કા બનાવતા.

તેઓની લેખનપદ્ધતિમાં પ્રથમ શબ્દોને બદલે ચિત્રો દોરતા. પણ અકડિયન લોકોના હુમલા પછી તેઓ જે અક્ષરપદ્ધતિ આણી તેમાં સુમેરની મૂળ ચિત્રલિપિ મળીને ચિત્રો અને અક્ષરોની મિશ્ર લેખનપદ્ધતિ શરૂ થઇ. તેઓ અણીવાળા ખીલાથી લખાણ કરતા તેથી તે લિપિમાં ઊભી લીટીઓ વધુ આવતી ને વર્તુળ કે ત્રાંસ જવલ્લે જ આવતાં. આંકડાની સંખ્યા તેઓ નાની આડી સરળ રેખાથી બતાવતા.

એક જર્મન ગૃહસ્થને કીલ લિપિ કોતરેલી કેટલીક ઇંટો હાથ લાગી છે તે ઇ.સ. પૂર્વે ૧૬મા સૈકાની છે. તેમાં ઇંદ્ર, મિત્ર, વરુણ નાસત્ય, અપાનપાત એવાં શુદ્ધ વૈદિક નામો જણાયાં છે એ પરથી સુમેરિયા અને બૅબીલોનિયા જોડે હિંદનો સંબંધ તેથી યે પૂર્વકાળનો છે એમ સિદ્ધ થયું છે. પણ આર્યપુત્ર લોકમાન્ય તિલકે તો તે પહેલાં વેદમાં જણાવેલ સંપાતગતિનાં જે ગમકો મળે છે તે ઉપરથી એ ઠરાવ્યું હતું. તેમણે જ્યોતિષની ગણત્રી પરથી જ ઋગ્વેદ ઇ.સ.પૂ. ૪૫૦૦, યજુર્વેદ ઇ.પૂ. ૩૫૦૦, સામવેદ લગભગ એટલો જ અને અથર્વવેદ સૌ પાછળ ઇ.પૂ. ૨૫૦૦નો ઠરાવ્યો હતો. એ અથવ-વેદના અભ્યાસમાં તેમને તૈમાન, ઉદગુલા વગેરે પરભાષાના શબ્દો મળ્યા તે શબ્દો ખાલ્ડીયન અથવા સુમેરીયન છે.

ઋગવેદનો પ્રાચીન કાળ સુમેરિયાના અતિ પ્રાચીન કાળ સાથેનો એટલે કે ઈ.સ. પહેલાં છ થી સાત હજાર વર્ષ પૂર્વેનો સિદ્ધ થાય છે, એટલું જ નહિ પણ બંનેના તે સમયના સાહિત્યમાં તથા ધર્મગ્રંથમાં એક જ બાબત-

ના જુદાંજુદાં નામો તળે વર્ણનો અને વાર્તાઓ છે.


રાજવંશો

આ બે દેશોની સંસ્કૃતિનું મૂળ એક થવાથી હિંદુસ્તાનના અતિ પ્રાચીન પુરુષો અને ઋષિઓ ખરેખરૂં અસ્તિત્વ ધરાવતા હતા એવું નક્કી થાય છે. ઇંદ્ર-વૃત્ર યુદ્ધ જેવું જ યુદ્ધ વર્ણવતું સુમેરી ભાષામાં ગીલગીમેશ કાવ્ય છે. વૃત્રાસુરવધને વૈદિક સાહિત્યમાં ઋષિઓએ બહુ અજબ મહત્ત્વ આપ્યું છે, કારણકે આર્યો ઉત્તરધ્રુવ આગળ વસતા હતા ત્યારે જે ચમત્કારિક વાતાવરણમાં તેઓ રહેતા હતા ત્યાંના કુદરતના પ્રકારો પરથી સહજ દેવદાનવની કલ્પના ઊગતી. આર્યો અને સુમેરિયનોના સાહિત્યમાં એ સ્થાનનું એકસરખું પ્રતિબિંબ પણ જુદીજુદી ભાષામાં અને જુદાં નામો નીચે સચવાયું છે તેથી એમ જ લાગે છે કે બંને જાતિઓએ ઉત્તર ધ્રુવ છોડ્યા બાદ જુદાજુદા માર્ગે ઈરાન અને હિંદુસ્તાન વસાવ્યાં, સ્વતંત્ર ભાષા જમાવી. દરમ્યાન પૂર્વનાં સ્મરણો કાવ્ય રૂપે ઊગી નીકળ્યાં. તે જ ઋગ્વેદ અને ગીલગીમેશ કાવ્ય હોય.

પણ સિંધુના પ્રાંતમાં વિસ્તરેલી તામ્રયુગની સંસ્કૃતિ આ બધા સાહિત્યથી વંચિત છે. તે ચિત્રલિપિના વિકાસ સુધી જ સુમેરી સંસ્કૃતિ જોડે મળતી દેખાય છે. તેથી એમ અનુમાન થઇ શકે કે બહુ પેઢીઓથી સુમેરી રાજ્યથી છૂટી થએલી તે પ્રજાએ પોતાની જ એક નવી સંસ્કૃતિ જમાવી હોય અને તેનો વિસ્તાર સિંધ, પંજાબ, રજપુતાના, દક્ષિણ અને ગંગાપ્રદેશ સુધી થયો હોય. એમ માનવાને કારણો પણ છે.


આખા યુરોપ એશિયામાં એક કાળે વિસ્તરેલા મધ્ય પાષાણ યુગની તે એક ખરી સંસ્થા ગણી શકાય. એ સંસ્કૃતિનું ધન સ્વરૂપ નાઇલ યુક્રેટિસ ટાઇગ્રિસ, કરુણ હાલમંડ અને સિંધુની આસપાસ ઘડાતું હતું. આથી હિંદુસ્તાનની આ મૂળ જાતિએ બીજા પ્રદેશોની સાથે જ પોતાનો વિકાસ આદર્યો અને સાથોસાથ ચડાવ્યો. સુમેર અને બૅબીલોનિયાની સંસ્કૃતિ જોડે મળતા થવામાં તે દેશો જોડેનો દરિયાઇ સંબંધ પણ મુખ્ય કારણ હોય.

મોહેં જો-ડેરોની પ્રાચીન સંસ્કૃતિ બીજી રીતે સુમેર અને બૅબીલોન કરતાં નાગરિકતાની શ્રેષ્ઠતા બતાવે છે. ગૃહનિર્માણ કે નગરરચનામાં તેની તોલે આવે એવું એકે સ્થાન મેસોપોટેમિયામાં મળ્યું નથી. તેમજ



મોહેં-જો-ડેરો-ની ચિત્રલિપિ	સુમેરિયન ચિત્રલિપિ	લખાયાનો સમય	લિપિનો ઉચ્ચાર	તેનો અર્થ
		૨૮૦૦ ૨૭૦૦	ખ	માછલી
		૨૯૦૦	સર	૩૬૦
		૩૦૦૦	ગલ	મોટું
		૩૦૦૦	સગ	અંદરનું
		૨૮૦૦ ૨૪૦૦	બદ	શબ
		૩૦૦૦	કુ શુ	ને
		૨૮૦૦	શુ	હાથ
		૨૮૦૦	ઉશ	આવેલું
		૩૦૦૦	ઈ	ઘરનું થાળું કે જમીન

મોહેં-જો-ડેરોની મુદ્રાનું વાચન તથા તેનો અર્થ કરવાની પદ્ધતિ.



મુદ્રાને પડખે પહેલી પંક્તિમાં તેનાં આલેખનો છુટાં પાડી બતાવ્યાં છે; પછી તેને મળતી સુમેરિયન ચિત્રલિપિ મૂકી છે; ને છેલ્લી પંક્તિમાં તેનો ઉચ્ચાર દર્શાવેલો છે. એ રીતે ઉપલી મુદ્રાનું વાચન આ પ્રમાણે થાય છે: 'સવિતર–એદિન–અસ્સ.' તેનો અર્થ : એદિન (સિંધુનદપ્રાંત)નો સવિતા (એની આ મુદ્રા) છે.

રાચરચીલાં અને ઉપભોગની વસ્તુઓમાં પણ સિંધની આ પ્રાચીન નગરી સમૃદ્ધિશાળી જણાય છે. ઘણાઓ તેને ફિનીશિયન અથવા ફ્ણી કે પણિ લોકોની વસાહત તરીકે ઓળખાવે છે. પણિ લોકો જબરા વ્યાપાર કરનારા અને પરદેશો ખેડનારા તરીકે પ્રાચીન ઇતિહાસ-નાં પ્રકરણોમાં દેખાય છે. આ પણિમાંથી વણિક વર્ગ થયો હોય એવું પણ અનુમાન થાય.

હમણાં જ પ્રો. વેડેલે ઇજિપ્તના એબીડોસ નામના સ્થળે કેટલીક કબરો પરની ચિત્રલિપિનો ઉકેલ કર્યો તો તે 'સર્ગોન' નામના રાજાની છે એમ જણાયું. આ સર્ગોન રાજાનું નામ ખાલ્ડિયન શિલાલેખોમાં બહુ વાર આવ્યું હતું. તે પહેલાં તેમણે ખાલ્ડિયન રાજવંશાવલિ ને આર્યોના પુરાણોની વંશાવલિમાં બહુ સામ્ય જોયું હતું અને તે પરથી મહાભારતમાં અને પુરાણમાં પ્રાચીન રાજા સગરની જે કથા આવે છે તે જ પુરુષની આ કબર છે એ માનવાને કારણો મળ્યાં છે. સગરની કબર પર કદ્ અને ઉક્કુસિ શબ્દો છે. ઉક્કુસિ ઇક્ષ્વાકુ શબ્દને મળતો ઇજીપ્શિયન અપભ્રંશ હશે. બીજા શબ્દો 'બાઉ' અને કદ્ છે. સગર રાજાના બાપનું નામ બાહુ હતું. કદ્નો અર્થ જડતો નહોતો, પણ હમણાં જ મોહેં-જો-ડેરોના કેટલાક સિક્કા ઉકેલાયા તેમાં મોટી ખૂંધ-વાળા સુંદર બળદના સિક્કા પર 'કદ્' વંચાય છે. ઇક્ષ્વાકુ વંશમાં શશાદનો છોકરો પરંજય વૃષભ રૂપ ધારણ કરનારા ઇંદ્રની ખૂંધ પર બેસી દૈત્યો પર સવારી લઇ ગએલો અને દૈત્યોનો નાશ કરેલો તેથી કાકત્સ્થ એવું બિરુદ એ વંશને મળ્યું હતું. મોહેં-જો-ડેરોના એક સિક્કા પર સગર એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. એ પર તેને અગડુનો રાજા અને બીજા પર 'ઉરીહુ' એટલે રક્ષણ કરનારો એવો કહ્યો છે. 'અગડુ'ને કેટલાક અયોધ્યા માને છે. ઉરીહુ એટલે ઉર---ખાલ્ડિયા-નો ભાગ—હશે. આ રીતે અયોધ્યાથી મેસોપોટેમિયા સુધી એ રાજાની આણ હોવાની કલ્પના થાય છે.

ઇજિપ્શિયન લેખોમાંનો અહમંજ અને ખાલ્ડિયન લેખમાંનો મનિસ્તુસુ તે સગરનો પુત્ર અસમેંજ માનવાનાં કારણો છે. તેનો સમય ઇ.પૂ. ૨૭૦૪ જેટલો આવે છે. મોહેં-જો-ડેરોમાં તેના નવ સિક્કા હાથ આવ્યા છે. તે પોતાને સિક્કામાં અદ્દિન (સિંધ)નો રાજા કહેવડાવે છે અને શગમન (માંડલિક) એવું ઉપપદ ધારણ કરે છે. આર્યોનું સામ્રાજ્ય જેમજેમ ફેલાયું તેમતેમ નવા જીતેલા પ્રદેશો પર વ્યવસ્થા રાખવા વંશના મુખ્ય પુરુષની દેખરેખ નીચે આવાં થાણાં જમાવતા હશે. ઇજિપ્ત, ખાલ્ડિયા અને ભારતની વંશાવળીઓ એક જ વંશની જણાતાં આ પ્રાચીન નામો ખરેખરા રાજ-પુરુષો હતા એવી ખાત્રી થાય છે. અસમંજના પુત્ર અંશુમાનના સિક્કા 'નરમ-એઝુ' નામવાળા છે. દિલીપ અને ભગીરથના સિક્કા પણ મળે છે. તે પર 'ખામીશ' પ્રદેશનો રાજા દીલી એવું લખેલું છે. ભગીરથને બદલે તેમાં બઝિરૂ અથવા બગેર છે. ઇજિપ્તની વંશાવલિમાં તેને બગિરૂ કહ્યો છે. આ પરથી આપણે ચોક્કસ માની શકીએ કે આર્યો તે વખતે સિંધ ને પંજાબથી માંડીને ઠેઠ એશિયા માઇનર સુધી પ્રભુતા દાખવતા હતા.

આમ, મોહેં-જો-ડેરોની આ શોધ પછી હિંદની સંસ્કૃતિનાં મૂલ્ય ચડયાં છે. હિંદનાતામ્રયુગની સંસ્કૃતિની એ અસાધારણ સમાધિ મળતાં હિંદને ખરેખરૂં ગૌરવ અને મહત્ત્વ મળ્યાં છે. યુરોપના ઇતિહાસકારો મારી-મચડી બધું સારૂં તેમના પૂર્વજોની કબરો પર ઓવારી દેતા હતા તેમને આ શોધથી પોંચા કરડવાં પડે એવું બન્યું છે.

ર.મ.રાવળ

ભસ્મ-કંકણ

'અભિલાષ અને આશાની સુકુમાર મૂર્તિ સરખા' એક તેજસ્વી જુવાનની અવસાનનોંધ અમે ગયા વર્ષના શ્રાવણમાં પ્રકટ કરી હતી. એ ભાઇ જયંતીલાલ શાહના અક્ષરજીવનનો સ્મારક ગ્રંથ ઉપલા નામથી હમણાં બહાર પડયો છે. શ્રી દેશળજી પરમારે સંપાદિત કરેલા એ ગ્રંથમાં સ્વ. ભાઇ જયંતીલાલની સાહિત્યકૃતિઓ અને જીવનસ્મૃતિઓ એમનાં ચિત્રો તથા ફોટોગ્રાફો સાથે સંઘરાઇ છે. સ્વર્ગસ્થના આત્મા જેવા સંસ્કારી અને સુંદર આંતર તથા બાહ્ય રૂપવાળું એ પુસ્તક બાર આનાની કિંમતે (પોસ્ટેજ જુદું) કુમાર કાર્યાલયમાંથી મળશે.

બે વાર્તાઓ

૧

કુરબાની

ઉત્તરે ખૈબરઘાટ અને દક્ષિણે કુરમની ખીણો વચ્ચે તિરાહ નામનો ડુંગરાળ પ્રદેશ મર્દાનગી અને શૌર્યની સાક્ષી રૂપે પડ્યો છે. ઊંચીઊંચી ટેકરીઓ, ચોખાનાં ખેતરો પાસેથી પસાર થતાં અમૃતબિંદુ છાંટતાં ઝરણાંઓ અને ઊંચાં વૃક્ષોની વચ્ચેથી દૃષ્ટિગોચર થતાં ઝુંપડાંઓ, કાળની પ્રચંડ ઘટમાળ સામે હિંમતભેર સામનો કરતાં ઊભાં છે. એ પ્રદેશના પુરુષોનાં સુદૃઢ અંગોમાંથી શૌર્યના ફુવારાઓ વછુટે છે; સ્ત્રીઓનાં નયનોમાંથી પણ મરદોને શરમાવે તેવી ખુમારી ટપકે છે.

એ ટેકરીઓ ઉપર અબ્દુલ આમતેમ રખડતો. ઘડીમાં કોઇ ટેકરી ઉપર સ્થિર થતો, તો ઘડીમાં કોઇ ઊંડી ખીણમાં ઊતરી જઇ ભાવિના સ્વપ્નાં સેવતો. ગ્રામવાસીઓ અબ્દુલને જોઇ ન સમજાય તેમ હસતાં. પણ અબ્દુલ પ્રત્યુતરમાં કંઇ સમજ્યા વગર હસતો. તેને લાગતું કે જગતમાં હાસ્ય જ ભર્યું છે, ને એ મીઠા આનંદ વચ્ચે જ જગતનાં ચક્ર ગતિ કરી રહ્યાં છે.

સાંજના નમતા પહોરે અબ્દુલ દૂરદૂર ટેકરીઓ વચ્ચે આથમતા આફતાબને ભક્તિભર્યાં નયને નીરખી રહેતો. એને દરરોજ આથમતા સૂર્યમાં નવીન જ દૃશ્ય મળતું. અબ્દુલ એમાંથી કંઇ અદ્ભૂત પ્રેરણા મેળવતો. એનાં શાંત કિરણો એક પછી એક ઝીલતો. મુખ ઉપર ધીમું હાસ્ય ફરકાવી ટેકરી ઉપરથી નીચે દોડી જતો.

'એ અબ્દુલ! ઊભો રે, ક્યાં દોડ્યો ?'

દોડતો અબ્દુલ થોભી ગયો ને પોતાની વિશાળ આંખો પાછળ ફેંકી. 'ઓહ! સુરિયા! જો, જો, પેલો આફતાબ. શાંતિનો સંદેશ પાઠવી એ કેવો સ્વમંદિરે સિધાવે છે!'

સુરિયા કૃષિકન્યા હતી. અબ્દુલને એ નિખાલસ દિલે ચાહતી. અબ્દુલના નિર્દોષ આનંદમાં તેને ગમત પડતી. બંને સરખી ઉમરનાં હતાં. સમજણનાં અંકુરો સુરિયામાં પ્રકટ્યાં હતાં, પણ અબ્દુલ તો હજી પણ સવારથી સાંજ ડુંગરામાં રખડતો; સરિતામાં ઘૂંટણ સુધી પગ રાખી પગ નીચેથી પસાર થતી રંગબેરંગી માછલીઓ કુતૂહલભરી દૃષ્ટિથી નિહાળતો; ઊંચે વ્યોમમાં પસાર થતી વાદળીઓ સામે આંખોના તારા જડી ઊંડા વિચારમાં ઊતરી જતો. દુન્યવી લાલસા અને વૈભવોને ઠોકરે મારી, વિલાસી ભાવનાને ખંખેરી કુદરતનાં આ રસભર્યાં અગમ્ય સૌંદર્યોમાં મુગ્ધ બનતો.

પણ લડાયક પ્રજાની વચ્ચે ઊછરતી સુરિયાને આ સૌંદર્યભાવના અત્યારે શુષ્ક લાગતી. સુરિયા અંતરના એક ખુણે પ્રશ્ન પૂછતી કે જ્યારે પ્રજા ઉપર પ્રતિ ક્ષણે હુમલા થતા હોય, લૂટારાથી પ્રજા ત્રાસતી હોય કે લોકોના બાલબચ્ચાંની જિંદગી ભયમાં હોય તે ક્ષણે અબ્દુલને આ સમાધિ શા કારણે સૂઝે છે?

અબ્દુલની આ સૌંદર્યસમાધિ સુરિયાને ખૂંચતી.

'શાંતિનો પયગામ! હા. . હા!' સુરિયા હસી પડી.

'કેમ હસી? શું હું ખોટું કહુંછું ?'

સુરિયાએ તેનો હાથ પકડ્યો. તેને બાજુની ટેકરી ઉપર તેડી ગઈ. ગામ તરફ આંગળી ચીંધી એ બોલી, 'જો અબ્દુલ, પેલું આપણું ગામ! અમૃતના કુંપા જેવું એ આપણું ગામ! આજે એનાં હીર વીંખાવાનાં છે. તારે તો સૌંદર્યોમાં મુગ્ધ રહેવું છે. તને ક્યાં તારા ગામની પરવા છે? . . .'

અબ્દુલની આંખોમાં ચળકાટ પથરાયો. સુરિયાના શબ્દોમાંનો કટાક્ષ એ પામી ગયો. એણે ધ્યાનપૂર્વક સુરિયા સામે જોયું.

સુરિયાએ આગળ ચલાવ્યું: 'પેલા લૂટારા મહમ્મદ અને અસ્વારથી સૌ સાવચેત રહેવા માંડ્યાં છે. હમણાં જ હું ચોકમાંથી મલિક (મુખી)ની વાત સાંભળી આવી. મલિક સૌને ચેતવણી આપતો હતો કે મહમ્મદ અને અસ્વારથી ગામનું રક્ષણ કરવું. ગામભરના જુવાનો આજે ફરજ બજાવવા ઇંતેજાર બન્યા છે, ત્યારે તું આ ટેકરીઓમાં રખડવા સિવાય કશું જાણતો નથી. તને ક્યાં ગામની આબરૂની પરવા છે?'

'શું? સુરિયા! બતાવ મહમ્મદ અને અસ્વારને? અબ્દુલ બેઇમાન નથી.'

અબ્દુલ દોડ્યો. એક ક્ષણ પણ થોભ્યા વિના

દૂર દેખાતી ઝુંપડી તરફ દોડ્યો. સુરિયા પણ પાછળ પડી. અબ્દુલે એક જ ઝટકે ઝુંપડીનું બારણું ઉઘાડી પોતાની બંદુક બહાર કાઢી ને સુરિયાનું કાંડું ઝાલી આંચકો માર્યો: 'ચાલ, બતાવ મહમ્મદ ને અસ્વારને!'

સુરિયા અબ્દુલમાં થતા પરિવર્તનને પેટ ભરી નિરખી રહી. તેણે સંતોષનો એક ઊંડો શ્વાસ લીધો. અબ્દુલના પહાડી દેહભાગને નિહાળી એ બોલી, 'અબ્દુલ! હવે ઠીક. આજની રાત આ ડુંગરામાં રખડજે. બારીકીથી ચોકી કરજે. કોઈપણ ઢોર કે આદમીનું હરણ થાય તો તારી ગોળીઓને હવામાં છૂટી મૂકજે. પણ ખબરદાર! પાણીમાં તરતી માછલીઓને નિહાળવામાં આજે સમય ન ગાળજે.'

અબ્દુલે કબૂલાત આપી. બંદુકને ખભે નાખી એ ટેકરી ઉપરથી નીચે ઊતર્યો. સુરિયા તેને તાકી-તાકીને જોઇ રહી. તેની આંખોમાં આજે અબ્દુલ સમાતો નહોતો. અબ્દુલ દૂર ટેકરીઓમાં અદૃશ્ય થયો. સુરિયા ગામ ભણી ગઇ.

ક્ષ ક્ષ

વ્યોમે ચળકતા તારકો, મોતી શાં ઊછળતાં સરિતાનાં જળબિંદુઓ એ સૌ તરફ અબ્દુલ આજે બેદરકાર હતો. ખભે બંદુક ભેરવી ટેકરીઓ ઉપર એ ભમતો હતો. એનાં પગલાંમાં ગર્વ ભર્યો હતો. એના ચહેરા ઉપર એક જાતનું ગાંભિર્ય છાઇ રહ્યું હતું.

એકદમ એ ખમચ્યો. દૂર હવામાં નજર વીંધી. પચીસેક માણસનું ટોળું. એ ટોળાની આગળ ચાલતા બે મોવડીઓ. સૌના હાથમાં બંદુકો.

અબ્દુલ પારખી ગયો. દોડ્યો. નજીકની ટેકરીને ઓથે છુપાયો. ખભેથી બંદુક ઉતારી. ટોળાની દિશા ભણી તાકી. એ તરફ જોઇ રહ્યો. લૂટારા જેવા લાગતા બે માણસો બાજુના વાડામાં ઊતરતા જણાયા. દુમ્બા (અફઘાન ઘેટાં)ના અવાજ સંભળાયા. ગામના જુવાનો લૂટારાથી ડરતા જણાયા. અબ્દુલને હવે રાહ જોવાની જરૂર નહોતી. એણે ગોળી હવામાં વહેતી કરી.

ટોળામાંનો એક પડ્યો. કઇ દિશામાંથી ગોળી આવી એ લૂટારાઓ જોવા લાગ્યા. અબ્દુલ એક પછી એક ગોળી છોડયે જતો હતો.

'શાબાશ! અબ્દુલ! શાબાશ!'

અબ્દુલે પાછા વળી જોયું તો સુરિયા તેને અભિનંદી રહી હતી. એની આંખો હર્ષ અને સંતોષની મિશ્ર લાગણીથી છલકાતી હતી.

'ચલાવ, ચલાવ, તારી ગોળીઓ. જો, પેલો લૂટારો. આહ, પેલો!' સુરિયા આંગળી ચીંધી બતાવતી હતી ને અબ્દુલ એના ઉપર ગોળી છોડતો હતો. બંને આજે શૌર્યમાં નહાઇ રહ્યાં હતાં. મર્દાનગીની રમતમાં સુરિયા તેને પાણી ચડાવતી હતી. બંદુકના ધડાકા વચ્ચે કાળને કંપાવે તેવું હાસ્ય ફેંકતી આ રમણી મર્દોને પણ ભારે પડે તેવી લાગતી હતી. અબ્દુલની પીઠ થાબડી એનામાં છુપાએલી વીરતા ખૂણેખૂણેથી શોધી કાઢી તેને ઉત્તેજિત કરતી હતી.

લૂટારાઓ ગભરાયા. કઇ દિશામાંથી ગોળીઓ વરસે છે તે તેઓ પારખી શકયા નહિ. પેલી બાજુ મલિકના માણસોએ પણ ગોળીઓ છોડવા માંડી.

લૂટારાઓનો સરદાર મહમ્મદ બાજુએ ખસ્યો. કોઇ અણદીઠ જગ્યાએથી આવતી ગોળીની દિશા શોધવા માંડ્યો. તેની ચપળ આંખોએ પારખ્યું કે ટેકરી પાછળ કોઈ હોવા જોઇએ. બાજુએ ઊભા રહી એણે ગોળી છોડી. અબ્દુલના કાંડામાં વાગીને ગોળી ચાલી ગઇ. અબ્દુલના હાથમાંથી બંદુક સરી પડી. કાંડામાંથી લોહીની ધાર છૂટી.

'સુરિયા! સુરિયા! પેલી બંદુક ઉઠાવ! માર, ગોળી માર. મારી દરકાર ન કર. આજે ગામની ઇજ્જત ન જવી જોઇએ.'

અબ્દુલના હૃદયમાં આજે ગામની ઈજ્જત રમી રહી હતી. આજે એ સાચા પંથ ઉપર આવ્યો હતો. માતૃભૂમિની ખાતર તેનામાં આજે કુરબાનીના મનોરથ જાગ્યા હતા. આવી ધન્ય ઘડી હવે એ ચૂકે તેમ નહોતો.

સુરિયાએ બંદુક ઉઠાવી. રોષભેર ઉઠાવી. બરાબર નિશાન તાકી એણે ગોળી હવામાં રમતી છોડી. અસ્વાર ચીસ પાડી નીચે પડ્યો.

મહમ્મદ મુંઝાયો. તેને લાગ્યું કે જરૂર ટેકરી પાછળ વધુ માણસો હોવાં જોઇએ. પોતાની સંખ્યા પણ ખૂટી હતી. વખત વિચારી એણે ડચકાં ખાતા અસ્વારને પોતાના ઘોડા ઉપર લીધો. ઘોડાને બાજુએ ફેરવી એ નાઠો. પાછળ તેના અનુયાયીઓ પણ ભાગ્યા. જતાંજતાં મહમ્મદે એક ગોળી છોડી. આ ગોળી જીવલેણ નીવડી.

સુરિયા એ ગોળીથી ઘવાઇ ટેકરી ઉપરથી નીચે ફસડાઇ પડી. અબ્દુલે સુરિયાની દરકાર ન કરતાં ડાબા હાથમાં બંદુક લીધી ને ટેકરી ઉપર ચડ્યો. પણ શત્રુઓ નાસતા જણાયા. તેના મોંમાંથી ઉદ્ગાર સરી પડ્યાઃ 'એ સુરિયા! દુશ્મનો નાસે.'

અબ્દુલના એ શબ્દો સુરિયા સાંભળે ન સાંભળે ત્યાં તો ગોળીએ ખૂબ અસર કરી નાખી. સુરિયા બેહોશ થઇ હતી. સુરિયાની આવી દશા જોઈ અબ્દુલે બંદુક ફેંકી દીધી ને સુરિયા પાસે ગયો. પોતાના જખમી હાથમાંથી પણ લોહીની ધારા વહેતી હતી દરકાર કર્યા વગર એણે સુરિયાને ખૂબ ઢંઢોળી.

'સુરિયા! સુરિયા!'

પણ સુરિયા આજે સંતોષથી મરતી હતી. તેના ગામની ખાતર આજે એ મૃત્યુને ભેટતી હતી. તેના મુખમંડળની આસપાસ શૌર્યનું પરિવેષ રચાયું. અબ્દુલ-ને સુરિયા આજે અજબ લાગી. અબ્દુલે કદી ન અનુભવેલા એવા સૌમ્યતાના ફુવારા સુરિયાની દેહ-લતામાંથી ફૂટતા માલૂમ પડ્યા.

'અબ્દુલ! હું જાઉં છું. હવે સુખેથી તારા કુદરત-ના આનંદોને પોષતો રહેજે.' સ્નેહ નીતરતી એક છેલ્લી દૃષ્ટિ ફેંકી એનો આત્મા ઊડી ગયો.

અબ્દુલથી આ શબ્દો ન સહેવાયા. એણે બંદુક ઉપાડી. છાતી સામે ધરીઃ ધડાક! સુરિયાની પાસે જ એ ઢળી પડ્યો.

તેમના મૃત દેહો ઉપર ચંદ્રનાં તેજ સહસ્ર ધારાએ વર્ષવા લાગ્યાં.

ગોકુળદાસ પરમાર

૨

લેધર ક્લૉથ

'**રમુની** બા, રમુ નિશાળે કેમ નહોતો આવ્યો?' અનિલે પૂછ્યું.

રમુ અને અનિલ બંને આઠેક વરસના બાળકો હતા. સાથે રમતા, સાથે નિશાળે જતા. અનિલના બાપનો બંગલો પડોશમાં જ હતો. રમુ ગરીબ વિધવા-નો એક જ દીકરો હતો. રમુને નિશાળે ન જોયો એટલે સાંજે તે ખબર પૂછવા આવ્યો હતો.

રમુની બાએ રમુના પગ ઊંચા લઇ નીચે લૂગડું નાખતાં કહ્યું: 'એને તો ભાઈ, સવારનો તાવ આવ્યો છે અને ઝાડા થઈ ગયા છે.'

અનિલ રમુની સામે જોતો બારણામાં ઊભો રહ્યો. ખૂણામાં ઝાડાવાળાં થએલાં લૂગડાંનો ઢગલો ગંધ મારતો હતો. અર્ધે કપડે ઢંકાએલી રમુની બા ખાટલા પાસે ઊભી હતી.

બહારથી સાદ આવ્યોઃ 'અનિલભાઈ!'

અનિલે પાછળ જોયું તો ભણાવવા આવતા માસ્તર ઊભેલા. 'માસ્તર સાહેબ, જુઓને, આ રમુને તાવ આવે છે.'

રમુ પણ તેમના જ વર્ગમાં ભણતો હતો. માસ્તર બારણા પાસે આવ્યા. રમુની બા જેમતેમ શરીર ઢાંકી એક બાજુ ઊભી રહી. માસ્તરે પૂછ્યું, 'કાલે તો રમુ નિશાળે આવ્યો હતો, ને આજ વળી તાવ ક્યાંથી?'

'સવારના એને તાવ અને ઝાડા બેય થઇ ગયા છે.'

'દવા કાંઇ આપી છે?'

'શું દવા આપું? બહાર નીકળવા જ નથી દેતો. ઝાડા થઇ ગયા છે તે એને એકલો મૂકીને જવાય પણ કેમ? ઘરમાં કરિયાતું હતું તે ઉકાળી પાયું છે. લક્ષ્મીએ નીચા મોંએ જવાબ આપ્યો.

એટલામાં ફરી એકવાર રમુને ઝાડો થઇ ગયો. લક્ષ્મીએ ચારે તરફ જોયું. હવે એકે લૂગડું પથારી ઉપર નાખવા રહ્યું નહોતું. એણે એનું એ લૂગડું બેવડું કરી પગ ઊંચા કરીને વાળી દીધું.

આ જોઇ માસ્તર બોલ્યાઃ 'રમુની નીચે લેધર ક્લૉથ આવે છે તે નાખો તો તેને હેરાન ન થવું પડે અને લૂગડાં ન બગડે.'

'હું ગરીબ માણસ એ ક્યાંથી લાવું?'

માસ્તરે અનિલ તરફ જોઇ કહ્યું, 'અનિલભાઇ, ચાલો; વખત થઇ ગયો છે.'

માસ્તર અને અનિલ ચાલતા થયા. અનિલ પાછળ જોતો ગયો. રમુની બાની આંખમાં આંસુ હતાં.

આજે અનિલનું ધ્યાન શીખવામાં નહોતું. તેનું મોઢું પડી ગયા જેવું હતું. ભણવાનું પૂરું થયું. માસ્તર ઊઠવાની તૈયારી કરતા હતા. અનિલે પૂછ્યું, 'માસ્તર સાહેબ લેધર ક્લૉથ એટલે શું?'

માસ્તરે જવાબ આપ્યોઃ 'જાડા કપડા ઉપર કાળો વારનિસ ચડાવેલો આવે છે તેને લેધર ક્લૉથ કહે છે. ઉપર પાણી પડે તોપણ તે ભીનું થતું નથી. જુઓને

તમારા બાપુના ટેબલ ઉપર પાથરેલું છે તેનું નામ લેધર ક્લૉથ.'

અનિલ ચોપડીઓ ભેગી કરવા લાગ્યો. માસ્તર ચાલતા થયા. અનિલ તેના બાપુના ઓરડામાં ગયો. ઓરડાના એક ખૂણામાં મોટું ટેબલ હતું. તેની ઉપર લેધર ક્લૉથ પાથરેલું હતું. ઉપર પાંચ છ ચોપડીઓ અવ્યવસ્થિત પડી હતી. ખડિયો અને કાગળ રાખવાનું એક સ્ટૅન્ડ હતું. ઘડીભર તે તેની સામે જોઇ રહ્યો. લેધર ક્લૉથ હાથમાં લઇને ફેરવી જોયું. આની તેને આજે જરૂર હતી. તેના બાપુ પૈસાદાર હતા એટલે લેધર ક્લૉથની તેને ખાસ કિંમત નહોતી. તેણે એક પછી એક ચોપડીઓ નીચે ઉતારી. મહેનત કરીને સ્ટૅન્ડ ઉતારી બાજુએ મૂક્યું. પછી લેધર ક્લૉથ સંકેલી લીધું. નીચે મૂકેલી ચોપડીઓ અને સ્ટેન્ડ પાછાં ઉપર મૂકી લેધર ક્લૉથ બગલમાં મારી તે બહાર નીકળ્યો.

રમુના ઘરનું બારણું ઉઘાડીને તેણે કહ્યું, 'રમુની બા, લ્યો આ લેધર ક્લૉથ.'

'તમારા બાપુને પૂછીને લાવ્યા છો ને?'

'હા, હા. એમણે લઇ જવાનું કહ્યું.' અનિલ જૂઠું બોલ્યો અને એકદમ બહાર ચાલ્યો ગયો.

અનિલના બાપ રાયબહાદુર રાત્રે વાંચવા તેમના ટેબલ પાસે ગયા. ચોપડીઓ અસ્તવ્યસ્ત પડી હતી. ટેબલ ઉપર લેધર ક્લૉથ નહોતું. આ ફેરફારનું કારણ તેમને સમજાયું નહિ. બપોરે હતું. અત્યારે કોણે લીધું? રાયબહાદુરે ઘરનાં બધાં માણસોને પૂછ્યું. સૌએ કાન પર હાથ મૂક્યા. કલમ જેવી નિર્માલ્ય વસ્તુ, પણ જેને આપણે હમેશ વાપરતા હોઇએ તે, ગૂમ થાય ત્યારે ઘડીભર જેવી અકળામણ થાય છે તેવી બીજી મૂલ્યવાળી વસ્તુ જતાં પણ નથી થતી. માનવ સ્વભાવ એવો છે. અનિલ તે વખતે સૂઈ ગયો હતો. રાયબહાદુર ખૂબ ગુસ્સે થયા. નોકરચાકર સૌને ધમકાવ્યા. કોઇને ખબર હોય તો કહે ને? સવારમાં રાયબહાદુર જાગ્યા ત્યારે અનિલ નિશાળે ચાલ્યો ગયો હતો.

રાયબહાદુર ગાડીમાં બેસીને બહાર જતા હતા. અકસ્માત તેમની દૃષ્ટિ રમુના ઘરમાં પડી. રમુનો ખાટલો બારણા સામે હતો. પોતાનું લેધર ક્લૉથ રમુના ખાટલે પાથરેલું જોયું અને ઓળખ્યું. ગાડીવાનને ગાડી ઊભી રાખવા કહ્યું. ગાડી થોડે દૂર ચાલી ગઇ હતી. ત્યાં ને ત્યાં તે ઊભી રહી. રાયબહાદુર પાછા વળ્યા અને રમુના ઘરમાં આવ્યા. રમુની બાએ આશ્ચર્ય, ભય અને માનની સંમિશ્રિત લાગણીથી રાયબહાદુર તરફ જોયું. તેમણે રૂઆબથી પૂછ્યું, 'આ લેધર ક્લૉથ ક્યાંથી આવ્યું?'

રમુની બાએ કહ્યું: 'અનિલભાઇ આપી ગયા છે.'

રમુ થોડીવાર રાયબહાદુર તરફ તો થોડીવાર તેની બા તરફ જોતો હતો.

રાયબહાદુરે ગૂંગળાતા સ્વરે કહ્યું, 'ત્યારે તમે તેની પાસે ચોરી કરાવી કેમ?'

'બાપુ, આપને જરૂર હોય તો લઇ જાઓ; હું કાઢી દઉં. મેં તેમને લાવવાનું નથી કહ્યું.'

'એમકે? એક તો ચોરી અને ઉપર શિરજોરી? ન કહ્યું હોય તો તેને ખબર શી પડે?' કહી રાયબહાદુર લેધર ક્લૉથ તરફ ધસ્યા. ને લેધર ક્લૉથનો છેડો પકડી જોરથી ખેંચ્યું. રમુ ખાટલામાંથી દડી પડ્યો ને એક ચિત્કાર કરી શાંત થઇ ગયો. લેધર ક્લૉથમાંનું મેલું રાયબહાદુરનાં કપડાં પર પડ્યું. રમુની બાએ એકદમ દોડીને રમુને ખોળામાં લીધો; પણ તે તેનો રમુ નહોતો; તેનું નિર્જીવ શરીર હતું.

રાયબહાદુર ગાળો દેતા બહાર ચાલ્યા ગયા.

રસનિધિ

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ (અનુસંધાન પૃ ૪૨૩થી)

એ નામનું, બિલાડું તેડી ઊભું રહેલું છાયાટોપીવાળું બાળક પાડ્યું છે. તેમાં બાળક અને પ્રાણી વચ્ચે સંબંધ બતાવે તેવો અભિનય નથી; અને બાળક કૅમેરા તરફ તાકે છે તેથી કૃત્રિમતા આગળ આવે છે. ભૂજ (કચ્છ)થી ભાઇ પ્રફુલ્લચંદ્રે મોકલેલ 'શ્રમજીવીઓ' ગ્રામજીવનનો આકર્ષક પ્રસંગ છે, પણ માનવ પાત્રો ઝીણાં લેવાથી ચિત્ર બની શક્યું નથી. એક કે બે પાત્રોની નજીક જઇ ચિત્ર લીધું હોત તો ઈનામ પામે એવું સુંદર ચિત્ર બનત. એ જ ભાઇનાં બીજાં ચિત્રોમાં પણ બહુ દૂરથી પાત્રો લેવાનો દોષ દેખાય છે. આવાં ચિત્રો સ્પષ્ટ લેવાયાં હોય તો એન્લાર્જ કરી નકામો ભાગ વેતરી કાઢવાથી પણ સુધરે.

ઉચ્ચ શ્રેણીની ગઇ હરીફાઇમાં પ્રથમ આવેલાંમાંનું બીજું ચિત્ર આ અંકની પ્લેટ તરીકે છાપ્યું છે, એ હરીફાઇનો બીજો ત્રૈમાસિક હપતો પોષ માસમાં પૂરો થાય છે. તેને માટે ચિત્રો મોકલવાનું સૌને આમંત્રણ છે.

શરીરસ્વાસ્થ્ય અને



મનોશાંતિનો કીમિયો

ઊં..ઘ

કોઈ અઘોરી વર્ષો સુધી ઊંઘી રહ્યો એવું વાર્તામાં ઘણીવાર કહેવાય છે; પણ આપણે જ ઘરડા થઇએ ત્યાં સુધીમાં કેટલી ઊંઘ લઇએ છીએ તેનો ખ્યાલ કર્યો છે? ૬૦ વર્ષની ઉંમરના માણસનાં વીસ વર્ષ તો નિદ્રાના ખોળે જ વીત્યાં હોય છે. સાવ નકામી રીતે આવડી લાંબી મુદ્દત ઊંઘને અર્પણ કરીને આપણને શો લાભ થતો હશે એ આપણે જોઇએ.

બીજા બે ભાગની જિંદગીમાં આપણે જે કામ કરીએ છીએ અને જે રીતે રહીએ છીએ તે બધાંનો આધાર એ ત્રીજા ભાગમાં લીધેલી ઊંઘ પર જ છે. ઊંઘ બરાબર ન મળે તો તબિયત અને મન ઉપર તરત તેની અસર થાય છે. અને ઊંઘ એટલે પથારીમાં પડ્યા રહેવું એમ નહિ. અમુક કલાક બિછાનામાં કાઢવા કે બરાબર ઊંઘ લેવામાં ગાળવા એ બે વચ્ચે ઘણો ફરક છે. આપણે કેવી રીતે અને કેટલો વખત ઊંઘીએ છીએ તેના ઉપર જ ઊંઘનો ખરો લાભ રહેલો છે.

આપણી ઊંઘમાં બે વિભાગ થાય છે. આંખો મીંચાતી હોવા છતાં આપણું મગજ ભમતું હોય છે. બહારથી આપણે બેભાન હોઇએ છતાં ઊંઘમાં ગાઉના ગાઉ ચાલીએ. એ સમય દરમ્યાન ચિત્રવિચિત્ર સ્વપ્નાં જોઇએ અને ઊંઘતા છતા કેટલીક વખત એ જ મનની સહાયથી નવીન શોધ કરીએ કે વસ્તુ ઉપજાવીએ. કોઇ વખત વળી એવાં બિહામણાં સ્વપ્નાં આવે કે ઊઠીએ ત્યારથી બેચેન રહ્યા કરીએ; અથવા કોઇ વાર કોઇ સારાં પ્રોત્સાહક સ્વપ્નાંની અસરથી સવારમાંથી જ આનંદ અને ઉત્સાહ મળે. સાતઆઠ કલાક બિછાનામાં કાઢવા એટલાથી જ ઊંઘ લીધી કહેવાય નહિ. ત્યારે ઊંઘમાં જે વિશેષ તત્ત્વ રહેલું છે તેનો હવે વિચાર કરીએ.

કેટલીક વાર નિદ્રાધીન અવસ્થામાં જ ઘણાં ઉત્તમ માનસિક કામ થઈ જાય છે. જોકે રોજ એમ બનતું નથી; કારણકે આપણે તે માટે યોગ્ય સંજોગો સાચવતા નથી. મનની ક્રિયાઓને યોગ્ય રીતે વહન આપીએ તો નિદ્રા દરમ્યાન આપણને તે અજબ રીતે સહાયક થઇ શકે. જગતના મહાન સંગીતકળાધર મોઝાર્ટને 'જાદુઇ વાંસળી' નામના ગીતના સ્વરો તદ્દન ઊંઘમાંજ પ્રાપ્ત થયા હતા. જગતની કેટલી યે વિખ્યાત કવિતાઓ અને નામાંકિત ચિત્રો નિદ્રામાં જ સ્ફુરણ પામ્યાં છે ભૂમિતિના સિદ્ધાંતો અને વૈજ્ઞાનિક રસાયણોના કોયડાના કેટલા યે ઉકેલ ઊંઘમાં પૂરેપૂરા થઈ શકે છે.

લૂઈ ઍગેસિઝ નામનો શોધક માછલીની પથ્થરમાં પડેલી એક અસ્થીપરની છાપ પરથી તે કઇ કોટિની છે તે જાણવા યત્ન કરી રહ્યો હતો. ગૂંચવાએલી ને

થાકેલી મનોદશામાં તે કામ તેણે પડતું મૂક્યું ને ભૂલી જવા ધાર્યું. પણ થોડા રોજ બાદ એક રાત્રે તે જાગી ઊઠ્યો ત્યારે તેને લાગ્યું કે પેલી માછલીનાં ગુમ થએલાં અંગો સાથે તે આખી નજરે પડી હતી. સવારે ઊઠીને તરત જ સંગ્રહસ્થાનમાં જઇને પેલો પથ્થર લઇ સ્વપ્નની સ્મૃતિ પરથી કંઇ મળે એમ ધારીને તે જોવા લાગ્યો. પણ પેલી ઝાંખી છાપમાં તેને કશું સૂઝ્યું નહિ. બીજી રાત્રે એનું એ સ્વપ્ન આવ્યું, પણ સવારમાં પાછું ભૂલી જવાયું. કદાચ હજુ પણ એક વાર સ્વપ્ન આવશે એવી આશાએ બિછાના પાસે કાગળ પેન્સિલ રાખી તે સૂઈ ગયો. રાત્રિના પાછલા પહોરે માછલી ફરી દેખાઇ. પહેલાં ઝાંખી હતી પણ પછી એટલી ચોકખી થઇ કે

તમારી સૂવાની ટેવો સારી છે ?

તમે વહેલા સૂઇને પૂરી ઊંઘ લઈ શકો છો; કે જેથી કોઇના જગાડયા વિના જાતે જ વહેલા ઊઠી શકો ?

તમે જાગો છો ત્યારે પ્રસન્ન હો છો ?

નિદ્રામાંથી જાગૃત થાઓ ત્યારે સંપૂર્ણ આરામ લઇને ઊઠયા હો એમ તમને લાગે છે ?

પથારીમાં પડતાં જ તમને ઊંઘ આવે છે ?

સાંજે તમે ઊકળી ગયા હો છતાં પણ શાંત પડીને નિદ્રા લઇ શકો છો ?

તમારી નિદ્રામાં પડતી ખલેલો ટાળવાનો કોઇ સરળ માર્ગ કે તરકીબ તમને જડી આવી છે ?

તમને જરા યે જાગ્યા વિના આખી રાત એકધારી ઊંઘ આવે છે ?

દરરોજના નિયમ કરતાં વહેલા સૂવા ગયા હો છતાં તરત જ તમને નિદ્રા આવે છે ?

તમને ભયાનક પણ ગભરાટ કરાવે નહિ એવાં સ્વપ્નાં આવે છે ?

અંધારાઘોર ઓરડામાં પણ કોઇ ઘૂસી આવશે એવી શંકા વિના તમે જાગતા સૂઈ શકો છો?

તમારો સૂવાનો ઓરડો

ઊગતા સૂર્યનાં કિરણો તમારા ઉપર ન આવે એવી જગ્યાએ તમારો ખાટલો રહેવો જોઇએ.

સૂવાના ઓરડામાં રસ્તા પરનો ઘોંઘાટ કે ઘરની ગરબડ ન સંભળાય એવી સગવડ હોવી જોઇએ.

મગજને શાંત કરવાને બાજુમાં રાખી આરામથી વાંચી શકો અને બુઝાવવો હોય ત્યારે બુઝાવી શકો એવી સગવડથી દીવાની રચના કરેલી હોવી જોઇએ

વાંચતી વખતે પીઠ ગોઠવી લેવાને એકાદ વધારાનું ઓશીકું કે તકિયો રાખવો જોઇએ.

બપોરે કે ગમે ત્યારે થાક્યાપાક્યા એક ઝોકું મારી લેવું હોય ત્યારે બહુ પ્રકાશને આવતો રોકી શકાય એવા પડદા અથવા ઘેરા કાચ બારી પર હોવા જોઇએ.

તેની જાત વિષે તેને જરા યે શંકા રહી નહિ. અંધારામાં ને અંધારામાં જ અરધી ઊંઘમાં જ તે ઊઠ્યો અને બાજુએ રાખેલા કાગળ ઉપર બધી નોંધ ભરી લીધી. પ્રભાતમાં ઊઠીને જોતાં પથ્થરની છાપ ઉપરથી મેળવવાને અશક્ય એવી રેખાઓ પડેલી હતી ! તેને જ આધારે પથ્થરનાં પડો છોલતાં અસલ સ્વપ્ન પ્રમાણેની જ આખી આકૃતિ નીકળી અને તેની જાત નક્કી થઈ.

નિદ્રામાં આપણી ગૂંચવણોનો ઉકેલ થઇ શકે; પણ તે માટે સૂઇ જતાં પહેલાં મગજનાં યંત્રો ચાલતાં કરી દેવાં જોઇએ. પહેલાં તો મનને ઊંઘમાં જ દોરવું. ઊકળાટ ઉછાળા શાંત પાડવા, અને એમ જ માનવું કે આપણે આરામ લેવા—શરીરને વિશ્રાંતિ આપવા જઇએ છીએ. પછી આપણી સમજણ પ્રમાણે માનેલા આંતરમનની આગળ બે પ્રકારે દરખાસ્ત મૂકવી. એક તો આખી રાત શાંત અને આરામ ભરી ઊંઘ લાવે; ને બીજી, દિવસના અણઉકેલ્યા કોયડા કે કામોનો નિકાલ કરે, અથવા આવતી કાલ માટે નિર્ણય કરે.

દિવસ આખાનો કંટાળો કે થાક હોય અથવા સાંજે મગજ ઉશ્કેરાયું હોય તો સ્નાન (શિયાળામાં ગરમ પાણીએ) કરવાથી ઠેકાણે આવી જાય છે અને અજબ રાહત મળે છે. જોકે આપણને આપણી જાત ઉપર એટલો તો કાબુ હોવો જોઇએ કે જરૂર પડતાં

સગવડભર્યો છે ?

તમારા સૂવાના ઓરડામાં ભીંતો ખાસ કરીને આછા લીલા કે આસમાની રંગની હોવી જોઇએ.

સૂવાનો ઓરડો એવી જગ્યાએ હોવો જોઇએ કે બીજાઓનો તેમાંથી અવરજવર ન થાય.

જવાઆવવાથી બહુ અવાજ ન થાય તે માટે ઓરડામાં જાજમ પાથરેલી હોવી જોઇએ.

તમારા ઓરડાનાં બારીબારણાં રાત્રે અથડાતાં કે અવાજ કરતાં ન હોય તે ખાસ સંભાળજો.

ગરમીની ઋતુમાં આરામથી ઊંઘ લેવા માટે અવાજ કર્યા સિવાય ફરતો વીજળીનો પંખો કે હવા આવવાની સગવડ ખાસ હોવી જોઇએ

સ્નાન વિના પણ મગજને શાંત પાડી શકીએ. પણ એવી શક્તિ બધામાં ન હોય તેથી તે મેળવતાં સુધી સ્નાન દ્વારા શાંતિ અને આનંદ મળશે જ.

સૂવાનો ઓરડો

સૂવાના ખંડમાં વાદળી કે લીલા રંગ આગળ-પડતા હોય તે મગજને શાંતિ આપે છે. લાલ કે પીળા જલદ લાગે છે, તેથી સૂવાના ખંડમાં તેનો ઉપયોગ ન જ કરવો. વાતાવરણની અસર આપણા ઉપર ન થાય એટલી તો આપણી તાકાત હોવી જોઇએ. જોઇએ ત્યારે મનને કાબુમાં રાખી શકાય એવા થવું જોઇએ. પણ તેને સહાય રૂપ થનાર અને જલદી સરસ પરિણામ આપનાર રંગયોજના પણ વિચારવી જોઇએ.

સૂતા પછી ઘડિયાળ જોયા કરવાની ટેવ પણ સારી નથી. એથી મનનાં ચક્કરો પણ ફરવા માંડે છે. યોજનાપૂર્વક કરેલી શારીરિક શિથિલના મન ને શરીર બંનેને આરામ આપે છે. આવી શારીરિક વિશ્રાંતિમાં જાગતાં કે સૂતાં દરેક પળે તેમાં ક્રમિક વધારો થવો જોઇએ. સામાન્ય રીતે આપણે માનીએ છીએ કે જ્યારે સૂઇએ છીએ ત્યારે શરીર શિથિલ બને છે જ; પણ તેમાં હાથ પગને જ આરામ મળે છે.ચહેરાના સ્નાયુઓ ખેંચાએલા જ રહે છે. પૂરી વિશ્રાંતિ મેળવવા આખા શરીરમાં શિથિલતા થવી જોઇએ. શરીરના દરેક સ્નાયુ પરથી ખેંચાણ દૂર થવું જોઇએ કે પૂરતો આરામ મળે. ખેંચા-એલા સ્નાયુના દબાણથી ઊંઘ ઊડી જાય છે અથવા તંત્રસ્નાયુના ખેંચાણથી કેટલીક વખતે બહુ જ બિહા-મણાં સ્વપ્નાં આવે છે. નિદ્રાની પૂર્વતૈયારી વખતે જે જુદાજુદા અવયવો ખેંચાણ ભોગવતા હોય તે પર નજર કરી તેને નરમ પાડવા. એ અવયવોને ઢીલા પાડ્યા પછી એની શિથિલતા દર મિનિટે વધારવી. આ ક્રિયા ઊંઘ લાવવામાં સારી મદદ કરે છે. તબિયત નબળી ન હોય તો તો આવી શિથિલતા પથારીમાં પડતાં સહજ આવે છે. આ કુદરતી ક્રિયા અટકવા ન દેવી, પણ તેમાં વધારો કરવો જેથી નિદ્રાના પ્રેમાળ ખોળામાં સુખ મળે.

એક વખત એક માણસને એવું સ્વપ્નું આવ્યું કે

તમારૂં બિછાનું સૂવાલાયક છે ?

તમે પથારીમાં એકલા જ સૂઓ છો ને ?

તમારી પથારી ઓછામાં ઓછી ૩૯ ઇંચ પહોળી હોવી જોઇએ.

તમારા પલંગમાં ઊંચી ગૂંચળાંવાળી ઘણી કમાનો હોવી જોઇએ..

તમારી તળાઈમાં રૂના ગાંઠા ન હોવા જોઇએ.

તમારા પલંગની સ્પ્રિંગો એક હાથે ખેંચતાં અરધો ઇંચ માંડ ખસે એવી, અથવા તમારા ખાટલાની પાટી, ઉપર સૂવા છતાં જરા યે ખાડો પડે નહિ એટલી ખેંચેલી હોવી જોઇએ.

તમારી તળાઈ એટલી બધી નરમ ન હોવી જોઇએ કે તમારે પડખું ફેરવવા બેઠા થવું પડે.

તમારી પથારી કરતાં તે પરનો ઓછાડ ચારે બાજુ એકેક હાથ વધારે હોવો જોઇએ, જેથી કરચલી કાઢી નાખીને તેને ખેંચીને ચારે પડખે દબાવી શકો; અને તમે સૂતા હો ત્યારે પાછો ખેંચાઈ આવીને કરચલી પડી ન જાય.

તમારો ખાટલો એટલો મજબૂત છે ખરો ને, કે પાસું ફેરવતાં ચરડચૂં બોલે નહિ ?

ઓછામાં ઓછો ભાર હોય છતાં ખૂબ ગર-માવો આપે એવા કામળા કે રજાઈ શિયાળાની ટાઢ વખતે બિછાના પર હોવાં જોઇએ.

તમારી તળાઇ એટલી પોચી હોવી જોઇએ કે પડખે સૂતા હો ત્યારે તમારો હાથ તેમાં આરામથી પડ્યો રહે.

આગગાડી પૂલ સાથે અથડાઈ ને પોતે એ બે વચ્ચે ચગદાયો. એથી તે બેબાકળો ઊઠયો ને મદદ માટે બૂમો પાડવા લાગ્યો. એ ધોંધાટથી આખું કુટુંબ જાગી ઊઠયું. બધા તેના ઓરડામાં ધસી આવ્યા ને શું થયું એ પૂછવા લાગ્યા. દીવાના પ્રકાશથી જોયું તો ખબર પડી કે એ ભાઇનો પગ ઈસ અને પાયા વચ્ચેના સાંધામાં ભરાઇ ગયો હતો. એ અજાણતાં બન્યું હતું, સૂતાં પહેલાં સંભાળ નહિ લેવાથી સ્નાયુઓનું ખેંચાણ પણ કોઇકોઇ વખત આવી ઘટનાઓ ઊભી કરે છે.

એક ૫૦ વર્ષની સ્ત્રી ૨૦ વર્ષથી નિદ્રાલોપના રોગથી પીડાતી હતી. ભાગ્યે જ તે રાત્રે બે કલાક ઊંઘ પામતી. પથારીમાં તે આખી રાત આળોટયા કરતી પણ તેને ઊંઘ ન આવતી. એ અલ્પનિદ્રાને લઇને તે ચીડિયા સ્વભાવની થઇ ગઇ. તેનું મોં આખો દિવસ ચડેલું જ હોય. તેના કપાળમાં કરચલીઓ પડી ગઇ. આખો દિવસ તે અભાગી જેમ નિસાસા નાખતી દેખાતી. પછી તે બાઇને તેના સૂક્ષ્મ સ્નાયુઓને આરામ મળે ને ક્રમશ: આખા શરીરને વિશ્રાન્તિ મળે એવા ઉપચાર કરવા માંડયા. પહેલાં તેના હાથને વિશ્રાંતિ આપવી શરૂ કરી. એ રીતે ઝીણામાં ઝીણા સ્નાયુને આરામ આપવા સુધીના ઉપચાર કર્યા. એ રીતથી બેઠાંબેઠાં પણ સંપૂર્ણ આરામ લેતાં એ બાઇ શીખી ગઇ. હવેથી તે ખુશમિજાજમાં રહેવા લાગી. પરિણામ એ આવ્યું કે અંતે તેને પ્રભાતના પાંચ વાગ્યા સુધી ધસઘસાટ ઊંઘ આવવા લાગી ને વધારામાં બપોરે પણ થોડું ઊંઘતી. એથી તેના આખા શરીરની આંતરિક ક્રિયામાં ફેરફાર થઇ ગયો. તેનો સ્વભાવ સારો થઇ ગયો અને જાણે આખું જીવન પલટાઈ ગયું. જેને નિયમિત સૂવાની ટેવ હોય તેની ઊંઘના એકબે કલાક ખૂંચવી લઇએ તો તેની આંખ ઉપરથી જ તે ફેરફાર માલૂમ પડી આવે છે. જો આવી રીતે વારંવાર ઊંઘમાં ખલેલ પહોંચે તો અવશ્ય સ્વાસ્થ્ય બગડે.

જગતના બધા મહાન પુરુષો સારી રીતે ઊંઘ લેનારા હોય છે. ઘણી આગળપડતી વ્યક્તિઓની મહત્તા પણ વિશ્રાંતિને જ આભારી છે. એથી એમનું મગજ બહુ કામ આપે છે. આરામથી શરીરનું સૌંદર્ય પણ ટકી રહે છે. પૂરતો આરામ ન મળતો હોય તો સૌંદર્ય ઘટતું જાય છે. એવા ઘણા યે દાખલા મળી આવે છે કે મોટી ઉમરે પહોંચ્યા પછી પણ જીવનક્રમ નિયમિત બનાવીને ઘણા જણ સારીરીતે આરામ લેવાથી જુવાની સાચવી શક્યા છે. શરીરમાં રોગ ત્યારે જ દાખલ થાય છે કે વિશ્રાંતિ જોઇએ તેવી મળતી ન હોય.

રોગી શરીર ઊંઘનો અભાવ સૂચવે છે. એ અભાવ માણસને કોઇ રીતે ફાયદાકારક નથી. તેથી સ્થિર, શાંત મન અને લાગણીઓવાળુ સ્વાસ્થ્ય મેળવવા માટે ઊંઘ એ સૌથી પહેલું તત્ત્વ છે.

સૂવા જતાં પહેલાં શાંત ચિત્તે દિવસમાં કરેલો આનંદ યાદ કરવો જોઇએ અને દુ:ખ કે શોક હળવાં કરી નાખવાં. આ રીતે મનને ભારરહિત કરી સૂવાની ટેવ પાડવાથી ધસઘસાટ ઊંઘ જરૂર આવશે જ. પછી ભલે તરતમાં તેનો વિશેષ લાભ ન મળે.

કાર્યસાધક ઊંઘ લાવવાને માટે સૂતી વખતે બીજે દિવસે કરવાનાં કેટલાંક કામો પર વિચાર ચલાવવો જોઇએ. એથી ખરાબ સ્વપ્નાં આવવાને બદલે માનસિક કાર્યક્રમ ચાલુ થશે. એ વખતે જો લાગણીઓનું દબાણ મગજને અસર ન કરતું હોય તો અઘરા પ્રશ્નો સમજાતા જાય છે. સૂતી વખતે કામનો વિચાર કરવાથી કામનો નિકાલ થવામાં મદદ મળે છે અને બીજી રીતે લાગણીઓ ઊકળેલી ન હોય તો ઊંઘ લાવવામાં પણ સહાય થાય છે. માણસ જો પોતાનો ઉશ્કેરાટ કાબુમાં રાખી શકતો હોય અને જીવનમાં કપરી પળોએ પણ હમેશાં સ્મિત કરી શકતો હોય તો કાર્યસાધનામાં રોકાએલા માણસને ઊંઘમાં કદી પણ ખલેલ પડતી નથી તેનું ઉત્તમોત્તમ દૃષ્ટાંત પૂ. ગાંધીજી છે.

('હાઇજીઆ'ને આધારે)

રામ્સે મૅકડોનલ્ડ

(અનુસંધાન પૃ ૪૦૮થી)

હતો કે એનાં ભાષણો વખતે તોફાન થતાં અને કોઇવાર તો એને નાસી છૂટવું પડતું. પરંતુ મજૂર–પ્રધાન પરગણાંઓમાં એના પ્રત્યેનો પ્રેમ અને આદર કાયમ હતાં. જેમજેમ યુદ્ધ વધુ ઉગ્ર થતું ગયું તેમ તેની અપ્રિયતા પણ વધી. જે દેશ સ્વતંત્ર વિચાર, વાણી અને વર્તનની છૂટ આપવા બદલ મગરૂર છે ત્યાં પણ અંકુશ મૂકાવા લાગ્યા. સ્વતંત્ર મજૂર પક્ષ તરફથી પ્રસિદ્ધ થતાં ચોપાનિયાં જપ્ત થયાં, તેની ઑફિસ ઉપર પોલિસની ધાડ આવી, કાર્યકર્તાઓ સામે મુકદ્દમા મંડાયા. મૅકડોનલ્ડે સરકારની આવી નીતિનો કડક વિરોધ કર્યો.

પાર્લમેન્ટમાં અને બહાર પોતાના વિચારો એણે છૂટથી જણાવ્યા અને વાણીસ્વાતંત્ર્ય માટે લડત ચલાવી.

ચાર વર્ષના યુદ્ધ પછી યુરોપના દેશો થાકી ગયા. સૌ શાંતિ માટે આતુરતાથી રાહ જોતા હતા. મૅકડોનલ્ડ તો પહેલેથી જ શાંતિ ઇચ્છતો હતો, પણ એ શાંતિ મુત્સદ્દીઓ જેવી બાહ્ય શાંતિ નહિ, પણ અતરની હોય તો જ ચિરકાળ ટકે. પોતાનો આ વિચાર એણે અનેકવાર પાર્લમેન્ટમાં રજુ કર્યો હતો અને સરકારના જવાબદાર મંત્રીઓને જણાવી દીધું હતું કે જો યુદ્ધને અંતે યુરોપનાં રાષ્ટ્રોમાં જવાબદાર રાજતંત્ર ન સ્થપાય, શાંતિની ભાવના ન ફેલાય અને લડાયક મનોદશાનો અંત ન આવે તો લાખો શહીદોનું લોહી એળે જશે અને કર્યુંકરાવ્યું ધૂળ મળશે.

યુદ્ધ શાંત થયા પછી નવી ચૂંટણી થઈ. પ્રજાનો માનીતો—યુદ્ધકાળનો નેતા—પ્રપંચી લૉઇડ જ્યૉર્જ બહુમતિમાં આવ્યો. મજૂર પક્ષના ૫૭ સભ્યો ચૂંટાયા પણ મૅકડોનલ્ડ પોતે રહી ગયો. ચાર વર્ષ સુધી એણે યુદ્ધનો જે રીતે વિરોધ કરી પ્રજાને આકરાં વેણ સંભળાવ્યાં હતાં તેનો પ્રજાએ પૂરેપૂરો બદલો લીધો. ઝંઝાવાતમાંથી જન્મેલા પ્રચંડ અવરોધમાં એ ઘડીભર અદૃશ્ય થયો. પરંતુ કોને સ્વપ્ને પણ ખ્યાલ હશે કે છ વર્ષ પછી એ જ પુરુષ વિલાયતનો મહામંત્રી થશે, એ અંધારપ્રદેશમાંથી નીકળી રાજ્યદંડનો કબજો લેશે?

સોમનાથ દવે

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ વખતની હરીફાઈમાં ઉમેદવારોની સંખ્યા જૂજ છે, તે સાથે ગુણમાં પણ પરિણામ જોઇએ તેવું નથી. હરીફાઇનો મુખ્ય ઉદ્દેશ આકર્ષક અર્થવાહી ચિત્રો લેવાને ઉત્તેજન આપવાનો છે. ચતુર આંખ, બુદ્ધિભર્યો વસ્તુવિચાર ને સુંદર રચના એ ત્રણે બાબતો સાથે હોય તો જ સારૂં ફોટોચિત્ર નીપજે છે.

'બજાણિયાનું જીવન' એ નામથી ભાઈ જયંતિલાલ પાઠકે આ વખતે પાટણથી મોકલેલું એક જ ચિત્ર માત્ર ઉત્તેજનને પાત્ર થયું છે. કુદરતી માનવજીવન ગુજારતી જાતિઓ હમેશાં આકર્ષક ચિત્રો બતાવે



છે. આ ચિત્રમાં ભાઇ પાઠકે વધુ સંશોધન કરી ચિત્રરૂપ ભાગો જ લીધા હોત અથવા જુદા એન્લાર્જ કરી મોકલ્યા હોત તો કલામય ચિત્ર બની રહેત. આ જ ચિત્રમાંથી કેવી રીતે સુંદર ચિત્રભાગ લઇ શકાય તે બતાવવા અમે નીચે બે જુદાજુદા ખંડમાં તે બતાવ્યા છે. વસ્તુ પર વિચાર કરી ચિત્રયોગ્ય રચના ઉઠાવી લેવામાં જ દૃષ્ટાની કિંમત અંકાય છે. અમારી આ સૂચના ઘણાને માર્ગદર્શક થશે એમ માનીએ છીએ.

બીજા ફોટોગ્રાફોમાં વડોદરાથી ભાઇ નારાયણ કરાડીએ 'કલાભવન ગૅલેરી' પાડવામાં સારી ફોટોગ્રાફી બતાવી છે. પણ એકલી પર્સ્પેક્ટિવ અનાકર્ષક બને છે. ગૅલેરીમાં પડતા તડકાછાયા વચ્ચે બેત્રણ વિદ્યાર્થીઓ સંવાદ કરતા અથવા કોઈ સંતલસમાં મશગૂલ દેખાતા હોત તો દૃશ્ય સજીવ લાગત અને ચિત્રને ઊભું, આડું કે સીધું જોવું તેની તરત સમજણ મળત. ભાઇ અસદમિયાં સૈયદે ચિત્રપ્રસંગમાં સરસ ગ્રામ દૃશ્ય લીધું છે. પણ પાત્રો છૂટાં પડી જાય છે. બધાંની વચ્ચે સંબંધ બતાવે એવી રચના થઇ નથી. વળી દૂર–નજીકનાં અંતરો પ્રમાણે ચિત્ર આછુંઘેરૂં ન બનતાં એકસરખા વર્ણમાં છપાયું છે. મોંબાસાથી ભાઇ શંકરલાલ પટેલે 'પાળેલું પ્રાણી'

(અનુસંધાન પાછળ પાન ૪૧૮મે)





ઉપરના જ ફોટોગ્રાફમાંથી સુંદર ચિત્રભાગ આ રીતે જુદા પાડી વધુ સારાં ચિત્ર મેળવી શકાય.

સ્મરણયાત્રા

૪૧][તેરદાળનું મૃગજળ

પરણ્યા પછી થોડે જ દિવસે અમે જમખંડી ગયા. પિતાશ્રી અમારા પહેલાં પહોંચી ગયા હતા. અમારી જોડે સામાન ઘણો હતો, તેથી કુડચી સ્ટેશન પર મારે લગેજના બમણા પૈસા આપવા પડેલા એ મને યાદ છે. રાત્રે જ અમે બળદગાડીમાં બેસીને ઉપડ્યા. બંને બળદ ધોળા અને કદાવર હતા. રંગ, શીંગડાંનો આકાર, મુખમુદ્રા અને ચાલવાની ઢબ, એ બધાંમાં બંને સરખા હતા. અમારે ત્યાં આવી જોડને ખિલ્લારી કહે છે. આ બળદોએ અમને ચોવીસ કલાકમાં ૩૫ માઇલ પહોંચાડી દીધા. જમખંડી જતાં રસ્તામાં તેરદાળ આવે છે. તેરદાળ પાસે અમે પહોંચ્યા ત્યારે મધ્યાહ્નનો સમય થયો હતો. જમણી બાજુ ખેતરો દૂરદૂર સુધી પથરાએલાં હતાં. ઘણે દૂર, લગભગ ક્ષિતિજ પાસે એક મોટી નદી વહેતી હતી. પાણી પર સખત તડકો પડતો હોવાથી એ ચળકાટ મારતું હતું અને પાણી કેટલા જોરથી વહે છે એનો પણ કંઇક ખ્યાલ આવતો હતો. આવી સુંદર નદીને કાંઠે ઝાડ કેમ ઓછાં એ હું સમજી ન શક્યો. મેં ગાડીવાળાને પૂછ્યું, ' આ નદીનું નામ શું ? કેવડી મોટી દેખાય છે ? એ કૃષ્ણા નદી તો ન હોય ?' ગાડીવાળો હસ્યો: 'અહીં વળી નદી કેવી ? એ તો મૃગજળ કહેવાય. પાણીના આ દેખાવથી બિચારાં હરણો છેતરાય છે, અને તડકામાં દોડીદોડી તરફડિયાં મારીને મરી જાય છે, તેથી એને મૃગજળ કહે છે.'

મૃગજળ વિષે મેં વાંચેલું તો હતું. મૃગજળમાં ઉપરનાં ઝાડનું પ્રતિબિંબ પણ દેખાય છે, રણમાં ચાલતા પડછાયા પણ દેખાય છે વગેરે માહિતી અને એનાં ચિત્રો મેં ચોપડીમાં જોએલાં. પણ હું માનતો કે ઝાંઝવાં તો આફ્રિકામાં જ દેખાતાં હશે, સહરાના રણની એકવીસ દિવસની મુસાફરીમાં જ એ અદ્ભુત દૃશ્ય જોવા મળતું હશે. હિંદુસ્તાનમાં પણ મૃગજળ હોય એવી મને કલ્પના હોત તો હું આટલી સહેલાઇથી અને આટલો આબાદ છેતરાઈ ન જાત.

હવે હું જોઈ શક્યો કે અમે જેમજેમ ગાડામાં આગળ જતા હતા તેમતેમ પાણી પણ જોડેજોડે આગળ ખસતું જતું હતું. મેં એ પણ જોયું કે પાણીની આસપાસ લીલોતરી નહોતી. અને પાણીનો પટ આસપાસની જમીનથી નીચાણમાં નહોતો; જમીન ઉપરથી જ પાણી વહેતું હતું. ઉપરની હવામાં પણ તડકાની અસર દેખાતી હતી. પછી તો ઝાંઝવાંની મજા જોવામાં અને એનું સ્વરૂપ સમજવામાં ભારે આનંદ આવવા લાગ્યો. બિચારા બળદો આંખો અર્ધી મીંચીને પોતાની ગતિના તાલમાં એકસરખા ચાલતા હતા. એકાદ બળદ ચાલતાં ચાલતાં મૂતરે તેનો આલેખ જમીન પર પડતો, તે થોડી જ વારમાં સૂકાઇ જતો. અમે અર્ધેઅર્ધે કલાકે કૂજામાંથી પાણી લઇને પીતા, તો યે તરસ છીપતી નહિ.

આમ કરતાં તેરદાળ આવ્યું. ધર્મશાળા પથ્થરની બાંધેલી હતી. દેશી રાજ્યનું ગામ એટલે ધર્મશાળા તો સરસ બાંધેલી હતી, પણ ધૂમ તડકાને લીધે એ પણ અળખામણી લાગી. મુકામે પહોંચ્યા પછી હું તળાવમાં નહાઈ આવ્યો. સાથે પૂજાના દેવો હતા. એમને નેતરની પેટીમાંથી બહાર કાઢી પૂજા માટે ગોઠવ્યા. દેવોમાં એક શાલિગ્રામ હતો. એ તુલસીપત્ર વગર જમે નહિ, એટલે દદડતે ધોતિયે પણ ઉઘાડે પગે હું તુલસીપત્ર લાવવા ઉપડ્યો. એક ઘરના આંગણામાં ધોળી કરેણનાં ફૂલ પણ જડયાં ને તુલસીપત્ર પણ મળ્યાં. બપોરનો વખત, પેટમાં ભૂખ, પગ દાઝે, માથું તપી ગએલું,—આવા ત્રિવિધ તાપમાં હું પૂજા કરવા બેઠો. દેવો કંઇ ઓછા ન હતા. ઇશ્વર એક છે ખરો, પણ તેથી બધાના વતી એક જ દેવની પૂજા કરૂં તો ચાલે એમ ન હતું. પૂજા કરતાં આંખે અંધારાં આવ્યાં. માંડમાંડ પૂજા પૂરી કરી અને જમીને સૂઇ ગયો.

સ્વપ્નામાં હરણાંનું એક મોટું જૂથ દડાની જેમ દોડતું મૃગજળનાં પાણી પીવા જતું હતું.

૪૨][ફોટોની ચોરી

નાનપણમાં ટાઇપની ચોરી કર્યા પછી મેં મન સાથે નક્કી કર્યું હતું કે હવે પછી આવું આપણાથી ન થાય. છતાં ચોરીની ખાસ ઇચ્છા રાખ્યા વગર મારે હાથે એક ચોરી તો થઇ જ ગઇ.

મુધોળમાં અમે સરકારી પરોણા તરીકે રહેતા

હતા. હું ધારું છું કે વ્યંકટેશના મંદિરમાં અમારો ઉતારો હતો. ત્યાંથી ઘણીવાર અમે ફરવા જતા. એક દિવસ અમે યુરોપીઅન મહેમાનોને માટે ખાસ બનાવેલું ગેસ્ટ-હાઉસ જોવા ગયા. તેમાં તો જોવા જેવું શું હોય? બંગલા જેવો બંગલો. રાચરચીલું ખૂબ હોય. કેટલાંક ચિત્રો ટીંગાડેલાં હોય. સૌંદર્ય કે કળાની દૃષ્ટિએ એમાં કશું ન મળે. બંગલાના ખાનસામાએ યુરોપીઅન લોકો કેવી રીતે રહે છે, કેવી રીતે ખાય છે, કેવી રીતે નહાય છે એ બધું કહ્યું. મને તો એ આખા બંગલામાં ત્રણ જણ ત્રણ દિશાએ મોઢું રાખીને બેસી શકે એવી મોટી ખુરશી જ આકર્ષક લાગી. ત્રિકોણી સ્વસ્તિક જ સમજોને. અમે એ બંગલા તરફ જતા તે એની આસપાસનો બગીચો જોવા. ત્યાં ચમેલીનાં એટલાં બધાં ઝાડ હતાં કે આઇએ ત્યાંથી રોજ ફૂલ મંગાવી ઘરના મહાદેવને એક લાખ ફૂલ ચડાવ્યાં. રોજ ફૂલો ગણવામાં મારી બે ભાભીઓ, મારી સ્ત્રી અને હું બધાં જ આખી સવાર ખર્ચી નાખતાં.

એ બંગલામાં એક નાનકડી ઓરડીના ખૂણામાં એક સુંદર વેંતિયું અભરાઇયું હતું, ને એના પર એક ગોરી બાઇનો નાનકડો ફોટો રાખેલો હતો. એ બંગલામાં રહી ગયેલી કોઇ બાઇનો હશે. બાઇ ખૂબ જાડી હોવી જોઇએ. એના માથાના ઓળેલા વાળ પણ એવા વિચિત્ર હતા કે આપણને ગમે નહિ! પણ એ ફોટો પાડેલો હતો બહુ સુંદર. ઉતાવળમાં એને હું બરાબર જોઇ ન શક્યો, અને છતાં એ નજરમાં ઠરી ગયો.

બીજી વાર જ્યારે એ જ બંગલા તરફ પિતાશ્રી સાથે હું ફરવા ગયો ત્યારે એ ફોટો જોવો છે એટલું મગજમાં રહી ગયેલું. ત્યાં ને ત્યાં જ ઊભો રહીને જોવા માંડું તો પિતાશ્રીનું ધ્યાન જાય! એ માને કે સ્ત્રી રૂપ જોવા જેટલો દત્તુ અવિવેકી થયો છે. પણ મારે તો એ ફોટો પરનું re-touching જોવું હતું, અને છાતીનો નીચલો ભાગ વાદળાંના આકારમાં બ્લાઇનેટ કરી નાખ્યો હતો તે જોવું હતું. જોવાનો લોભ છૂટે નહિ અને પિતાશ્રીના દેખતાં જોવાની હિંમત થાય નહિ. મેં એ ફોટો ઉપાડીને હાથમાં લીધો. એ આશાએ કે બંગલામાં ફરતાંફરતાં એ જોઇ લઉં, અને બહાર નીકળતાં પહેલાં ખાનસામાના હાથમાં આપી દઉં. ખાનસામા, પટાવાળાઓ અને સાથેનો કારકુન બધા જ પિતાશ્રીને ખુશ કરવામાં મશગુલ હતા. પણ પિતાશ્રી તો હું પાછળ ન રહી જાઉં એ વિષે ઇંતેજાર હતા. એટલે ફોટો પાડનારની કળા ધરાઇને જોવાની મને તક જ ન મળી, ને ફોટો પાછો આપવાનો પ્રસંગ હું જોઇ ન શક્યો. પેલો નાલાયક ખાનસામા જરા પણ પાછળ રહેત તો એને હું ફોટો સોંપી દેત. પણ એ શાનો પાછો રહે?

હવે શું કરવું? પિતાશ્રી મારા હાથમાં ફોટો જુએ તો તો માર્યા જ ગયા. તો તો એ જરૂર માને કે યુરોપીઅન રમણીનો ફોટો જોઈ એણે એ હાથમાં લીધો છે અને આટલો ફેરવે છે. શું કરવું એનો વિચાર કરવા જેટલો પણ વખત રહ્યો ન હતો. મૂંઝાએલા માણસને જ્યારે છેલ્લી ઘડીએ કંઇક નક્કી કરવાનું હોય છે ત્યારે એ અચૂક અવળું જ નક્કી કરી બેસે છે. મેં ફોટો મારા ગજવામાં મૂકી દીધો, અને આવેલો પ્રસંગ ટાળ્યો. ફોટો છાતી પરના ગજવામાં હતો, પણ આખે રસ્તે મને એ મણના ભાર જેવો લાગ્યો. ઘેર આવ્યો ત્યાં બીજી ચિંતા મનમાં પેઠી. જો પેલો ખાનસામા પિતાશ્રી પાસે આવીને ફોટો ગુમ થયાની વાત કરશે તો? આવી નજીવી વસ્તુ માટે પિતાશ્રી સુધી આવવાની ખાનસામાની હિંમત નહિ જ ચાલે એવો વિચાર પણ મારા મનમાં ન આવ્યો. ચોર તો બીકણ જ હોયને? વિચાર કરીને મેં નક્કી કર્યું કે આપણે એટલા તો કાદવમાં ઊતરી ગયા છીએ કે પાછા જવામાં માલ નથી. હવે રહેલો કાદવ ખૂંદીને સામે કાંઠે ગયે જ છૂટકો. મુદ્દામાલનો નાશ કર્યો એટલે આપણે નિશ્ચિંત થયા. ફોટો ફાડી નાખું અને એનો કકડો ક્યાંયથી જડે તો? ચૂલામાં બાળવા જાઉં અને અચાનક આઇ એ જુએ અને 'શું છે?' કરીને પૂછે તો? ફાડીને એના કકડા શૌચકૂપમાં ફેંકી દઉં અને સવારે ભંગીનું એ તરફ ધ્યાન જાય તો? બહાર દૂર સુધી ફરવા જાઉં અને ખેતરોમાં એ કકડા ક્યાંય દાટી આવું તો બને એમ હતું. પણ ફરવા જઈએ—અરે, ઘર બહાર જરા પણ દૂર જઇએ તો એકાદ પટાવાળો સાથે હોય જ. રોજ પટાવાળાને સાથે રાખવાને ઇંતેજાર હું આજે જ એકલો જવા માગું તો યે એ તરફ વહેમ જાય.

ત્યારે આ ફોટાનું કરું શું? લેડી મૅકબેથને જેમ પેલા લોહીના ડાઘા નડ્યા તેવી મારી સ્થિતિ થઇ.

એ ફોટો અમર છે અથવા રક્તબીજ છે એવું જ મને થઇ ગયું. આખરે એક આબાદ ઉપાય સૂઝ્યો. એ ફોટોને લઇને હું શૌચ ગયો. ત્યાં એને પાણીમાં સારી પેઠે પલાળ્યો, અને પછી એના કકડા કરી એકએક કકડો બે આંગળી વચ્ચે ચોળીચોળીને એનો માવો બનાવ્યો, અને આખરે એનો સૂકાઇને ભૂકો થઈ ગયો ત્યારે માટીમાં ભેળવી ફેંકી દીધો.

બે રાત સુધી મને ઊંઘ આવી નહિ. આપણે શું કરવા ગયા ને શું થયું એ જ મનમાં આવવા લાગ્યું. ફોટોનો નાશ થયો એટલે મને થયું હતું કે હવે આપણી ચિંતાનો નાશ થયો. પણ એટલેથી પતે એમ ન હતું. ફરીવાર જ્યારે એ ગેસ્ટ હાઉસ તરફ અમે ફરવા ગયા ત્યારે એ ખાનસામા મારી સાથે જ ફરે, મારો કેડો મૂકે નહિ. ગુનેગાર મન જોઇ શક્યું કે ખાનસામાની આંખમાં આદર કે ખુશામત ન હતાં, પણ પૂરેપૂરો વહેમ હતો. મને થયું કે એક ચોરી કરીને હું કેટલો દીન થયો છું કે આ ખાનસામો પણ મારાથી મોટો માણસ થઇ ગયો છે! એ મારા પર ચોકી રાખે છે! મેં ઉતાવળે ઉતાવળે બગીચામાં ફરી લીધું. ત્યાંથી પાછા ફરતાં આખરે ખાનસામાએ મને કહ્યું જ કે 'સાહેબ, અમારો એક ફોટો ખોવાય છે.' મારી આંખે અંધારાં આવ્યાં. શો જવાબ આપવો એ મને સૂઝ્યું નહિ. મારે પ્રતિષ્ઠાની ઢાલ આગળ કરવી હતી. હું ચીડાઇને એટલું જ બોલી શક્યો કે 'હું પિતાશ્રીને કહીશ.' પણ મારો અવાજ નક્કર શાનો નીકળે?

પાછા ફરતાં આમાંથી યે નવું સંકટ મેં જોયું. કારકુન પટાવાળાના દેખતાં હું બોલી ચૂક્યો કે 'હું પિતાશ્રીને કહીશ.' હવે ન કહું તો મારી ચોરી સિદ્ધ થવાની. એટલે હિંમત કરી મેં પિતાશ્રીને કહ્યું કે ખાનસામો આવું બોલ્યો. પિતાશ્રીના સ્વપ્નામાં યે એ વાત ન આવી શકે કે દત્તુ ફોટોની ચોરી કરે. પિતાશ્રીના બે કૅમેરા હતા; નાનાના બીજા ત્રણ. અને ઘરમાં ફોટોનો તો ઢગલો પડેલો. એટલે પિતાશ્રીએ મારૂં ઉપરાણું લીધું અને માણસને મોકલી ખાનસામાને બોલાવ્યો. એની સારી પેઠે ઝાટકણી કાઢી અને કહ્યું કે 'હમણાં ને હમણાં કારભારીને ચિઠ્ઠી લખી તને બરતરફ કરાવું છું.' ખાનસામો ડરી ગયો. બળિયા જોડે એના જેવા ગરીબથી બાથ કેમ ભીડાય? એણે મારી પાસે આવી મારી માફી માગી. મારૂં મોઢું ફિક્કું પડી ગયેલું એ પણ મારા ધ્યાનમાં હતું. પિતાશ્રીએ પણ મારા તરફ જોયું. એમને થયું હશે કે વગરકારણે આવા તુચ્છ માણસને હાથે થયેલું અપમાન અસહ્ય થવાથી મારૂં મોઢું ઊતરી ગયું છે.

હું ભલે સરકારી અમલદારનો દીકરો હોઉં અને પેલો ખાનસામા ભલે દેશી રાજ્યના ગેસ્ટ–હાઉસનો ગરીબ નોકર હોય, પણ હૃદયના ત્રાજવામાં અમે બંને સરખા માણસો જ હતા. એની ખાતરી હતી કે હું ગુનેગાર છું. અને હું પણ જાણતો હતો કે મારે જ એની માફી માગવી જોઇએ. પિતાશ્રી જો સાચે જ કારભારીને ચિઠ્ઠી લખે તો તો મારે વાંકે એ બિચારાની રોજી જવાની અને એનાં બાળબચ્ચાં રખડવાનાં. અમારી બેની આંખો જ્યારે મળી ત્યારે મારી શી દશા થઈ હશે એની કલ્પના નિર્દોષ હૃદયોને તો આવે જ નહિ. મેં ઉતાવળ કરી એ પ્રકરણ ત્યાં જ પૂરૂં કરાવ્યું. પણ ફરી કદી ગેસ્ટ–હાઉસ તરફ ફરવા ગયો નહિ.

આ આખા પ્રકરણમાં એક પણ પગથિયે સત્ય કહી દેવાની હિંમત મારામાં આવી હોત તો કેવું સારૂં થાત! પણ તેમ બનવાનું ન હતું. આજે એ બધી વસ્તુનો એકરાર કરી કંઇક સમાધાન મેળવી લઉં છું.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

સિંધુ

(એક અન્યોક્તિ)

• શાર્દૂલવિક્રીડિત •

ટોળાં કૈંક તૃષાર્તનાં ટળવળે, પીવા ન પાણી જરી,
આકાશે ખગચાતકો જળ વિના આક્રન્દતાં જોરથી;
પોતે છે જળનો નિધિ પણ ત્યહીં આવી ન ચંચુ ભરે,
સિંધુ એ દુઃખથી મહા રુદન આ ઘેરે રવે આદરે.

રતિલાલ શુક્લ

હિંદનાં શિલ્પ-સ્થાપત્ય


ઐતિહાસિક સ્મૃતિનાં સ્થાનો, કલામય મંદિરો, મૂર્તિઓ અને અનુપમ કોતરણીનાં શિલ્પકામો જોયા વગર આપણી કેળવણી અધૂરી ગણાવી જોઇએ. મથુરા, જેપુર, મુંબાઇ, મદ્રાસ અને કલકત્તાનાં સંગ્રહસ્થાનો પણ નીરાંતે જોવા જવું જોઇએ. મદ્રાસ અને કલકત્તાનાં સંગ્રહસ્થાનો એ નામને યોગ્ય છે. ત્યાં બીજી હજારો ચીજો કેવી હોય છે તેનું વર્ણન કરતાં તો વિષયાંતર થઇ જાય, પણ હિંદી કળાના સૈકા વાર નમૂના ત્યાં બહુ સારી રીતે ગોઠવેલા છે. એ ધ્યાનપૂર્વક જોવાથી મહાદેવજીને ત્રીજું નેત્ર ઊઘડયું હતું એમ આપણને પણ આ સ્થૂળ નેત્રો ઉપરાંત એક ત્રીજું નેત્ર ઊઘડી જાય છે, જીવન મધુરૂં લાગે છે અને ઉન્નત થઈ જાય છે.

પ્રાચીન સાહિત્યના અભ્યાસ, શોધખોળ અને પ્રસિદ્ધિ આપણે કર્યાં. સંસ્કૃત ભાષાનાં ઉત્તમ પુસ્તકોનો અભ્યાસ અને ભાષાંતરો થયાં એનું શું પ્રયોજન હતું? જે વારસાના આપણે અધિકારી છીએ તે વારસો આપણે એ પરથી લીધો. એ જ મનોવૃત્તિથી આપણે જૂની કળાઓ સમજી લેવાની છે. એને ઊંડી દૃષ્ટિથી તપાસીશું કે ઐતિહાસિક સમયોના સાહિત્યના જ્ઞાન જોડે એને મૂકી જોઇશું તો આપણા પ્રતાપી ભૂતકાળનું એક અજબ દર્શન થશે. દરેક પ્રજાનું કંઇ ને કંઈ વ્યક્તિત્ત્વ હોય છે; એને કંઈક સંદેશો આપવાનો હોય છે. આપણું વ્યક્તિત્ત્વ શું હતું તે આપણે સમજી લેવું જોઇએ અને સંદેશો પણ જાણી લેવો જોઇએ. કલાનું અવલોકન આપણને એ શીખવશે. એનાથી બીજો પણ એક મોટો લાભ એ થશે કે આપણી રસવૃત્તિ કેળવાશે. પુસ્તકો, પ્રયોગશાળાઓ, કુદરત, કાવ્યો અને કથાઓ આપણને ઇંદ્રિયોથી પર એવું ઉચ્ચ સુખ આપે છે. કળાનું અવલોકન એ સુખમાં ઉમેરો કરશે. જડ પથ્થરો આપણી જોડે વાતો કરશે અને દિવ્ય આનંદધામનાં દર્શન પણ કરાવશે.

કેવળ એક તાજમહાલને જ જોવા માટે છેક અમેરિકા ને યુરોપથી હજારો રૂપિયાનાં ખર્ચ કરીને કલારસિક લોકો આવે છે. એક મુસાફરે લખ્યું હતું કે 'હિંદુસ્તાનમાં ત્રણ ચીજો જોવા હું આવ્યો છું: તાજમહાલ, હિમાલય અને મહાત્મા ગાંધી.'

શાહજહાં બાદશાહે પોતાની પ્રિય પત્ની મુમતાઝ બેગમના સ્મરણમાં તાજમહાલ બંધાવ્યો. આર્ય શિલ્પશાસ્ત્રમાં પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વો પરથી જે પંચરત્ન દેવાલય થાય છે એવો ઘાટ એને માટે પસંદ કરવામાં આવ્યો અને શુદ્ધ દૂધ જેવા સફેદ આરસમાંથી એને ઘડવામાં આવ્યો છે. એમાં ઊંચો વિશાળ ચોક છે. બે બાજુએ બે મસ્જિદો છે. પાછળ યમુના નદી વહે છે, ચાર બાજુ એકસરખા ઊંચા ચાર મિનારા અને આગળ ફુવારાવાળા બગીચામાં બે બાજુ ઊંચાં લીલાં સરૂની હારો છે. વચલો ઘૂમટ ઊંચો છે અને ભવ્ય લાગે છે. વિશાળતા અને ઊંચાઈ પુષ્કળ હોવા છતાં એ દૈત્ય જેવો રાક્ષસી લાગતો નથી. મનોહર, કોમળ અને મોગરાનાં ફૂલ જેવો એ શુદ્ધ છે. સાચાં મોતીના હાર જેવો, સુંદર સરોવરમાં ઊગેલા કમળ જેવો અને મીઠાં ગીત જેવો એ છે. પાણી ઠરીને બરફ થઇ જાય છે તેમ મહાન શાહજહાંનના હૃદયનું કરુણ રસિક કાવ્ય જાણે અહીં ઠરી જઇને અમર દેહ ધારીને ઊભું છે.

વળાંક લેતી યમુના નદીને કિનારે ઊભેલો એ તાજમહાલ દૂરથી ભૂરા આકાશમાં ગંભીર અને મહાન લાગે છે. એની સરહદમાં પેસતાંની સાથે જ કોઇ દેવતાઇ સ્થળે જતા હોઇએ એમ લાગે છે. દરવાજામાં પેસતાં કોઇ મખમલની પેટીમાં મૂકેલા રત્નજડિત અમૂલ્ય અલંકાર જેવો એ શોભે છે! બધું વાતાવરણ શાંત દિવ્ય જ્યોતિથી ભરેલું અને ઉન્નત લાગે છે! એ તાજ માટે શિલ્પીઓએ જાણે કૈલાસમાંથી સૌંદર્ય આણ્યું છે; ઇંદ્રપુરીમાંથી ઠાઠ આણ્યો છે અને વૈકુંઠમાંથી વૈભવ મેળવ્યો છે. અંદર મુમતાઝ અને શાહજહાંની કબરો ઉપર રંગબેરંગી પથ્થરો વડે જડિતકામ કરવામાં આવ્યું છે. પાસેનો કઠેરો પણ કોતરકામ, નકસીની કારીગરી અને જડિતકામની અપૂર્વ શોભાથી અલંકૃત છે. આ કબરોની નીચે ભોંયરામાં બીજી ખરી કબરો છે. ત્યાં જવાના માર્ગે, બાજુ પરના



કાશીનો ગંગાકાંઠો : ફોટો : પંચાણભાઈ વારા–જામનગર

ખંડ બધું જ અલૌકિક છે. ઉપરની કબર પાસે ઊભો રહી જે વખતે મુજાવર કલમા પઢે છે તે વખતે બુલંદ ઘૂમટને લઇને એનો અવાજ પડઘાને પ્રતિપડઘાથી એવો ગાજી રહે છે કે જાણે નાદબ્રહ્મ પોતે આપણી નજર સમક્ષ દર્શન આપવા આવ્યા હોય! અહીં નિર્મળ પ્રેમ, પ્રવિત્રતા અને ભક્તિભાવ જાણે બધે વ્યાપેલાં હોય એમ લાગે છે! અલૌકિક સૌંદર્ય, મનુષ્ય-કૃત અદ્દભુત સૃષ્ટિલીલા અને આનંદનાં સરોવર અહીં ઊભરાઈ રહ્યાં છે! પૂર્ણિમાની અજવાળી રાત્રિએ યમુનામાં ચાંદની છવાએલી હોય તે વખતે તાજ-મહાલના ચોકમાં ફરવું એ સ્વર્ગમાં ફર્યા બરાબર છે.

હું ત્રણ વખત આગ્રા ગયો છું. એ ત્રણે વખત તાજના ટોડાઓ ઉપર બેસીને ત્યાંનાં સૃષ્ટિસૌંદર્ય અને કલામાંથી ઝરતો અમૃતરસ મેં પીધો છે. વાચક-વર્ગને મારી ખાસ આગ્રહપૂર્વક સલાહ છે કે એમણે જરૂર ઓછામાં ઓછું એક વાર તો તાજમહાલ જોવા જવું અને જીવનને ઉન્નત કરવું. જયપુર એની એક-સરખી બાંધણીને માટે જોવાલાયક છે. હમણાં રંગીન લાખની ભાતવાળી પીતળની રકાબીઓ, થાળ, લોટા અને દીવાનખાનાના શણગારની અનેક સુંદર વસ્તુઓ એની હુન્નરશાળામાં મુરાદાબાદના જેવી બનવા લાગી છે. રાજ્યમહેલ, સંગ્રહસ્થાન અને અંબર ખાસ આપણાં નવાં અને જૂનાં સ્થાપત્યની દૃષ્ટિએ જોવાં જોઇએ.

આ જયપુર અને મુરારાબાદની ફૂલદાનીઓ, કોતરણી અને રંગોવાળી તાસકો, હરણ, હાથી વગેરે રમકડાં, દીવાનખાનાં શોભાવવા યુરોપ અમેરિકામાં પુષ્કળ ખપે છે! કાશીમાં લોટા, કીનખાબ અને પીતળકામ હજી પણ સરસ થાય છે. કાશીના ઓવારા પણ સોળમીથી ઓગણીસમી સદીના આપણા સ્થા-પત્યના નમૂના છે. એ ઓવારાને પાછા જાતજાતના ઘાટ છે. હોડીમાં બેસીને એક છેડેથી બીજે છેડે જઇએ એટલે એ બધા જોવાઈ જાય છે. જેરૂસલમ કે મક્કા કરતાં પણ કાશી જૂનું છે. હિંદુ માત્રના જીવનમાં એક પરમ અભિલાષા રહે છે કે મરતાં પહેલાં કાશીનાં દર્શન કરવાં. ગંગાજીમાં સ્નાન કરતાં અને એમનાં દર્શન કરતાં હજારો ભાવિક યાત્રીઓને

આ ઓવારાઓ પરથી જોવાં એ પણ એક દેવતાઈ દર્શન છે. વહેમ, અજ્ઞાન, અનીતિ, પાખંડ ને ધૂર્તતાએ સનાતન હિંદુ ધર્મમાં ઘણો સડો ઘાલ્યો છે અને યાત્રાનાં સ્થાનોએ એ સડો સવિશેષ જોવામાં આવે છે. પરંતુ તેમ છતાં ભાંગી ગએલા એ ઓવારાઓ જેવો હિંદુ ધર્મ હજી યે ઊભો છે; જમીનદોસ્ત નથી થયો. ધાર્મિક જીવન ને ભક્તિભાવની જ્યોત હજી ધીમી ધીમી બળે છે; ને અગ્નિ છે તો એક દિવસ ભડકો થશે.

ઉપર મુજબ આપણી હિંદની કલાસમૃદ્ધિ છે. હજી યે કિલ્લા, શહેરો, વાવો, ઘૂમટો મહેલો અને ઓવારા બાંધનારા શિલ્પીઓનાં સંતાન દેશભરમાં સ્થળેસ્થળે જોવામાં આવે છે. રેલવેના પુલો, પબ્લિક વર્ક્સ ખાતાનાં મકાનો અને સ્ટેશનો તથા મીલો બાંધવાના કંટ્રાક્ટ હજી પણ આપણા જૂની ઢબથી વંશપરાપરની રીતો શીખેલા કડિયા સુતારો નવી કેળવણી લઇને ભણેલાઓ કરતાં સારી રીતે કરે છે. મુંબાઇની પોસ્ટ ઑફિસનો ઘૂમટ નવા ભણેલાઓએ બાંધ્યો ને તરત તૂટી પડ્યો હતો. જૂનાઓની સલાહથી એ ફરી થઇ શક્યો. અગાશીઓનાં ધાબાં નવા ઇજનેરોને હજી બાંધતાં જ નથી આવડતાં. તેમ છતાં જૂના અનુભવમાં નવી વૈજ્ઞાનિક કેળવણી મળવાથી ઘણો લાભ થશે. બધી જ જીવંત પ્રજાઓ બીજા દેશો પાસેથી એમનું ઉત્તમ હોય તે શીખતાં કદી શરમાતી નથી.

દેશમાં હજી પણ બુદ્ધિબળ, કળાકૌશલ્ય અને મોટાં બાંધકામ કરવાની શક્તિ છુટકછુટક વેરાએલી તો પડી છે. જોધપુરના મહારાજા મોટો મહેલ બનાવે છે. ભોપાળ રાજ્યમાં ભવ્ય મસ્જિદ બની રહી છે વૃંદાવનમાં પણ કેટલાંક નવાં મંદિરો ઘણાં વર્ષોથી થઇ રહ્યાં છે! એ સ્થપતિઓ જોકે પોતાની શિલ્પકળામાં પશ્ચિમનું ઘણું ભેળવી રહ્યા છે. બુંદીકોટા તથા રજપૂતાનામાં અને મથુરામાં આપણી શિલ્પકળા અને સ્થાપત્ય એના શુદ્ધ સ્વરૂપમાં હજી જીવે છે.

કોઈ તો હજી કહે છે કે ઉત્તેજન આપનાર હોય તો લાવો બીજો તાજ બનાવી આપીએ! પરંતુ એ સમૃદ્ધિ, એ કલાપ્રેમ, એ આરામ, એ આત્માની મહત્તા અને સ્વતંત્રતા, હાલની પ્રજામાં નથી. ધર્મ શુદ્ધ કર્યા વગર આખું રાષ્ટ્ર એક પ્રજા તરીકે જૂનાં ખોખાંને હવે શ્રદ્ધા કે ભક્તિથી વળગી નથી રહેવાનું. ભારતવર્ષે અસંખ્ય વાર જૂની રૂઢિઓને લાત મારીને ફેંકી દીધી છે અને નવાંનવાં એકીકરણ તથા સમન્વય કરીને એણે પ્રજાજીવન ઉન્નત અને વેગવાન બનાવ્યાં છે. હાલમાં રાજાઓ ભ્રષ્ટ થયા છે, એમનાં ધન દૂષિત છે. નવી શિલ્પકળા તો હવે પ્રજાકીય સમૃદ્ધિ વડે તથા નવી પ્રેરણાઓ આપે એ માર્ગે વાળવી પડશે. માત્ર વિવેક વગરના વર્ણસંકર જેવા છુટકછુટક પ્રયત્નોથી આપણું દળદર નથી ફીટવાનું. રાજામહારાજાઓ કે ધનવાનો માત્ર પોતાના વિલાસ માટે મહેલો બાંધે એની રચનામાં ગંભીરતા, ધાર્મિકતા કે ભવ્યતા કદી આવી શકે જ નહિ.

મૂર્તિઓના પૂજક તો બધા જ છે. મૂર્તિ ભાંગનારા પણ કબરો, ચક્રો, ગ્રંથ સાહેબ, સ્વામી દયાનંદજી અને ક્રૉસને પૂજે છે. 'તમે જ માતા, તમે જ પિતા, તમે જ સખા, તમે જ બધુ!' એમ કહીને પ્રભુને સંબોધન કરનારાઓ પણ માતાની, પિતાની કે બંધુની મૂર્તિ, મન આગળ ખડી કર્યા વગર પ્રભુને સમજી શકતા નથી. સ્થૂળ કે માનસિક, મૂર્તિ તો બધા જ બનાવે છે. અરે બાળકોના રાષ્ટ્રધ્વજને માટે લાઠીઓ મારવા મોટામોટા મહારાજ્યના અમલદારો જ્યારે પોતાની ફરજ સમજે છે ત્યારે મૂર્તિપૂજામાં પાપ છે એમ તો આપણે હવે નહિ જ માની શકીએ.

બાવલાં, સ્મરણસ્થાનો, પદવીઓ અને પદકોની પ્રતિષ્ઠા આપણે ગણીએ છીએ; મહાન પુરુષોના નામની જયંતીઓ અને એમની તસ્વીરોને આપણે માન આપીએ છીએ; તો આ પ્રાચીન દેશના ભિન્નભિન્ન ધર્મોને અનુકૂળ થાય એવી, નવી મૂર્તિઓ હવે આપણે ઘડવી જોઇએ. પુસ્તકાલયો, વિદ્યામંદિરો, બાગ, સંગ્રહસ્થાનો, આરોગ્યભવનો, ટાઉનહૉલો અને ભારતમાતાનાં રાજકીય, સામાજિક તથા ધાર્મિક કાર્યો માટેનાં ભુવનો, જૂની મંદિરોની ભાવના પ્રમાણે નવા આદર્શોને પોષે એવી રીતનાં આપણે હવે બનાવવાં જોઇએ.

ઊછરતી પ્રજા જેવા વાતાવરણમાં હશે એવી જ બનવાની છે. માટે મન અને આત્માને પ્રબળ અસરો કરે એવું કલામય ધાર્મિક અને પ્રેરક વાતાવરણ હવે આપણે રચો. આખરે તો, રુપરુપના ભંડાર ભગવાન સૌંદર્યનારાયણ જે બધે વ્યાપેલા છે છતાં દેખતા નથી તેમને જ બતાવવાની, અલક્ષ્ય ને લક્ષ્ય કરવાની આ બધી પ્રવૃત્તિ છે. ૐ रसो वै सह । [સંપૂર્ણ]

હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ

લડાઈ ન અટકે?



પાત્રો

પ્રો. વસન્તરાય . . . . તેમનાં પત્ની માલિકા
કુમાર : વય આશરે વર્ષ ૯
શશી : વય આશરે વર્ષ ૧૨

સ્થળ: વસંતરાયનું દીવાનખાનું:

[વસંતરાય ટેબલ પર કંઇ લખતા, ઘડીમાં કંઇ વાંચતા, ઘડી પછી નોંધ જોતા કે નકશા પર નજર ફેરવતા દેખાય છે. પાસે જાજમ પર બેચાર પુસ્તકો, એક નકશો અને છાપાંનો ઢગલો કરી માલિકા બેઠી છે. એક પછી એક છાપું લે છે, નિશાની કરે છે ને વસંતરાયને આપે છે. કુમાર કંઇ ગણગણતો ગણગણતો આવે છે.]

કુમાર: બા! આ શું કરે છે? આ આટલાં બધાં છાપાં, ને આ ચોપડીઓનો ઢગ કરી તું ને ભાઇ કેમ બેઠાં છો?

માલિકા: જો કુમાર! તું જરા શશી સાથે બહાર રમને. હમણાં અમને કામ છે.

કુમાર: હા બા; હું તો આ ચાલ્યો. પણ તું આ શું કરે છે, તે કહેને.

[માલિકા એક છાપામાં લીટી દોરીને નિશાની કરે છે.]

લાવને, હું તને લીટી દોરી આપું. જો, ફૂટથી સીધી દોરી આપીશ.

[કુમાર ફૂટ લેવા એના ખૂણામાં જાય છે. ફૂટ લઇ આવી પાસે પડેલું છાપું લઇ લીટી દોરે છે. લીટી દોરીને]

જો, બા આમ જ ને?

માલિકા: કેમ, મેં તને કહ્યું ને? તું બહાર નથી જતો? જોને મારે કામ છે તે.

કુમાર: હા બા. પણ તું મને કહે તો ખરી, આ બધું તું શું કરે છે?

[જરા ખોટું લાગ્યું હોય એવું મોઢું કરી જતો જેવો ઊભો રહે છે]

માલિકા: જો; આજે તારા ભાઈ ભાષણ આપવાના છે. એ માટે આ તૈયાર કરવાનું છે.

કુમાર: તે બા, હું તૈયાર કરવા નહિ લાગું? મને બતાવને.

બાળ વિભાગ



ચક્કર

ચક્કરભાઇ ભારે ઉસ્તાદ!
ભેજું પણ એનું આબાદ!
બેઠાબેઠા કરે વિચાર,
અક્કલ એની જુઓ અપાર!

'જો પૃથ્વી બરફીની હોય,
પાણી બદલે શરબત હોય,
સાકરની ટેકરીઓ હોય,
તો તો બાળક રડે ન કોય!

ભણવાની નિશાળ ન હોય,
ગણવાની મોપાટ ન હોય,
રાતદિવસ રમવાનું હોય,
મારે એવી મોજો જોય!'

ચક્કરનું મસ્તક આબાદ!
કરતો મોટા વાદવિવાદ!
તો ય મનાય ન એની વાત
ચક્કર કહે 'કેવો સંતાપ!'

વ્રજલાલ શાહ

માલિકા: ના, એ તને ન આવડે. જો તું મૂંગો બેસે તો?

[કુમાર માલિકા પાસેથી જાય છે બહારથી છાપાંવાળા છોકરાઓની બૂમો સંભળાય છે. શશી છાપું લઇ આવે છે.]

કુમાર: શશી! જો આજે ભાઈ ભાષણ કરવાના છે.

શશી: હેં! શું ભાષણ કરવાના છે?

[બંને વસન્તરાય પાસે આવે છે.]

ભાઈ! આજે શું ભાષણ કરવાના છો?

કુમાર: હા. અમને તો કહો. અમે પણ ભાષણ કરવા લાગીશું.



[વસન્ત અને માલિકા હસી પડે છે. વસન્તરાય શશી પાસેથી છાપું લે છે અને જુએ છે.]

વસન્તરાયઃ (આશ્ચર્યથી) અહા! અમેરિકા લડાઈમાં જોડાયું. હવે આપણો વિજય જ.

માલિકાઃ હેં! ચાલો, હવે નિરાંત થવાની. એ મુઆ જર્મનો!

વસન્તરાયઃ (હજી છાપામાં જ નજર નાખતાં) હા... બસ ચાલો. (છાપું સંકેલતો) હવે કાંઇ ખાસ વધારે રહ્યું છે? આ આજના સમાચાર જ સૌ કરતાં અગત્યના છે.

શશીઃ હેં બા. તે આજે લડાઇ પર કેમ ભાષણ આપવાનું છે?

માલિકાઃ હા. જો, આજે તારા ભાઇ ભાષણ કરવાના છે. લડાઇમાં આપણી જીત થાય એ માટે પ્રાર્થના કરવાની છે. આપણાથી થાય તે મદદ કરવી જોઇએને?

શશીઃ બા! લડાઇમાં આપણે શું કામ મદદ કરવી જોઇએ? લડાઇમાં તો બધા એકએકને મારી નાખેને? એવાં ખૂનો કરવા માટે આપણે શે સાથ દેવો?

માલિકાઃ એમાં ખૂન શાનાં? એ તો એમ જ થાય.

શશીઃ ભાઇ! આપણાથી એમ થાય? વળી એ માટે કંઈ ભગવાનની પ્રાર્થના કરાય?

વસન્તરાયઃ જો શશી! આ લડાઇ તો હવે પછી લડાઇ નહિ થાય એ માટે છે; બધા દેશો સ્વતંત્ર થાય એ માટે; (જાણે ભાષણ કરતો હોય તેમ) નાની પ્રજાના હકોના રક્ષણ માટે...

[શશી કંઈ બરાબર સમજી શકતી ન હોય એમ જુએ છે. કુમાર પણ બાઘા જેવો બની જાય છે.]

કુમારઃ (જરાવાર એમ જોઇ)ને બા લડાઇમાં તો બધા એકમેકને મારે, તો બધાનો કચ્ચરઘાણ નીકળેને?

વસન્તરાયઃ હાસ્તો.

શશીઃ ત્યારે ભાઇ, એમ કંઇ લડાઇ કરવાથી લડાઇ બંધ થાય? એ તો ખૂન થયાં. એમ ખૂન કર્યે ખૂન થતાં અટકે?

[કાંઇ નવીન આશ્ચર્યજનક સાંભળ્યું હોય એમ વસન્તરાય જુએ છે.]

વસન્તરાયઃ આ શું? ગાંડા જેવી કેમ વાતો કરે છે?

શશીઃ (જરા ડઘાઇ જઇને) તે ભાઇ, તમે કહોને, એમાં શું ખોટું છે?

માલિકાઃ ત્યારે ડાહ્યલી! તું જ કહેને, લડાઇ થતી કેમ અટકે?

કુમારઃ એમાં શું? બા! આપણે લડવા ન જઇએ એટલે લડાઇ બંધ થાય.

માલિકાઃ એ તો તમારા છોકરાંઓમાં. આમાં કંઇ એમ ન ચાલે, સમજ્યો.

વસન્તરાયઃ ને શશી, કુમાર, ખબર છે? આપણે કંઇ લડાઇ કરવા નહોતા ગયા. એ તો અંગ્રેજ સરકારને લડાઇમાં ઊતરવું પડયું,—હવેથી લડાઇ ન થાય એ માટે.

શશીઃ એ તો બધા જ કહે છે. પણ તમે તો કહેતા હતા કે અંગ્રેજ ઊતર્યા પછી તો લડાઇ ઊલટી વધી.

માલિકાઃ હા—હા. સમજે નહિ ને શું માથું ફોડે છે? મોટી થશે ત્યારે સૌ ખબર પડશે.

કુમારઃ ત્યારે ભાઇ, હું તમને કંઇક કહું? લડાઈ કરવાને બદલે લડાઇ ન કરીએ તો લડાઇ ન અટકે?

માલિકાઃ આ શું ગાંડુંગાંડુ બકે છે?

શશીઃ કુમાર, તું શું કહે છે?

કુમારઃ (વસન્તરાયના છાપા પર હાથ મૂકી) ભાઇ, હું કહું તે સાંભળોને! જો આ બધું લશ્કર ત્યાં જઇ લડે જ નહિ તો લડાઈ ન અટકે? ત્યાં જઇને બસ ઊભું જ રહે તો.

શશીઃ હા. લોકો આમ હથિયાર તૈયાર કરવાને પૈસા આપે, માણસો લડવા માટે મોકલે તેને બદલે આમ કરે તો?

વસન્તરાયઃ તો તો મૂર્ખી, ઘડીના છઠ્ઠા ભાગમાં બધા મરી જાય. પછી?

શશીઃ તો પછી બીજી ટુકડી આવે.

માલિકાઃ અને તે પણ મરી જાય. વાહ! એમ તો બધા માણસો મરી જાય અને દુશ્મનો જીતી જાય.

શશીઃ પણ લડાઇ અટકાવવી હોય ત્યાં જીતવાની વાત જ કયાં? અને માણસો તો આમ કયાં થોડા મરે છે? મર્યે જ જાય છેને.

વસન્તરાયઃ ચાલ ત્યારે; એમ માણસો મર્યે જ જાય, મર્યે જ જાય; પછી શું થાય?

શશીઃ કાં તો દુશ્મનો મારીને થાકી જાય.

માલિકાઃ એમ તે થતું હશે?

શશીઃ કેમ? બધાને મારી નાખે તો પછી એ લડાઇ જીતીને કરવાનો શું હતો? એટલે એ મારતો જ અટકે.

વસન્તરાયઃ વાહ! તું પણ genius લાગે છે. જાણે છોકરાંઓની રમત.

માલિકાઃ જુઓને, ચાર વાગી ગયા. હવે આપણે તૈયાર થઈશું ?

શશીઃ બા! અમે આવીશું.

કુમારઃ ભાઇ! મને ભાષણ કરવા દેશો ?

માલિકાઃ ઓહો! મોટો ભાષણકર્તા. શું બોલવાનો જોઉં, વારૂ ?

શશીઃ હા હા, અમને અહીં જ સંભળાવની.

વસન્તરાયઃ હા, ચાલ કુમાર, અમે સાંભળીએ. તું ભાષણ કર જોઉં તો ... ચાલો સાંભળો. હવે કુમાર ભાષણ કરે છે.

[કુમાર જરાવાર મૂંગો ઊભો રહે છે. કોઈ બોલતું નથી.]

માલિકાઃ ચાલ તું ભાષણ કરી લે, તે પછી આપણે કપડાં પહેરવા માંડીએ.

શશીઃ હા હા. કુમાર! બોલને ? બોલ.

વસન્તરાયઃ બોલની ? ભાઇઓ અને બેનો!

[બધાં જરા આછું હસે છે.]

કુમારઃ જુઓ ત્યારે, હું ભાષણ કરૂં છું.

[દીવાનખાનામાં પડેલી એક પાટ પર ચડે છે.]

વસન્તરાયઃ કુમાર બોલવા માંડે છે. આપણે તાળી પાડો.

[ત્રણે ય તાળી પાડે છે.]

કુમારઃ ભાઇઓ અને બેનો!

આ આપણી સરકાર લડે છે. શા માટે ? લડાઇ બંધ થાય એ માટે. બીજાં બધાં સારાં વાનાં થાય એ માટે. પણ લડીએ એટલે તો લડાઇ વધે. લડાઇમાં તો સામસામાં ખૂનો થાય, આગ લાગે, એવું બધું. એને બદલે જો આપણે લડીએ જ નહિ તો ? ચાલો આપણે બધાં લડાઇના મેદાન પર જઇએ. એ જર્મનોને કહીએ કે અમે લડવાના નથી. અહીંથી અમારા દેશ-માં તમને આવવા દેવાના પણ નથી. તો એ ચાલ્યા નહિ જાય ? વખતે મારી નાખે. છો મારી નાખે તો. કેટલાને મારી નાખશે ? અને એમ બધાને મારી નાખી-ને પણ શું કરવાના હતા ? બસ, ચાલો આપણે આમ કરીએ. અને લડાઇ બંધ થવાની જ. હું કહું છું કે તો હવે પછી લડાઇ થશે જ નહિ. કેમ ખરૂં ને ? ચાલો. હું હવે બેસી જાઉં છું.

[બેસી જાય છે.]

માલિકાઃ કુમાર સરસ બોલે છે, હં!

વસન્તરાયઃ હા, જાણે કોઇ મોટો વક્તા થવાનો.

શશીઃ (ભેટી પડે છે.) કેવું સરસ! તું તો જાણે મોટો માણસ સભામાં બોલતો હોય એવો લાગે છે.

કુમારઃ (ફુલાઇ જઇ) ત્યારે બા, હવેથી હું બોલીશ!

માલિકાઃ મોટા માણસો જ સભામાં બોલે. તું મોટો થાયને . . . .

વસન્તરાયઃ પણ તારૂં આવું સાંભળશે પણ કોણ ? . . . પણ આ કુમાર શું ખોટું કહે છે ?

માલિકાઃ ચાલો, હવે આપણે કપડાં પહેરીશું ? શશી, કુમાર! (શશી અને કુમાર કપડાં લેવા જાય છે.) અને આ છોકરાંઓ કહે છે એમ થાય તો.... આ લડાઇઓ સાચે જ નહિ અટકે ?

શારદાપ્રસાદ વર્મા

જ્ઞાનલીલા

ભાદરવાની જ્ઞાનલીલાના અમને મળેલા ઉત્તરોમાંથી બધા સાચા નીચેના પાંચ ભાઇઓના છે. તેમાંના જેઓ ગ્રાહક છે તેમને ઈનામ મોકલાશે. (૧) શંભુભાઇ પટેલ-નડિયાદ (૨) રમણલાલ ગાંધી–અમદાવાદ (૭) હરિલાલ પારેખ-ઘાટકોપર (૫) વસંતલાલ ગાંધી-મુલુંડ (૫) રતનચંદ ઝવેરી–મુંબાઇ. ખરા ઉત્તર નીચે મુજબ છેઃ **(૧) ગણિત-ગમ્મતઃ** એક માણસ પાસેથી પાંચપાંચ રૂપિયાની બે કોથળીઓ ઉછીની લાવવી. પછી નીચે મુજબ વહેંચણી કરી આપવી. પહેલા દીકરાને ૧૮, ૧૮, ૯, ૫=૫૦; બીજા દીકરાને ૧૮, ૬, ૬, ૬, ૯, ૫=૫૦. હવે રૂા. ૯ની તથા રૂા. ૧ની એમ બે કોથળી બાકી રહી તે પેલા માણસને પાછી આપી દેવી. **(૨) લોક-પ્રશ્નઃ** પ્રથમ ત્રણે ભાઇ એક આનાની એક લેખે કેરીઓ વેચે છે; પહેલો ૧, બીજો ૨૫ અને ત્રીજો ૪૯ વેચે છે. પાછળથી ત્રણે ભાઇઓ છ આનાની એક લેખે વેચે છે. પહેલો નવ, બીજો પાંચ અને ત્રીજો એક વેચે છે. આ રીતે દરેક કુલ વેચાણકિંમત રૂા. ૩ આ. ૭ મેળવે છે.

(૩) અંક-ગમતઃ


૨	૧	૪
૩	૫	૭
૬	૯	૮

(૪) ઓળખી કાઢોઃ (૧) દાનવ (૨) મુળી, મુળો (૩) કાવેરી.

(૫) શબ્દ-ગોઠવણ: કર્ણરેષામાં વંચાતાં નામ: સાબરમતી ને અમદાવાદ, ૧થી ૫=જતીનદાસ. **(૬) શોધી કાઢો:** હરણ, રિવાજ, પ્રખર, સાકર, દર્શક, દેગડી, સાણંદ, ઇજ્જત. પ્રથમ અક્ષરોથી વંચાતું નામ હરિપ્રસાદ દેસાઈ.

સા ધ ન
અ બ જ
અ ધ મ ગ ર ત લ
ક મ ળ શા મ ળ
શ ય દા ડ મ મ તી
વિ વા દ
કા સ દ

(૭) છૂટી પાડો: નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે; ખબર છે એટલો કે માતની હાકલ પડી છે. **(૮) ચિત્ર-પ્રશ્ન:** બાજુએ બતાવેલી આકૃતિ મુજબ ચાર સરખા ભાગ પડવા.



નીચેના નવા સવાલોના જવાબ ૨૬મી ડિસેમ્બરસુધીમાં કુમાર કાર્યાલયમાં પહોંચીજવા જોઇએ.

નવા સવાલ

(૧) ગણિત-ગમ્મત: (૧) એક માણસને ત્રણ દીકરાં હતા. તેણે એક દિવસ બજારમાંથી થોડી નારંગીઓ ખરીદી અને તે ઘેર મૂકીને દુકાને ગયો. પ્રથમ સૌથી મોટો દીકરો ઘેર આવ્યો. નારંગીઓના ત્રણ સરખા ભાગ કરતાં એક નારંગી વધી. તેણે પોતાના ભાગની નારંગીઓ ઉપરાંત પેલી વધેલી એક નારંગી પણ લઇ લીધી. પછી બીજો દીકરો ઘેર આવ્યો. તેણે પણ પાછળ વધેલી નારંગીઓના એવી જ રીતે ત્રણ સરખા ભાગ પાડ્યા તો એક વધી; તે એક સાથે તેણે પોતાનો હિસ્સો લઇ લીધો. પછી ત્રીજો દીકરો આવ્યો તેણે પણ એ જ પ્રમાણે કર્યું. હવે બાપ ઘેર આવ્યો તેણે પાછળ જે નારંગીઓ રહી તેના ત્રણ સરખા ભાગ પાડ્યા તો કાંઇ વધ્યું નહિ અને દરેક દીકરાને સરખે ભાગે વહેંચાઇ રહી. ત્યારે કુલ કેટલી નારંગીઓ હશે ને દરેકના ભાગમાં બધી મળીને કેટકેટલી આવી હશે? (૨) એક માણસ મરણ પામ્યો ત્યારે તેની ઉમર તે જે સાલમાં મરણ પામ્યો તેના ૨૯મા ભાગ જેટલી હતી તો તે માણસની ઉમર ઇ. સ. ૧૯૦૦ની સાલમાં કેટલી હશે? **(૨) અંક-ગમ્મત:** બાજુએ બતાવેલા સરવાળામાં ચાર સંખ્યાઓ સમાવેલી છે તે એક પછી એક અનુક્રમે ક્રમિક છે. તેમાં મૂળ આંકડાઓને છે તેમજ રહેવા દઈ ટપકાંની જગ્યાએ ખૂટતા આંકડા મૂકી સરવાળો પૂરો કરો. (મ. ના. ખત્રી)

· ૯ ·
· · ·
· ૦ ·
· · ૧
―――
૩૧ · ·

(૩) ઓળખી કાઢો: (૧) ચાર અક્ષરનો એક શબ્દ છે. તેના છેલ્લા બે અક્ષર એક સંખ્યા છે અને બધા અક્ષરોને ૩-૪-૨-૧ના ક્રમમાં વાંચવાથી સમયનું અમુક માપ વંચાય છે: ત્યારે તે શબ્દ ઓળખી કાઢો. (૨) એક સૂકા ફળનું પેટ કાપી તેમાં બીજા એક લીલા ફળનું માથું ઉમેરવાથી, એ ફળ પાછું આખું બની જાય છે: ત્યારે તે બંને ફળ કયાં? (૩) ત્રણ અક્ષરનું એક નામ છે. તેના વિના આપણને કોઇને ચાલતું નથી. તેમાંથી બબ્બે અક્ષરનાં બે નામ તો એવાં નીકળે છે જે પલવાર પણ આપણાથી દૂર ખસતાં નથી: ત્યારે એ નામ ઓળખી કાઢો.

(૪) શબ્દ-ગોઠવણ: બાજુની આકૃતિમાં નીચેની સૂચના પ્રમાણે બધા શબ્દો સાચા ભરી કાઢશો એટલે ચોકડીથી બતાવેલી ત્રાંસી હારમાં આપણા એક નેતાનું નામ આવી જશે: (૧) એક ફૂલ (૨) રહેઠાણ (૩) એક સંખ્યા (૪) શરીરનો એક ભાગ (૫) આપણા એક કવિ (૬) એક પ્રાણી.

· · ×
· × ·
× · ·
× · ·
· × ·
· · ×

(૫) અક્ષર-ભાગાકાર:

અ બ ક ડ) ફ ર ખ ગ ધ ચ (બ ધ ર
ક ચ બ ગ
―――
અ ર ક ચ ધ
અ ર અ અ ક
―――
ર ધ ફ ચ
ર ડ ધ ર
―――
ર ફ ગ


ઉપરના અક્ષર-ભાગાકારમાં દરેક અક્ષર એકએક આંકડો સૂચવે છે. ૧થી ૯ સુધીના આંકડા તથા ૦નો તેમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. દરેક અક્ષર માટે નક્કી કરવામાં આવેલો આંકડો આખા ભાગાકારમાં એકસરખો જ રહે છે. તમે એ આખો ભાગાકાર આંકડામાં સાચો ગણી મોકલી શકશો? **(૬) શબ્દ-ફેરવણી:** બાજુની આકૃતિમાં પહેલા ખાનામાં 'યૌવન' આપેલ છે. તેનો માત્ર એક જ અક્ષર બદલી બીજા અક્ષરોની જગ્યા ફેરવ્યા સિવાય નીચેના ખાનામાં નવા શબ્દ મૂકો. એમ ફેરફાર કરતાં છેલ્લા ખાનામાં 'ચેતના' લાવી દ્યો.

યૌ	વ	ન
ચે	ત	ના

(૭) શબ્દ-ચોરસ: બાજુના સમચોરસમાં ટપકાંની જગ્યાએ એવા અક્ષરો પૂરો જેથી ઊભી ત્રણ લીટીઓ વાંચતાં જે શબ્દો વંચાય તે જ શબ્દો આડી લીટીમાં પણ વંચાય.

· · ક
· ક ·
ક · ·

(૮) ચિત્ર-પ્રશ્ન: સરવાળા બાદબાકીમાં તમારી નજર કેવીક પહોંચે છે તેની કસોટી માટે બાજુએ એક આકૃતિ આપેલી છે. તેનાં સોળ ખાનાંમાં ૧થી ૧૬ સુધી આંકડા આપેલા છે. વચ્ચે દોરેલી ત્રાંસી લીટી જે સાત ખાનાંને છેદીને પસાર થાય છે તે સાતે ખાનાંના આંકડાનો સરવાળો ૬૯ થાય છે. ત્યારે મોટામાં મોટો સરવાળો લાવવા માટે તમે એ જ આકૃતિ ઉપર કેવી રીતે લીટી દોરશો?



માધુકરી



એ જયનાદ નથી હું જેથી ગુંજી રહે ગેબી આકાશ,
હું નથી એ રવિ–શશિ કે જેનો જગમાં ઝગતો પરમ પ્રકાશ,
હું નથી એ ફૂલડું જેની સુરભિથી સભર ભર્યો સંસાર,
હું નથી રત્ન કઈ નવલું જગ જે પર પ્રાણ કરે કુરબાન!

હું તો છું એ રાખ મામુલી
જે પર બંધાશે મહેલાત;
અણદીઠું ને અણપીછયું એ
હું તો છું 'મા.'નું બલિદાન!

રાજતિલકના પુનિત પ્રસંગે મા! તું ગૂંથશે સુંદર હારઃ
હું એ ફૂલ નથી લાડીલું જેના તું કરશે શણગાર;
હું નથી સોનું જેથી તારાં સિંહાસન થાશે નિર્માણ,
હું એ દીપ નથી મંદિરમાં જેની જ્યોત ઝગે અવિરામ!

માતા હું તો છું નાનકડી
શહીદોના લોહીની ધાર,
જેથી તિલક થશે તુજ ભાલે
તુજ શિર તાજ ચઢે જે વાર.

(હિંદી ઉપરથી) **ઇશ્વરલાલ ઇ. દેસાઈ** ('પ્રતાપ')

સુલ્તાન અલ્તમશ

જીવનને અંતે માણસને માટે લખાય કે તે જન્મ્યો, તેણે આટલાં વર્ષ શ્વાસ લીધા અને પછી તે મરી ગયો એ કરુણ છે; દુનિયાના મહાપ્રશ્નો ઉકેલવા સમર્થ શક્તિને વ્યક્તિના જીવનની પ્રાથમિક જરૂરીઆતો મેળવવામાં જ ઘણુંખરૂં ખરચાઈ જવું પડે એ વધારે કરુણ છે; પણ પ્રતિભા એ જ આગિયાના તેજની માફક અનર્થનું કારણ થઈ પડે ત્યારે એ સૌથી વધારે કરુણ છે.

અલ્તમશના શરૂઆતના જીવનમાં છેલ્લી બાબત નજરે પડશે. તુર્કસ્તાનના અમીરનો એ પુત્ર હતો. ભાઇઓમાં એ નાનો હતો; પણ ઉમર એ કંઇ તેજનું કારણ નથી. પ્રથમથી જ બાળકે પ્રભાવશાળી વ્યક્તિત્વની આગાહી આપવા માંડી. એની આસપાસનાં માણસો એની કારકીર્દી જ્વલંત નીવડશે એમ માનવા અને કહેવા લાગ્યાં. પણ આ માણસોની વિભૂતિપૂજાએ બાળક અલ્તમશ માટે સંકટ ઊભુ કર્યું. સામાન્ય શક્તિવાળાં બાળકોના કુટુંબમાં પ્રતિભાશાળી બાળક તરીકે જન્મવું એ એક દુઃખનો વિષય છે. અલ્તમશના ભાઇઓ સામાન્ય હતા. પરાક્રમ વડે અલ્તમશને વટાવી જવાનો ખ્યાલ તો એમને ન આવ્યો; પણ એમના અંતરમાં ઈર્ષ્યાનો ઉદય થયો, અને આ ચેતનવંતા ભાઇને પોતાના રસ્તામાંથી દૂર કરવાના પ્રયત્ન એમણે આરંભ્યા.

એક સાંજે અલ્તમશ અને તેના ભાઇઓ જંગલમાં શિકાર ખેલવા નીકળ્યા. મોડું તો થવાનું જ એ ખાત્રી હોવાથી મશાલ વગેરે સાથે એકબે નોકરો પણ સાથે લીધેલા. તદ્દન સાંજ પડી જવા આવેલી હોવાથી દિવસના શ્રમથી થાકેલા તેઓ વિસામો લેવા બેઠા. સૌએ સાથે આણેલો નાસ્તો કર્યો, ને પછી દારૂનો પણ ઠીક ઉપયોગ થયો. રાત્રિનો અંધકાર પૃથ્વી ઉપર ઊતરવા લાગ્યો અને મશાલો એને ખાળવાનો પ્રયત્ન કરી રહી આમ રૂઆબી અને આરામમાં કેટલોક વખત ગયો હશે ત્યાં એકાએક આકાશમાં વાદળાં ચડી આવ્યાં. ઝરમર ઝરમર વરસાદ પણ પડવો શરૂ થયો. તડતડ અવાજ સાથે થોડીવાર ટક્કર ઝીલ્યા પછી મશાલો ઓલાઇ ગઈ. અલ્તમશે આથી સૌને ઘર તરફ પાછા ફરવા સૂચના કરી અને પોતાનો ઘોડો તૈયાર કરી ભાઇઓને પણ ઉતાવળ કરવા કહ્યું. પણ તેમણે બહાનાં કાઢી વખત લગાડવા માંડ્યો. ત્યાં તો સામેથી દસબાર ઘોડેસવારોનું ટોળુ ત્યાં આવી પહોંચ્યું અને સૌની આજુબાજુ ફરી વળ્યું. તેઓમાં મુખ્ય જણાતો માણસ બોલી ઊઠ્યો 'અમારો માલ અમને સોંપી દ્યો.'

અલ્તમશનો એક ભાઈ બોલ્યો 'આ રહ્યો અમારો સામાન; હોય તો તમારી જાતે જ લઇ લ્યોને!'

એક હાથ તરવાર પર રાખીને બીજે હાથે ઘોડાનું જીન બરાબર કરતા અલ્તમશથી આ કાંઇ સમજાયું નહિ. તરત એની નાની તરવાર મ્યાન બહાર નીકળી: 'એક તુર્ક અમીરનો પુત્ર લૂટારાને કહે છે કે 'ભાઇ લઇ લ્યો અમારો માલ? ત્યારે આપણાં હથિયાર શું બજારમાં હરરાજ કરાવવાં છે?'

'એ મિત્ર તરીકે આવ્યા છે એટલે હથિયારોનો શો ઉપયોગ હોય? એમની વસ્તુ શોધતા આવે છે એટલે ગુસ્સો કરવો યોગ્ય

નથી. માટે ભાઇ, તમે પણ તરવાર મ્યાન કરી દ્યો.'

ભાઇના દોસ્તો હશે એમ માનીને અલ્તમશ તરવાર મ્યાન કરીને ઘોડાનો સામાન ઠીક કરવા જાય છે ત્યાં તો એ આવનારમાંથી બેત્રણે એને પકડી લીધો, એનાં હથિયાર ખૂંચવી લીધાં, અને બાંધીને ઘોડા પર બેસાડી લઇ ચાલ્યા.

'મધ્ય એશિયાના વિશાળ બજારમાં પૂર્વમાંથી તું સોનાની નદી ખેંચી લાવે એવો છે!' ગુલામોના એ વહેપારીએ કહ્યું.

હવે અલ્તમશને કાવતરાની સમજ પડી. જવાને તૈયાર થએલા ભાઇઓ તરફ એક જ તિરસ્કારની નજર નાખીને અલ્તમશ, કોઇ ગૂઢ સંકેતથી ખેંચાતો, અંધારામાં અદૃશ્ય થયો.

૨

એ જમાનામાં બાદશાહોમાં તુર્કી ગુલામો રાખવાનો સારો પ્રચાર હતો. હિંદુસ્તાનની દોલતથી સમૃદ્ધ બનેલા મહમદ ઘોરી પાસે ઘણા તુર્કી ગુલામો હતા. એમને એમની નિપુણતા અને પરાક્રમ પ્રમાણે ઊંચા દરજ્જાઓ આપવામાં આવતા. કોઇકે એક વાર એ સુલ્તાનને પૂછેલું કહેવાય છે કે 'નામવર, આપની પછી આપના રાજ્યની શી વ્યવસ્થા આપ કરવા માગો છો?' ત્યારે સુલ્તાને જવાબ આપેલો કે 'મારા તુર્કી ગુલામો મારા બેટાઓ છે; તેઓ જ એ બંદોબસ્ત કરી લેશે.'

આ સુલ્તાન પાસે અલ્તમશને લાવવામાં આવ્યો. ઊભી રાખેલી ગુલામોની હારમાંથી સુલ્તાનની નજર એના ઉપર ઠરી રહી. પણ વેપારી સુલ્તાનની ધારણા કરતાં વધારે કિંમત માગવા લાગ્યો. અને સુલ્તાનના અતિ આગ્રહ આગળ નમતું ન આપતાં મક્કમ રહ્યો; એટલે ગુસ્સે થઇને સુલ્તાને ઢંઢેરો પીટાવી એ ગુલામ કોઇએ ન ખરીદવો એવી મનાઇ ફરમાવી. આથી દુનિયાના બજારમાં કોઇથીએ ભાવ પૂછાયા વિના અલ્તમશને કેટલોક વખત અથડાવું પડયું.

એવામાં સુલ્તાન મહમદનો પ્રિય ગુલામ કુતુબુદ્દીન હિંદુસ્તાનમાં વિજય મેળવીને આવ્યો. સુલ્તાન આથી ખૂબ જ ખુશી થયો. અને કાબુલમાં ઉત્સવ થઇ રહ્યો. એ દરમ્યાન અલ્તમશને ફરીથી ત્યાં લાવવામાં આવ્યો. કુતુબુદ્દીનને એ ગુલામ ગમી ગયો. અને સુલ્તાનને ખાસ અરજ ગુજારીને તેને ખરીદવા સામેનો મનાઇ હુકમ રદ કરાવી પોતે એને ખરીદી લીધો.

આ વખતને અલ્તમશના ભાગ્યપરિવર્તનનો સમય કહી શકાય. થોડા જ વખતમાં કુતુબુદ્દીન હિંદના હાકેમ તરીકે દિલ્હીના સિંહાસન પર સ્થિર થયો. અને પછી તો ઉત્તર હિંદનાં રણમેદાનોમાં તથા રાજમંત્રણાઓમાં અલ્તમશે એવો તો તેજસ્વી ભાગ ભજવ્યો કે સુલ્તાન કુતુબુદ્દીને એના પર આફ્રીન થઇ આખરે એને પોતાની દીકરી પરણાવી.

કુતુબુદ્દીનના મરણ પછી એનો દીકરો આરામશાહ ગાદીએ આવ્યો. એ અઢારેક મહિના દિલ્હીના તખ્ત પર રહ્યો હશે; પણ આરામ-પ્રિય આરામશાહથી એ વખતના ડગમગતા સિંહાસન પર વધારે વખત સ્થિર ન રહી શકાયું અને અંતે અમીરોની મરજીથી અલ્તમશ સુલ્તાન થયો.

એ સમય ગુલામવંશના સુલ્તાનો માટે મુશ્કેલીનો હતો. પાંજરામાં નવા પૂરાએલા સિંહ માફક હિંદ હજી પરદેશી સત્તા નીચે ઘૂરકયા કરતું હતું. મોગલોનાં ધાડાં એશિયાના કેટલાક ભાગને ખૂંદી રહ્યાં હતાં અને હિંદના સુલ્તાનોને એ ધાસ્તીનો વિષય હતાં. પણ આ બધી મુશ્કેલીઓ સામે અડગ બાથ ભીડીને અલ્તમશે દેશ પર મજબૂત હાથે રાજ્ય કર્યું.


૩

રાજ્યની જવાબદારી પોતાની બહાદુર બેટી સુલ્તાના રઝિયાને સોંપીને અલ્તમશ રણક્ષેત્ર પર ગયો છે; અને પોતાની વિશાળ સેના સાથે સરહદના એક કિલ્લા આગળ પડાવ નાખીને પડ્યો છે. પ્રતિપક્ષી સુલ્તાનની બહાદુરીને અલ્તમશ ડારી નથી શકયો અને વિશાળ ખાઇથી વીંટાએલો એ મજબૂત કિલ્લો હજી અણનમ ઊભો છે અને તેની આંખમાં ખૂંચી રહ્યો છે. પરાક્રમ જે નથી કરી શકતું એ અડગ નિશ્ચય કરે છે એવી ખાત્રીથી સુલ્તાન અલ્તમશ દૃઢતાથી ઘેરો લંબાવી રહ્યો છે અને મહાસર્પના ભરડાની માફક આસપાસની ચોકી મજબૂત કરીને ઘેરાએલાઓનું બળ રૂંધી રહ્યો છે.

દૂરદૂર સુધી બળી રહેલાં તાપણાંઓ છાવણીનો વિસ્તાર બતાવી રહ્યાં છે. કયારેક કયારેક પહેરેગીરોના શબ્દો રાત્રિની નિસ્તબ્ધતાનો ભંગ કરે છે. એ વખતે અલ્તમશ પોતાના તંબુમાં જાગતો બેઠો છે. કિલ્લાની અંદરની દુર્દશાના સમાચાર એને મળતા રહ્યા છે. પણ દુશ્મનોને વહેલા શરણે લાવવાને શા વધારે ઉપાયો યોજવા એ વિચારને એ પોતાના મનમાં ઘૂમાવી રહ્યો છે. એકના એક પ્રશ્નની લાંબી વિચારણા કરવાથી જે કંટાળો આવે એમાંથી મુક્ત થવા સુલ્તાન તંબુના બારણા પાસે આવીને બહાર જોતો ઊભો રહે છે. કુદરતી રીતે જ એની નજર સામે કિલ્લા ઉપર પડે છે. તેની દીવાલ પર એકબે મશાલના ઝાંખા પ્રકાશમાં બેત્રણ આકૃતિઓ ફરતી દેખાય છે. કુતૂહલથી અલ્તમશ જોઇ રહે છે. ત્યાં તો એક આકૃતિ ઉપલી દીવાલની કોર પર ઊભી રહે છે; તે જાણે કે પ્રાર્થના કરતી હોય એમ લાગે છે અને નીચે ખાઈમાં પડે છે. વાદળાંમાંથી છૂટો થતો ચંદ્રમા પાણીથી ભરેલી ખાઇ પર ગમગીન અજવાળું પાડે છે. ડૂબી જતા માણસના 'લે કિલ્લો' એવા શબ્દો સાંભળ્યાનો સુલ્તાન અલ્તમશને ભ્રમ થાય છે. માણસ પાસે એ તપાસ કરાવે છે.

કિલ્લા ઉપર અલ્તમશની ધજા ફરકી રહી છે. સૈનિકો શહેરમાં ફતેહપૂર્વક પ્રવેશ કરવાની તૈયારી કરી રહ્યા છે. ગઇ રાત્રે ખાઇમાં પડેલા શત્રુ સુલ્તાનનું શબ એક પથારી પર પડયું છે અને એના પર કિનખાબ ઓઢાડવામાં આવ્યો છે. વાગતાં વિજયવાદ્યો તરફ અત્યારે અલ્તમશનું ધ્યાન નથી. એ તો માનવ મહત્ત્વાકાંક્ષાઓના અંત તરફ આજ જોઇ રહ્યો છે.

—સવાઈલાલ ઇ. પંડયા બી.એ.



મામૂલી મકાનમાં વસતો સામ્રાજ્યનો સત્તાધીશ

લંડનના વ્હાઈટ હૉલ નામના જાણીતા રાજમાર્ગની પશ્ચિમે જરા દૂર કંઇક ગમગીન દેખાવનું આ જૂનું મકાન આજે જ નહિ, પણ વર્ષો થયાં જગવિખ્યાત છે. રાજપ્રકરણી લેખો વાંચનારાઓને એ 'નં. ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ'નું નામ તો ખૂબ પરિચિત હશે. જગતના એકેએક ભાગમાં છાઈ રહેલા વિશાળ બ્રિટિશ સામ્રાજ્યના તંત્રનો સૂત્રસંચાર આ મામૂલી દેખાતા મકાનમાંથી થાય છે. ઇંગ્લંડના વડા પ્રધાનનું એ 'ઑફિશિયલ' રહેઠાણ. પાર્લમેન્ટની દરેક ચૂંટણી પછી જે વડો પ્રધાન નીમાય તે ત્યાં આવીને રહે એવો ઇંગ્લંડના રાજદ્વારનો શિરસ્તો છે.

આલેશાં રાજમહેલમાં વસતો, પ્રસંગોપાત રાજમુકુટ અને મૂલ્યવાન પોશાક તથા રાજદંડ ધારણ કરી સિંહાસને વિરાજતો, નિશદિન ભભકાભર્યા અંગરક્ષકોની નિગેહબાની ભોગવતો ઇંગ્લંડનો રાજા એ બ્રિટિશ સામ્રાજ્યનો ખરો શાહાનશાહ નથી. પણ જેને કોઈ ઝળહળતા પોશાક નથી, કોઈ ગગનચુંબી મહેલાત નથી, કે કોઇ અંગરક્ષકની ફોજ નથી, (જો કે ડાઉનિંગ સ્ટ્રીટમાં એક પોલિસમૅન સદાકાળ ખડે પહેરે હોય છે) એવો, ઉપલા નજીસ મકાનનો નિવાસી ઇંગ્લંડનો વડો પ્રધાન એ જ સામ્રાજ્યનો ખરો કર્તાહર્તા છે. ઇંગ્લંડના આવડા મહાન સામ્રાજ્યની લગામો આ જૂના ગગગીન મકાનમાં રહ્યોરહ્યો એ ખેંચે છે. બ્રિટિશ સલ્તનતનો એ બે-તાજ બાદશાહ છે.

પ્રત્યેક સામાન્ય ચૂંટણી થઈ ગયા પછી જે પક્ષ સૌથી વધુ મત મેળવીને મોખરે આવ્યો હોય છે તેનો નેતા જ એ પદે આવે છે. પણ સત્તામાં આવેલા પક્ષના એ નેતાને રાજા નવું પ્રધાનમંડળ નીમવા માટે આમંત્રણ આપે છે. આ સમય એ પ્રાઈમ મિનિસ્ટર (જે ટૂંકામાં પ્રીમિયરને નામે સંબોધાય છે) ને માટે ખરો કટોકટીનો હોય છે. પોતાના અસંખ્ય મિત્રો અને સાથીદારોમાંથી વીણીવીણીને તેને લગભગ ૫૦થી૯૦ જગ્યાઓ પૂરવાની હોય છે. બાહોશમાં બાહોશ કોઇ વિખ્યાત ધારાશાસ્ત્રીને તે લૉર્ડ ચૅન્સેલર તરીકે અને બીજા કુશળ કાયદાશાસ્ત્રીઓને ઍટર્ની જનરલ તથા સૉલિસિટર જનરલ તરીકે નીમે છે સમસ્ત પ્રધાનમંડળમાં સૌથી મહત્ત્વની જગ્યાઓમાંની એક તે દેશની આવકજાવકની ખબરદારી રાખનાર ચૅન્સેલર ઑફ ધી એક્સચેકર—મુખ્ય કોષાધ્યક્ષ. એ જગ્યા માટે કોઈ તેજસ્વી ગણિતી મગજવાળા અચંગ નાણાશાસ્ત્રીને શોધી કાઢવાનો હોય છે. એટલા જ મહત્ત્વનો બીજો હોદ્દો તે પરદેશખાતાના પ્રધાનનો. જગતની સઘળી સામ્રાજ્યસત્તાઓ સાથેના સંબંધો જાળવવાની આંટીઘૂંટીઓ સમજનાર કોઈ કુનેહબાજ મુત્સદ્દીની ત્યાં જરૂર. એવા જ રાજકુશળ મુત્સદ્દીઓ તેને ઇંગ્લંડના સ્થાનિક રાજવહીવટ માટે તથા કૅનેડા, ઑસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, હિંદ વગેરે સંસ્થાનોને માટે પ્રધાનો તરીકે ચૂંટવાના હોય છે. એ ઉપરાંત યુદ્ધવિભાગનો મહામંત્રી (સેક્રેટરી ઑફ સ્ટેઇટ ફૉર વૉર) નૌકાખાતાનો સર્વાધિકારી (ફર્સ્ટ લૉર્ડ ઑફ ધી ઍડમિરાલ્ટી) વાયુસૈન્યનો મંત્રી, તથા ઈંગ્લંડનાં આરોગ્ય, શિક્ષણ, ઉદ્યોગ, ખેતીવાડી વગેરે ખાતાંઓના પ્રધાનો પણ નીમવાના હોય છે. આવી નાનીમોટી મળીને પચાસેક જગ્યાઓ તે પૂરે છે.

નીમણૂકો થઇ ગયા પછી વડો પ્રધાન શિષ્ટાચારી મંજૂરી માટે તેમની યાદી રાજા પાસે લઇ જાય છે, અને મંજૂરી મળ્યે કામકાજ શરૂ કરે છે. સવારમાં તેઓ વ્હાઇટ હૉલમાંની પોતાની કચેરીઓમાં બેસે છે અને સાંજે પાર્લમેન્ટમાં પ્રશ્નના ઉત્તરો, ફરિયાદોના નીવેડા તથા ચર્ચા માટે મોડી રાત સુધી બેસે છે, જ્યાં કોઇ વાર તો સવાર પડી જાય છે.

આમાંના ખરા અગત્યના મુખ્યમુખ્ય હોદ્દાઓના પ્રધાનોનું એક ખાસ મંડળ પ્રીમિયર ચૂંટી કાઢે છે તે કૅબિનેટ—મુખ્ય પ્રધાનમંડળ કહેવાય છે. વડો પ્રધાન તેને પ્રમુખપદે હોય છે. આ પ્રધાનમંડળ જ બ્રિટિશ સલ્તનતનો વહીવટ ચલાવે છે અને તેને મોખરે, ખડે પગે ને જાગતી આંખે બેઠેલો મુખ્ય પ્રધાન એ જ સમસ્ત સામ્રાજ્યનો ખરો સૂત્રધાર હોય છે. બ્રિટિશ સલ્તનતનો હીરાથી જડેલો નહિ પણ ચિંતાઓથી ભરેલો મુકુટ તેને માથે હોય છે. ઉપર કહ્યું તેમ તે જ સામ્રાજ્યનો સાચો શાહાનશાહ છે.

જગતભરના મહાજનોમાંના એક મોવડી એવા એ સમર્થ રાજપુરુષનું આ રહેઠાણ 'નં. ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ', એ દુનિયાનું એક ખરેખર મહત્ત્વનું સ્થાન ગણાય, જ્યાં સમસ્ત બ્રિટિશ સલ્તનતના વર્તમાનની વિચારણા તથા ભાવિનું ઘડતર થાય છે.

(વાઇડઅવેઇક મૅગૅઝિન)

બેભાન કરનારી દવાઓ

વ્યાધિ તથા વાઢકાપની વેદનાથી ઉગરવાનાં સાધનો શોધવામાં વિજ્ઞાને કરેલી સહાય તો હજુ આ પેઢીના લોકોનાં સ્મરણમાં તાજી હોવી જોઇએ. ઇથર, ક્લૉરોફોર્મ અને નાઇટ્રસ ઑક્સાઈડનો દુઃખશમનના ઓષધ તરીકે ઉપયોગ શરૂ થયો એ પહેલાં વિનોદનાં સાધન તરીકે એનો વાપર જાણીતો હતો. નાઈટ્રસ ઑક્સાઈડ સુંઘાડીને ગમે તેવા ગંભીર ચહેરાને પણ સતત હસતો કરવાની તથા ઇથર આપીને ઘસઘસાટ ઊંઘાડી

દેવાની મજાકમશ્કરી સિવાય દાક્તરોએ આ ચીજોનો ઉપયોગ ૧૮૪૪ પહેલાં જરી યે કર્યો ન હતો.

પણ ઇ.સ. ૧૮૪૪માં કોલ્ટન નામના એક દાંતના દાક્તરે નાઇટ્રસ ઑકસાઈડ સૂંઘીને પોતાની દાઢ કઢાવી, અને તે પછી બે વર્ષે બૉસ્ટનના ડૉ. મોર્ટન નામના દંતવૈદ્યે ઈથર સૂંઘીને કેવીક ઊંઘ આવે છે એનો પ્રયોગ જાત ઉપર કરી જોયો. એમાંથી જાગૃત થતાં જ એક દરદી આવ્યો, અને એને પણ એ જ ઉપચાર કરીને એનો દાંત તેણે બૂમ બરાડા પડાવ્યા સિવાય સરળતાથી ખેંચી કાઢ્યો. આવી દુઃખશામક ઔષધિના ઉપયોગની શરૂઆતમાં તો લોકોએ ખૂબ પ્રતિરોધ કરેલો. દેહનાં દુઃખ તો દૈવની શિક્ષા છે, કુદરતે નાખ્યું તે સહેવું, અને એમાંથી બચી જવાના ઉપાય યોજવામાં નામર્દાઇ, દુષ્ટતા અને અધર્મ રહેલાં છે, એવી કેટલી યે, આપણને અત્યારે વિચિત્ર લાગતી દલીલો થએલી. પણ કાળના બળે આ ચીજોનો ઉપયોગ વધ્યો અને આજ લગભગ ૮૫ વર્ષ સુધીમાં તો એની સહાયથી કરોડો સ્ત્રીપુરુષો અને બાળકો વેદના તથા અકાળ મૃત્યુમાંથી બચી ગયાં હશે.

નાઇટ્રસ ઑકસાઈડ, ઈથર અને ક્લૉરોફૉર્મથી દરદીને તદ્દન બેભાન સ્થિતિમાં લઇ જવાની રીતો તો જાણીતી છે. પરંતુ એ બધાંની હરીફાઇ કરે એવો 'ઇથીલીન' નામનો વાયુ હમણાં ખૂબ ઉપયોગમાં લેવાય છે. હાઇડ્રોજન અને કાર્બનનાં તત્ત્વોનો બનેલો આ વાયુ બળતણ અને બત્તી માટે વપરાતા કોલગૅસની અંદર તો ખૂબ સમયથી જાણીતો હતો. સાધારણ કોલગૅસની અંદર ચાર ટકા ઇથીલીન ઉમેરવાથી બત્તીનો પ્રકાશ વધુ તેજસ્વી બને છે, એટલે ઘણી યે ગૅસ કંપનીઓ આ રીતનું મિશ્રણ ગામમાં પૂરૂં પાડે છે. દસેક વર્ષ પહેલાં શિકાગો યૂનિવર્સિટીના પ્રો. લકહાર્ટે જાહેર કર્યું કે આ વાયુના ઉપયોગથી માણસને બેભાન બનાવી શકાય છે, અને જાગૃતિ આવતાં જૂની દવાઓના ઉપયોગથી થતી ઉલટી તથા એવી બીજી વિષમ અસરો નથી થતી. શ્વાસ વડે ફેફસાંમાં જતાં જ ઇથીલીન તંદ્રા ઉત્પન્ન કરે છે અને ઘડીકમાં તો પૂર્ણ બેભાન સ્થિતિમાં લાવી મૂકે છે. એથી શ્વાસોચ્છ્વાસ અને લોહીની ગતિમાં ફેરફાર થતો નથી, અને સ્નાયુઓ શિથિલ થઇ જાય છે. ઑપરેશન પછી ઝડપથી શુદ્ધિ આવવા માંડે છે અને ત્રણથી પાંચ મિનિટમાં તો વમન કર્યા સિવાય દરદી સંપૂર્ણ ભાનમાં આવી જાય છે.

પગના એક અઘરા વાઢકાપના કેસમાં, દરદીને ચાલુ ત્રણ કલાકથી યે વધુ સમય બેભાન રાખ્યા પછી ટાંકા ભરી લીધા, અને પાંચ મિનિટમાં તો એ જાગૃત થયો, ઑપરેટીંગ ટેબલ ઉપરથી જાતે નીચે ઊતર્યો અને બે કલાક પછી તો પેટ ભરીને જમ્યો. શિકાગોની પ્રેસ્બિટેરિયન ઑસ્પિટલમાં શરીરના લગભગ દરેક અવયવોની વાઢકાપ થાય છે. ત્યાં આ ઇથીલીનનો ઉપયોગ પ્રથમ ફતેહમંદ રીતે અજમાવી જોવામાં આવ્યો. દંતવૈદ્યોએ નાઇટ્રસ ઑકસાઈડને બદલે આ વાયુનો ઉપયોગ કરીને એને વખાણ્યો છે અને સુવાવડમાં પણ એનો ઉપયોગ ફતેહમંદ નીવડ્યો છે.

ઘેન લાવનાર આ દવાની શોધ બહુ અજબ સંજોગોમાં થઈ છે. ૧૯૦૮માં માળીઓના ડેપ્યુટેશને સરકારને ફરિયાદ કરી કે એમના બગીચાઓમાંથી શિકાગો વેચવા મોકલેલાં ગુલનાં ફૂલોની કળીઓ શિકાગો પહોંચતાં ત્યાંની નર્સરીના કાચનાં ઘરોમાં ખીલીને જાગૃત થવાને બદલે એવી તો સજ્જડ બંધ થઈ રહેતી કે એમના વેચાણને અભાવે મૂળ માલિકોને ભારે ખોટમાં ઊતરવું પડતું. તરત જ શિકાગો યૂનિવર્સિટીના બે વનસ્પતિશાસ્ત્રીઓને ફૂલોની આ સુસ્તીના રોગનું મૂળ શોધી કાઢવા માટે રોકવામાં આવ્યા. એમને આ ઉષ્માગૃહોની હવાનું પૃથક્કરણ કરતાંવેંત જ માલૂમ પડ્યું કે અંદરની હવા શુદ્ધ નહોતી. કોઇ કાણી પાઇપ કે ઢીલી ચકલી (tap)માંથી અદીઠ છટકીને કોલગૅસ આખા ઓરડામાં પથરાઈ જતો હતો. આટલી શોધ પછી એઓએ બહુ જ નાજુક વનસ્પતિના છોડો ઉપર કોલગૅસની અસરો તપાસવા માંડી અને નક્કી કર્યું કે હવાની અંદર એક લાખમા ભાગનો 'ઇથીલીન' વાયુ આ રોપાનાં પાંદડાં કરમાવી નાખવાને પૂરતો શક્તિવાન છે. જે ઘરોમાં ગૅસ ફિટિંગ સાબૂત ન હોય ત્યાં માણસોને માથું દુઃખે, ઘરનાં લોક અને વનસ્પતિ ઊંઘણશી બને, ફૂલઝાડ અને વનસ્પતિ સૂકાઇ જાય એ આ ઇથીલીન ગૅસના પ્રતાપે છે એ પણ પકકે પાયે નક્કી થયું. પછી તો વનસ્પતિથી માંડી પ્રાણી અને છેવટે મનુષ્યદેહ ઉપર આના પ્રયોગો કરતાં જણાયું કે નાઇટ્રસ ઑકસાઇડ કરતાં અરધાથીએ ઓછા સમયમાં ઇથીલીન બેશુદ્ધિની અસર લાવી શકે છે અને ફરી શુદ્ધિ પણ જલદીથી લાવે છે. છેવટે ડૉ. લકહાર્ટ અને એમના સાથી મિ કાર્ટરે આ વાયુના ગુણદોષ અને ઉપયોગ ઓળખી લીધા પછી, ઈથીલીનના પ્રયોગો પોતાની જાત ઉપર જ અજમાવ્યા, અને આ શોધનો વિજય, કેટલા યે રવિવારની રજાઓનો ઉપભોગ નિદ્રાદેવીની આરાધના કરીને ઊજવ્યો.

નાઇટ્રસ ઑકસાઇડની જેમ આ વાયુ પણ ઑકિસજનનું મિશ્રણ કરીને જ શ્વાસ વાટે અંદર લઈ શકાય છે. શ્વાસોચ્છ્વાસમાં ૮૦ થી ૯૦ ટકા જેટલું ઇથીલીનનું પ્રમાણ થાય ત્યારે જરા યે દર્દ સિવાય શરીરનાં અવયવોની વાઢકાપ થઇ શકે એટલી બેફામી આવી જાય છે. આ વાયુનો ઉપયોગ કરતાં પહેલાં એની શુદ્ધતાની ખાતરી કરવી જોઇએ અને ઉપયોગ દરમ્યાન સળગતી દીવાસળી, બીડી કે એવી કોઈ ચીનગારી નજીક ન હોય એટલું ધ્યાનમાં રાખવું જોઇએ, કારણકે આ વાયુ સહજ સળગી ઊઠે એવો હોય છે.

ઇથીલીનના ઉપયોગનો આ ટૂંકો ઇતિહાસ આ સૈકામાં વિજ્ઞાનની ગતિનું સારૂં એવું દૃષ્ટાંત પૂરૂં પાડે છે. ૧૭૯૮માં હંફી ડેવીએ ૨૨વર્ષની વયે નાઇટ્રસ ઑકસાઇડ વાયુ શોધી

કાઢ્યો અને વૈદ્યોને વાઢકાપ વખતે એનો ઉપયોગ દુઃખ-વિમોચનનાં સાધન તરીકે થઇ શકે છે એવું જાહેર કર્યું. પણ એ સૂચના અમલમાં મૂકાતાં પચાસ વર્ષ વીતી ગયાં. એ પચાસ વર્ષમાં કેટલી યે નિષ્કારણ વેદના દરદીઓને અનુ-ભવવી પડી હશે, અને કેટલી યે જિંદગીના ભોગ અકાળે અપાયા હશે! પણ ઇથીલીનની બાબતમાં તો ફૂલોથી શરૂ-આત કરીને રોપા ઉપર, રોપાઓ પછી પ્રાણી ઉપર, પ્રાણી પછી પ્રોફેસર ઉપર, અને પ્રોફેસર પછી દરદી ઉપર, આ બધાં યે પગથિયાં માત્ર થોડા મહિનાની અંદર જ સમાપ્ત થયાં અને હવે યે આજનાં દાક્તરી સારવારનાં ઘણાંખરાં સ્થળોએ આ નવી શોધનો ઉપયોગ, દુઃખ અને વેદના સામેની લડતમાં યોજી લીધો છે. —લાભશંકર ભટ્ટ

અમેરિકા જતાં

'હિંદુસ્તાન છોડ્યાને આજે લગભગ મહિનો થયો, પણ આ મહિનામાં એક વરસમાં મળે તેટલો અનુભવ મળ્યો હશે.

૨૫મી ઑગસ્ટે નીકળી આ માસની ૯મીએ વેનિસ ઊતર્યા. ઇટાલિયન બોટ ઉપર ખૂબ મજા કરી. ઈટાલિયન બોટ ઉપર બધું જ ઇટાલિયન વપરાય. દરેક કામકાજ કરનારો પણ ઇટાલિયન. તેમ છતાં આટલા હિંદીઓ મુસાફરી કરે છે તેઓ ધડો લેતા નથી. આપણું વહાણવટું ચાલશે ત્યારે હિંદી કંપનીની સ્ટીમરો કેવી થશે તેનાં સ્વપ્નો ઘડ્યાં. તેની બેઠકના, સંગીતના, ભોજનના ઓરડા કેવા કરી શકાય તેના વિચાર ખૂબ કર્યા. આપણા કારીગરોને, મિસ્ત્રીઓને, ઇજનેરોને, સંગીતકારોને સ્ટીમરો ઉપર ગોઠવી શકાય. જેમજેમ યુરોપ તરફ મુસાફરી કરીએ તેમતેમ આપણે સ્વતંત્રતા ને રાજકીય હકો પહેલા મેળવવા જોઇએ તેમ લાગતું જ જાય છે; કારણકે બધા રોગોનું મૂળ ઓસડ તે છે. વેનિસમાં ફક્ત એક દિવસ રહ્યા. શહેર સુંદર તો છે જ (અને ઇટાલિયન લોકો પણ રંગીલા છે.) પણ શ્રીનગરની નિસર્ગશ્રીની તોલે ન જ આવે. બીજે દિવસે નીકળી મિલાન ગયા. મિલાનનું પ્રખ્યાત દેવળ Cathedral જોયું. ભવ્ય ને કલામય. એમાં માનવ કદનાં પૂતળાં ૩૦૦૦ ઉપર છે. છતાં ઉપરનાં ચિત્રો પણ અજબ છે. કદમાં આ દેવળ દુનિયામાં ત્રીજે નંબરે છે, પણ કળા અને ભવ્યતામાં પહેલું છે. ઇશુએ અને ધર્મે એક જમાનામાં કલા-કારોને અજબ ભક્તિ ને કળા પ્રેર્યાં છે. આ દેવળોમાં ને બીજી જગ્યાએ એક જ ધ્યેયની પાછળ, એક જ જગ્યાએ કામ કરતાં, માત્ર દેવળની છત શણગારતાં કે કાચની બારીઓમાં ચિત્રો દોરતાં અસંખ્ય કલાકારોએ આખી જિંદગી ન્યોછાવર કરી નાખી છે! આટલી ભક્તિ, આટલી તન્મયતા ને તત્પરતા તથા અભ્યાસમાંથી જન્મેલી કૃતિઓ જોઇને મોંમાં આંગળાં નાખવાં પડે ને માથું નમાવવું પડે. 'Last supper'નું પ્રખ્યાત ચિત્ર પણ મિલાનમાં જ છે.

ત્રીજે દિવસે ઈટલી, સ્વિટ્ઝર્લૅંડ ને ફ્રાંસમાંથી પસાર થયા. આલ્પ્સની ભરચક નિસર્ગશ્રીને ટ્રેનમાંથી પસાર થતા જોવાથી સંતોષ કેમ જ થાય? તેમ જ કલાનું ધામ ઈટલિ બે દિવસમાં માત્ર બે સ્થળો જોઇને જોયું એમ કહીએ તો મૂર્ખાઇ ગણાય. પારીસ ને લંડન પણ ઉતાવળે જોવાં પડ્યાં. તુતનખામેનની કબર, પીરામિડ ને ખલીફાની રાજધાની કેરોવાળું ઐતિહાસિક ઇજિપ્ત—પરીસૂરત હૂરોનો રસિક ને નાઇલ-નો રસાળ પ્રદેશ ગિસર જોવાં રહી ગયાં. આ બધું વિચારતાં જીવ બહુ બળે; પણ વળતાં હજી તક છે ખરી. આ બધું જોતાં એમ લાગે છે કે મુસાફરીની આ રીત જ ખોટી છે. ઓછામાં ઓછો સામાન લઇ ડેક ઉપર મુસાફરી કરવી જોઇએ. આ પદ્ધતિનો ઉપયોગ વળતાં બનશે તો જરૂર કરીશું.

પારીસમાં બે દિવસ રહ્યા. લુવ્ર અને બીજી ચિત્રગૅલેરી બાકી રહી ગઇ. અત્યારે ત્યાં કૉલોનિયલ એક્સ્પોઝિશન—ઇંગ્લંડના વેમ્બ્લી એમ્પાયર એક્ઝિબિશન જેવું—ચાલતું હતું તે જોવાની તક મળી. ખાસ તો પોતાનાં સંસ્થાનોની જાહેર ખબર. ફ્રાંસના લોકોને ઘેર બેઠાં સંસ્થાનોનો ખ્યાલ આવે તથા ત્યાં વેપાર વગેરેની ખીલવટ કેમ થાય તે ઉદ્દેશ. એ સિવાય રમતગમત ને મોજશોખનાં સાધનો.

લંડનમાં પાંચ દિવસ રહ્યા. ધાર્યા કરતાં લંડન ને ઇંગ્લંડ સારાં નીકળ્યાં. ઇંગ્લિશ લોકો કૉન્ટિનેન્ટના લોકો કરતાં વધારે સુઘડ ને પદ્ધતિવાળા તો જરૂર છે. જોકે મળતાવડા ઓછા ખરા જ. લંડનમાં ઘણું જોયું એમ કહેવા કરતાં ઘણું રહી ગયું એમ જ કહું.

ખાસ તો અમે ઍડેલ્ફી થીએટરમાં વિખ્યાત લેખિકા વિકી બૉમની 'ગ્રાન્ડ હૉટેલ' નામની જગપ્રસિદ્ધ નવલ-કથાનું સુંદર નાટક જોયું. લંડનમાં અતિ થોડા વખતમાં બીજું જે કાંઇ જોયું તેને એક બાજુએ મૂકીએ ને આ નાટકને બીજી બાજુએ મૂકીએ તો નાટકને હું વધારે કિંમતી ગણું. એટલું Realistice, અસરકારક ને અર્થવાળું! થીએટરની બેઠક ને ધ્વનિયોજના (ઍકૉસ્ટિક) પણ એવાં સરસ કે છેક છેલ્લા કલાસમાં લગભગ છેલ્લી હારમાં અમે બેઠા હતા, છતાં એક શબ્દ પણ ન સંભળાયો તેવું ન બન્યું. પ્રેક્ષકો પણ શાંતિ જાળવવાને ટેવાએલા ખરા જ.

આ નાટકશાળાની એક ખાસ નવીનતા તેની યાંત્રિક રંગભૂમિની યોજનાની હતી. હમણાં એક ફરતી રંગભૂમિ (રિવૉલ્વિંગ સ્ટેઈજ)ની શોધ થઇ છે. તેથી સીનેમાની જેમ ઘણા પ્રવેશ અને સીનેરી લાવી શકાય છે ને સમયનો વ્યય નથી થતો. તેનો પહેલો અખતરો આ નાટકમાં થયો; અથવા તો કહો કે આ વિખ્યાત વાર્તાને નાટકમાં ઘટાવવા આવી રંગભૂમિની પ્રથમ યોજના કરવામાં આવી છે. આની સફળતા વિષે અંગ્રેજી છાપાંઓમાં ઘણી ચર્ચા થઈ છે.

બીજો એક મહત્ત્વનો પ્રસંગ તે ગાંધીજીને લંડનમાં ઇસ્ટ એન્ડમાં તેમને ઉતારે મળ્યા હતા તે. સાંજની પ્રાર્થના પછી

તેમને પાંચ મિનિટ મળવાનું ભાગ્ય મળ્યું હતું ગામને બીજે છેડે આવેલો આ ઇસ્ટ એન્ડ લત્તો એટલે 'સ્લમ્સ'. મોટી નાટકશાળાઓ, આલીશાં મહેલાતો ને કાફેવાળા વેસ્ટ એન્ડની સાથે આ ઈસ્ટ એન્ડનો ગરીબ લત્તો જોઇએ ત્યારે જ ઢાલની બંને બાજુ જોઇ કહેવાય. આપણા દેશ જેવા જ ઓછાં કપડાં વાળાં ગરીબ લોકોને, ચીથરેહાલ લઘરા જેવાં છોકરાંઓને શેરીઓમાં રખડતા જોઇએ ત્યારે જ ખ્યાલ આવે કે આ સંસ્કૃતિનાં મૂળમાં જ કંઈક ખોટું છે. આ સ્થિતિ સુધરવી જોઇએ.

સંસ્કૃતિની બદીઓ તો ઘણી જોવા મળે. પણ બેકારી જોઇએ ત્યારે લાગે કે રશિયાની રીત કદાચ સાચી હશે. બજારમાં કાં તો અપંગ સિપાઇ. કે સીનેમાના ઑરકેસ્ટ્રામાંથી ફારગત થએલાં સંગીતકાર કે વેલ્સના ખાણવાળો ખુદાને નામે ભીખ માગતો મળે એ નવાઇની વાત નથી રહી. આ સંસ્કૃતિ કકડભૂસ કરતી નીચે આવવી જોઇએ. કારણકે મૂડીની અસમાન વહેંચણી કેટલો વખત ચાલશે?

ઓગણીસમીએ લિવરપુલથી આ સ્ટીમરમાં નીકળ્યા છીએ. આવતી કાલે કે પરમ દિવસે બૉસ્ટન પહોંચીશું. અંતુ રાહ જોઇ રહ્યો હશે. આ સ્ટીમરમાં ખૂબ માણસો સાથે ઓળખાણ થાય છે. જીવન તરફની બેપરવાઈ જે આ લોકોમાં છે તે મને બહુ ગમી છે. આબાલવૃદ્ધ સૌ બાલિશ રમતોમાં પણ ખૂબ આનંદ લઇ શકે છે.' —ઉપેન્દ્ર

જ્યૉર્જ સ્મિથ

મેસોપોટેમિયાના પ્રદેશમાં યુફ્રેટિસ અને ટાયગ્રિસ નદીઓનાં પ્રચંડ વહેણે અત્યાર સુધી પૃથ્વીના પેટાળમાં ગોંધાઇ રહેલી દસેક હજાર વર્ષની જૂની સંસ્કૃતિનાં બેનમૂન શહેરોના અવશેષો ખોદી કાઢી દુનિયાને નજર કર્યા છે. એ પ્રદેશમાં ઉત્ખનનનું કાર્ય ચાલતું હતું અને તેને લગતી હકીકતો વખતોવખત વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતી હતી ખોદકામ કરતાં હાથ આવતા અવશેષોનો લંડનના બ્રિટિશ મ્યૂઝિયમમાં સંગ્રહ થતો. અસંખ્ય માણસો એ પ્રાચીન સંસ્કૃતિના અસ્થિ-અવશેષો જોઇ મુગ્ધ થતા ને ચાલ્યા જતા. પણ ત્યાં એક ચૌદ પંદર વરસનો ગરીબ છોકરો રોજ કલાકોના કલાકો સુધી એ અવશેષોનું નિરીક્ષણ અને ચિંતન કરવામાં મગન બની બેસી રહેતો. આ ચબરાક બાળકે મેસોપોટેમિયાના ઉત્ખનનકાર્યના સુપરિન્ટેન્ડેન્ટ સર હેન્રી રૉલિન્સનનું ધ્યાન ખેંચ્યું.

એ છોકરાનું નામ જ્યૉર્જ સ્મિથ. ઈ. સ. ૧૮૪૦માં ક્રેલ્સી ગામના એક લુહારને ત્યાં એ જન્મેલો. આર્થિક સ્થિતિ નબળી હોવાથી પિતાએ ચૌદ વરસના સ્મિથને ખોદકામ કરનારા કોઇ કારીગરને ત્યાં ઉમેદવાર તરીકે રાખ્યો. મૂળથી તે બુદ્ધિમાન હોવાથી મેસોપોટેમિયાના અવશેષોમાં તેને રસ પડવા લાગ્યો. પ્રથમ દૃષ્ટિએ જ સર હેન્રીએ એ બુદ્ધિશાળી બાળકની પ્રતિભા પિછાની લીધી અને એ રઝળતા હીરાને સરાણે ચડાવ્યો. સ્મિથની બુદ્ધિના વિકાસ સારૂ એણે પોતાના ખાનગી અભ્યાસખંડનાં દ્વાર ખુલ્લાં મૂકી દીધાં અને સુમેરી લખાણનો છૂટથી અભ્યાસ કરવાની પરવાનગી આપી. સ્મિથને તો ભાવતું ભોજન મળ્યું. ચોવીસે કલાક એ અભ્યાસમાં રત રહેતો. અને આનું પરિણામ ટૂંક સમયમાં જ આવ્યું. ખંત અને કેવળ સ્વબુદ્ધિએ હજારો વરસના જૂના લખાણની ગુરુચાવી એણે શોધી કાઢી. તેની આ શોધની કદર બૂઝીને ઈ.સ. ૧૮૬૭માં બ્રિટિશ મ્યૂઝિયમનાં આસિરિયન વિભાગના સુપરિન્ટેન્ડેન્ટ તરીકે તેની નિમણૂક કરવામાં આવી.

આ પછી થોડા જ સમયમાં મેસોપોટેમિયાથી સુમેરી વાઙ્મયમાંની મહાપ્રલયની દંતકથા કોતરેલી ઇંટો લંડન મોકલવામાં આવી. આ ઇંટો ઉપરનું લખાણ તેણે અક્ષરશઃ બરોબર વાંચી બતાવ્યું. તેની આવી આશ્ચર્યજનક બુદ્ધિ-પ્રતિભા જોઇ લંડનના 'ડેઇલી ટેલિગ્રફ' વર્તમાનપત્રના એ વખતના સંપાદક વિખ્યાત કવિ સર એડવિન આર્નોલ્ડે પોતાના પત્રના ખરચે તેને સંશોધનકાર્ય માટે મેસોપોટેમિયા મોકલ્યો. ઇ.સ. ૧૮૭૩માં તેણે ત્યાં જઇ અસંખ્ય જૂનાં લખાણો ઉકેલ્યાં. ત્યાર પછી બીજે વરસે તેણે બીજી સફર કરીને ૧૮૭૬માં ત્રીજી વારની સફર કરી પણ આ તેની છેલ્લી સફર હતી. મેસોપોટેમિયાથી પાછા ફરતાં તેને દોષી તાવ લાગુ પડયો અને એ જીવલેણ નીવડયો. છત્રીસ વરસનું ટૂંકું પણ જ્વલંત જીવન જીવી, એલેપ્પો શહેરમાં એનો આત્મા આ દેહ છોડી અનંતના અણઉકલ્યા કોયડા ઉકેલવા ચાલ્યો ગયો. (ચિત્રમય જગત ઉપરથી)

ચારોળી

ચારોળી એ સૂકો મેવો છે. બરફીનાં ચકતાં ઉપર, દૂધપાકમાં, શીખંડ વગેરેમાં તેનો ઉપયોગ થાય છે. તે જુવારના દાણા જેવી, તેનાથી સહેજ મોટી અને બદામી રંગની હોય છે. કેટલીક વખતે મુખવાસ તરીકે પણ તે વપરાય છે. એ ખાવામાં જાણે ઘીની ગોળી વાળેલી હોય તેવી પોચી લાગે છે.

આ ચારોળીનાં તો મોટાંમોટાં ઝાડ થાય છે. ગોધરાથી બેત્રણ માઇલ છેટે તેનાં ઝાડ છે એમ સાંભળેલું. એનાં ફળને 'ચારોળાં' કહે છે. જેમ રાયણ, બોર વગેરે ખવાય તેમ તે પણ ખવાય. ગોધરામાં એ કોઇકોઈવાર વેચાવા આવે છે. એ ચારોળાં પાકે ત્યારે એનો સ્વાદ બહુ મજાનો લાગે છે. કાચાં હોય ત્યારે લીલાં હોય છે. પાકે છે ત્યારે ભુખરો જાંબુડો રંગ થાય છે. બોરની માફક એનો ગર ખવાય છે, પણ એનો ગર ખૂબ પાકેલા જાંબુની માફક નરમ હોય છે એટલે ચૂસીને ખવાય છે. તેનું બી બોરનાં ઠળિયા કરતાં ઘણું સખત-લોખંડનું હોય તેવું સખત હોય છે. તેનાં બી સૂકવી ઘંટીમાં ભરડે છે એટલે તેની ઉપરનાં કોટલાં ફૂટી જઇ અંદરથી ચારોળી નીકળે છે. એવાં બી એકઠાં કરી, તેને ભરડી ભીલ લોકો ચારોળી છૂટી પાડે છે અને બજારમાં લાવી વેચે છે.

(ગુણસુંદરી)

સરદાર વલ્લભભાઈ મહાસભા માટે ફંડ ઉઘરાવા રંગુન ગએલા તે વેળા ચીનાઓની પાસે ટીપ લઈ જતાં તેઓ તેમાં કશું લખતા નહિ. પણ ઘરમાં જઇ યથાશક્તિ ચેક જ લખી લાવીને આપતા. આનું કારણ પૂછતાં એક ચીનાએ ખુલાસો કર્યો કે આ તો ધર્મઋણ કહેવાય. આંકડો ભર્યા પછી તેટલા પૈસા પાસે ન હોય તો જેટલા દિવસ એ આપતાં પડે તેટલા દિવસનું ઋણ જ રહે; અને એ ધર્મઋણનું પાતક અમારામાં આકરામાં આકરૂં છે.

અનેકાર્થી શબ્દ: **ઘરડિયો**=પાકટ વયનો માણસ, વડિલ; તળાતી ચાકને ફેરવવાનું લાકડાનું સાધન; ઘાસ કાપવાનું એક જાતનું નાનું દાતરડું; ધાર કાઢવાનો પથ્થર; સ્લેટ, કાચ વગેરે ઓપદાર સપાટી પર પડેલો લીટો; ગળામાં બોલતો શ્વાસ (ખાસ કરીને મરતા માણસનો.)


કોઈ પણ રકમને તેજ રકમ વડે ગુણો. પછી ગુણાકારને ૩ વડે ભાગો તો શેષ કદી પણ ૨ નહિ આવે ને ૫ વડે ભાગશો તો શેષ કાં તો ૧ વધશે અથવા ૪ વધશે અથવા ભાગ ચાલી જશે; ચોથું વાનું કદી થવાનું નહિ.

(શા.લ.આલગિયા)

સેફ્ટી રેઝરનું પાનું થોડા વપરાશ પછી જરા ઊતરવા આવે ત્યારે તેને ટમ્બ્લર કે એવા ગોળ પેટાળવાળા કાંચના વાસણમાં (આખા, કે ફૂટેલાના ટુકડામાં પણ ચાલે) જરા ભીનું કરી મૂકીને આગળી વતી દબાવી આમતેમ ફેરવીને સજી શકાય છે; અને એ રીતે સજેલું પાનું ફરીથી કામ આપે છે.



પહોળા મોંની શીશીમાં સળગતી દીવાસળી મૂકીને શીશીના મોંમાં ફેંડુ ધરી રાખવાથી તેની છાલ ઉખડી જશે.



૧૧×૧૩ ઇંચના માપના કાગળના કટકાનું ક્ષેત્રમાપ ૧૪૩ ચોરસઇંચ થાય. હવે ઉપલા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એવા ટુકડાને વચ્ચેની કરકરિયાળી લીટી આગળથી કાપી બે કટકા કરો. પછી બંને કટકાના A અને B ખૂણા લીટીથી બતાવ્યા પ્રમાણે એકેક ઇંચ કાપી નાખો ને બંને અરધિયાંને સરકાવી સરખા ચોરસના આકારમાં ગોઠવો. એ ચોરસ ૧૨×૧૨ ઇંચના માપનો થશે જેનું ક્ષેત્રમાપ ૧૪૪ ચોરસઇંચ થવાનું. તમે એક ચોરસઇંચ કાગળ કાપી નાખ્યો, છતાં ક્ષેત્રમાપમાં એક ચોરસઇંચ વધ્યો! નવાઇની વાતને?

નાળિયેરની કાચલીમાંનું કોપરૂં સરળતાથી કાઢવા માટે તેને પાણીમાં થોડો વખત બોળી રાખજો:તરતનીકળી આવશે.

આમલસારો ગંધક, ગુગળ, તજ અને એળિયો બધાંને પાણીમાં ઘસી ચોપડવાથી દાદર મટશે.


'નહિ મામા કરતાં કાણો મામો સારો' એ આપણી પ્રચલિત કહેવતમાં 'કાણો' શબ્દને બદલે ખરીરીતે 'કહેણો' મામો જોઇએ. એનો અર્થ એવો છે કે મામો તદ્દન ન હોય તેના કરતાં કહેણો–કહેવા પુરતો પણ હોય તો સારો.

બર્લિનની થીઆ આલ્બા નામની જર્મન યુવતી એકીસાથે બંને હાથ તથા બંને પગ વડે લખી શકે છે.

દુનિયાભરમાં ઊંચામાં ઊંચી રેલવે પેરૂની સેન્ટ્રલ રેલવે છે. તે ૧૫૮૦૬ ફીટ ઊંચે બાંધેલી છે અને તેના ૧૫૦ માઇલના ગાળામાં ૬૧ પુલ અને ૬૭ ટનલો (ભોગદા) આવે છે.



કયૂબા ટાપુમાં હાવાના યૂનિવર્સિટીમાંથી આ મહેરબાને ૧૯૩૦ના એપ્રિલની પહેલી તારીખે ૮૫ વર્ષની ઉમરે સિવિલ લૉના ડૉકટરની પદવી લીધી. વિદ્વાને કદી વયનાં બંધન નડતાં નથી.



સર સી.વી. રામનને મળેલા નોબેલ પ્રાઇઝનો ચંદ્રક, જેની એક તરફ આલ્ફ્રેડ નોબેલ ને બીજી તરફ રામનનાં ચિત્રો ઉચિત લખાણો સાથે ઉપસાવેલાં છે.